પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

માર્ચ ૧૯૯૧ • સળંગ અંક ૭૫૮

સંસ્થાપક
રવિશંકર રાવળ


આદ્યતંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક



કીર અને કેસૂડાં (છબી • વિજય દલાલ • કવિલોકના સૌજન્યથી)



ઇંગ્લૅન્ડના મહાકવિ મિલ્ટનના મહાકાવ્ય 'પૅરડાઇઝ લૉસ્ટ'ના ચતુર્થ સર્ગમાં દિવસભરના શ્રમ બાદ આદમ અને ઈવ સપ્તર્ષિ, ચંદ્ર અને તારાખચિત નભોમંડળ નીચે ઈદન ઉદ્યાનમાં શ્રમક્લાન્તિને હરવા સંવનન-મુદ્રામાં ચિત્રિત છે. ઉપર વાયુમંડળમાં સર્પથી વીંટળાએલો સેતાન આ નિર્દોશ દંપતી પર વિષભરી નજર ઠેરવી રહ્યો છે, તેમને પાપાભિમુખ કરવા. આ પ્રસંગને કવિ વિલિયમ બ્લેઈકે આ જળરંગી ચિત્રમાં મૂળ ભાવ-ભાવાર્થને ઉપસાવી રહે તે રીતે આલેખ્યો છે, જેમાં કલાસૌંદર્ય અને કલાસંયમ સુપેરે પ્રકટ થવા પામ્યાં છે.

વિરહિણી

ચૈતર ચંપો મ્હોરિયો, ને મ્હોરી આંબાડાળ,
મઘમઘ મ્હોર્યા મોગરા, મેં ગૂંથી ફૂલનમાળા.
જૂઈ ઝળૂંબી માંડવે, ને બાગે બાગે ફૂલ,
તું ક્યાં છો વેરી વાલમા? મને મૂકી અંતરિયાળ!
આ ચૈતર જેવી ચાંદની, ને માણ્યા જેવી રાત,
ગામતરાં તને શેં ગમે? તું પાછો વળ ગુજરાત.
કોયલ કૂંજે કુંજમાં, ને રેલે પંચમ સૂર,
વાગે વન વન વાંસળી, મારું પલ પલ વીંધે ઉર.
અવળું ઓઢ્યું ઓઢણું ને મારા છુટ્ટા ઊડે કેશ,
શું કહું નિર્દય કંથડા! મને વાગે મારગ ઠેસ.
જોબનને આ ધૂપિયે, પ્રીત જલે લોબાન
રત આવી રળિયામણી, મારાં કોણ પ્રીછે અરમાન?
સમજી જાજે. સાનમાં, મન બાંધી લેજે તોલ,
હોય ઇશારા હેતના, એનાં ન કંઈ વગડે ઢોલ!
નારી ઉર આળું ઘણું, બરડ કાચની જાત,
તું જન્મ્યો નરને ખોળિયે, તને કેમ સમજાવું વાત?
બ્રહ્મા! ભારી ભૂલ કરી તેં સરજી નારી ઉર,
ઉરને દીધો નેહ ને વળી નેહને દીધો દ્રોહ!

બાલમુકુન્દ દવે

"Those (in charity) spend off
their goods by night and by day,
in secret and in public have
their rewards with their Lord.
On them shall be no fear,
nor shall they grieve,'

(The Holy Quran)
-Ayat 274th Suratul Baqarah

'કુમાર' **કુમાર** વર્ષ ચોસઠમું

માર્ચ ૧૯૯૧ · સળંગ અંક ૭૫૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, (ફોન. નં. ૩૪ ૩૭ ૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે

'કુમાર' અંક ૭૫૭ માં ડૉ. સુશ્રુત પટેલનો લેખ 'તમે પૂરતું પાણી પીઓ છો, ખરા?' ખૂબ જ ઉપયોગી છે. એમાં જણાવ્યા પ્રમાણે ૮૦ કિલો વજન ધરાવનારે ૮ થી ૧૦ પ્યાલા પાણી પીવું જોઈએ; પરંતુ જો વજન ૬૦ થી ૬૫ કિલો હોય તો કેટલું પાણી પીવું જોઈએ?

- કે. ડી. પરીખ (અમદાવાદ)

(આપણા જેવા ઉષ્ણ પ્રદેશમાં ૬૦ થી ૬૫ કિલો વજન ધરાવનારે પણ એટલું જ પાણી પીવું જોઈએ. અલબત્ત, ઉનાળાને કારણે ઠંડાં પીણાં ઉપરાંત આટલું પાણી પીવું જોઈએ.)

- ડૉ. સુશ્રુત પટેલ

¤

'કુમાર' માં તેનાં નવાં પ્રકાશનોની જાહેરાત વાંચી આનંદ થયો. યોગ્ય સહકાર મળી રહેશે. કાવ્યોની સાથે તેનાં ટૂંકાં અવલોકન-આસ્વાદ પણ પ્રકટ કરશો. નવા સર્જાતા સાહિત્ય પ્રકાર વિશે કોઈ નવો વિભાગ શરૂ કરો તો સારું થાય. 'કુમાર' અંક ૭૫૪ માં 'ભારત-રત્ન' વિશેનો માહિતીપ્રદ લેખ ખૂબ ગમ્યો. 'કુમાર'માં આવતાં પુસ્તકપરિચય તથા લઘુકથાના સંગ્રહો પણ પ્રકટ કરશો તો ગમશે. પ્રતિ અંકે 'કુમાર'ની પ્રતિભામાં વૃદ્ધિ થતી રહે છે. લાલજીભાઈ ગોર (ભુજ-કચ્છ)

'કુમાર'ના અંકો નવેસરથી પ્રકટ થયેલા જોઈને મન મહોરી ઊઠ્યું. કિશોરવયથી મારા જેવા અનેકોનાં વિચાર-વ્યવહાર, આદર્શો, શિક્ષણ દૃષ્ટિનું ઘડતર 'કુમાર' દ્વારા થયેલું એનો ઋણ-સ્વીકાર કરવો ઘટે છે. સ્વાતંત્ર્ય પછી યુવક યુવતીઓના સાત્ત્વિક વિચારોના સંમાર્જન-પોષણ માટે 'કુમાર' સાચા અર્થમાં 'આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક' બની રહે એમ છે. ટિકિટસંગ્રહ, છબીકલા વગેરે વિભાગો પણ આપ ક્રમેક્રમે શરૂ કરશો એવી આશા છે.

પ્રા. મોહનભાઈ જાની (અમદાવાદ)

¤

ઢગલાબંધ સામયિકોના પાશ્ચાત્ય સંગીતમાં ખોવાઈ ગયેલ ભારતીય સૂરાવલિ જેવું 'કુમાર' ભુલાઈ જાય તે પહેલાં ફરી શરૂ કરી મોટું કામ કર્યું છે. આરંભ સ્થિર પગલે થતો દેખાય છે. નવાં પ્રકાશનોની જાહેરાતથી રાજી થયાં! 'જીવનચરિત્રો'નું ચયન થશે તે તો મારે મન મોટી ખુશીની વાત હશે. - આનંદ સેતા, સંપાદક 'વિદ્યાર્થી' (ઉંબરી, જૂનાગઢ)

¤

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવા માટેની અપીલનો બહોળો પ્રચાર થઈ શકે એ હેતુથી એ લખાણ અલગ છાપીને દરેક અંકમાં બેપાંચ નકલો હાલના ગ્રાહકોને મોકલો તો અમે સહુ અમારી જાણ-પહેચાન મુજબ પ્રયત્ન કરી શકીએ. નવી પેઢીને રસ પડે તેવાં લખાણોની ઊણપ જણાય છે. ટીવી. કે વિડીઓને અસ્પૃશ્ય તો ગણતા નથી ને? - હંસ ભારતી (સુલુરપેટા)

(સૂચન બદલ આભાર. તમારા પ્રશ્નનો જવાબ આ અંકમાંથી મળી રહેશે. - તંત્રી)

¤

રદીફ - કાફિયા અને ગઝલનો છંદોલય હોય તેને ગઝલ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ, એ તો ગઝલનાં બાહ્ય લક્ષણો છે. કૃતિ એના અંતસ્તત્ત્વથી જ બને. બે હાથપગ તથા ધડમાથું અને ઊભા રહેવાની શક્તિ હોય તેને માણસ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ, એ તો માણસનાં બાહ્ય લક્ષણો છે. માણસ એના અંતસ્તત્ત્વથી જ બને!

શું બાહ્ય લક્ષણો, અંતસ્તત્ત્વના વિરોધી છે? શું અંતસ્તત્ત્વ બાહ્ય લક્ષણો વિના અભિવ્યક્ત થઈ શકે? ગઝલ ઉપર શોધનિબંધ લખી ચૂકેલાઓને જિજ્ઞાસા સંતોષવા પત્ર લખવાનું ન કહી શકીએ? (જરૂર કહી શકીએ .- તંત્રી)

- નરોત્તમ પલાણ (પોરબંદર)

¤

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતેથી તાજેતરમાં બસસ્ટેશનની બરાબર બાજુમાંથી મકાનના પાયાનું ખોદકામ કરતાં એક વધુ કલાત્મક મૂર્તિ મળી આવી છે, જેનું ચિત્ર અહીં આપ્યું છે.

આશરે સાડા ત્રણ ફુટ પહોળી અને બે ફુટ લાંબી આ મૂર્તિને સપ્તમાતૃકા તરીકે ઓળખવામાં આવી છે. આ શિલ્પમાં કોઈ એક દેવીની મૂર્તિ નથી, પણ એકસાથે સાત દેવીઓનો સંગમ છે. સ્લેટ જેવા ભૂખરા પથ્થર પર કંડારાયેલી આ મૂર્તિઓ પૂરેપૂરી અક્ષત રહી શકી નથી. આમાંની બે મૂર્તિ સહેજ ખંડિત થયેલી છે.

સાતેય દેવીઓ અલગ અલગ ભંગિઓમાં તથા અલગ અલગ મુખમુદ્રામાં દૃશ્યમાન છે, કોઈનું મુખ ચિંતનશીલ છે તો કોઈનું વાત્સલ્યસભર. નિષ્ણાતોના માનવા મુજબ આ શિલ્પ ૧૪૦૦ વર્ષ પુરાણું છે. સપ્તમાતૃકાઓની પૂજા લગભગ છઠ્ઠા દાયકાથી અગિયારમા દાયકા સુધી ચાલતી હતી. એ પરથી આ શિલ્પની અવધિ નક્કી કરવામાં આવી છે. આ દેવીઓને તેમનાં વાહનોને આધારે અનુક્રમે બ્રહ્માણી, વૈષ્ણવી, મહેશ્વરી, કૌમારી, વારાહી, ઇન્દ્રાણી તથા ચામુંડા તરીકે ઓળખાવાઈ છે. સાતેય માતૃકાઓના કેશકલાપ અલગ અલગ ગૂંથેલા છે, તેમાં વચ્ચે સુવર્ણજડિત પટ બાંધેલો છે. કાનમાં કુંડળ તો હાથમાં કમંડળ સોહાય છે. -ભરત સોલંકી



અરણ્યો ઢૂંઢે/ભાનુપ્રસાદ પંડ્યા

(શિખરિણી - સૉનેટ)

હતા એ વાસંતી પ્રહર - વનવાસી રઘુપતિ
પ્રભાતે સીતાને લઈ પરવરે દંડક વને.
લહી રંગે છાંટી પવનચીતરી તીતલી કશી
ધસે મુગ્ધા, દોડે મૃગતનુની વાંસે ઘડીઘડી,
વળી પૂછે પુષ્પો તણી ખબર સાહી, ઝરણમાં
ઝબોળે ધૂળેટાં ચરણ, પતિનો હાથ પકડી
ચડે ચટ્ટાનોની ઉપર; શિશુ-શી કૌતુકલીલા
સિયાની ન્યાળીને તિરછું હસતા રામદૃગથી!
પછી બેસે કાન્તા નદીતટ શિલાપે શ્રમિત થૈ,
નિહાળ્યું કંથે કે કુમકુમ તણી ભાલ ટીલડી
વિલાતી પ્રસ્વેદે પીગળી!- પથરો લાલ ઘસીને
સ્વહસ્તે સીતાને ટીલડી કરતા રામ નમીને!
અને ચારે નેત્રો સમીપ નમણું જે હસી પડ્યાં -
અરણ્યો ઢૂંઢે- એ ફરીથી નજરે ના કદી ચડ્યાં!

સવારનું સોનું/રમેશ પારેખ

(ગાન)

સવારનું સાચેરું સોનું ઝળહળ ઝળહળ ડોલે રે
શિયાળો ખેતરમાં કાચા ઘઉંની ભાષા બોલે રે
છાંયે બેઠાં ઝાડ પોરહાતાં પોતે પહેરેલાં ઝગમગતાં પહેરણમાં
ઢેફામાંથી ડોક કાઢતું નાગુંપૂગું તરણું ઝીણી ગભરામણમાં!
ઊભે મારગ ઘંટડીઓનું ઘેન વીણતા અલેલટપ્પુ
ચીલાઓ ખેતરનો ઝાંપો ખોલે રે...
કુંજડીઓની કલબલતી વૈજંયતીમાલા ભમે આભમાં કોને વરવા?
ડૂંડીએ ડૂંડીએ ખેતર રઘવાયું રઘવાયું ઊઘલતું કોનું સામૈયું કરવા?
ગળપણ વીણતી કીડી જેવો સૂરજ કામઠો ઢેફેઢેફે
વેરાયેલું અંધારું કરકોલે રે...

પ્રશ્નો ન કર/હર્ષદ ત્રિવેદી

(ગઝલ)

કોણ કોનાથી વધારે હોય છે? પ્રશ્નો ન કર,
એક પલ્લું રોજ ભારે હોય છે, પ્રશ્નો ન કર.

પગ તળેનું પાટિયું પળપળ સરકતું જાય છે,
કે સલામત જીવ ક્યારે હોય છે? પ્રશ્નો ન કર.

રાત આખી સાદડી વણવામાં વીતી જાય પણ,
તાર છુટ્ટા કાં સવારે હોય છે? પ્રશ્નો ન કર.

તું ઝડપથી આપ કોઈ શાપ જેથી ઓગળું,
માગવાનું કેમ મારે હોય છે? પ્રશ્નો ન કર.

ઝલમલ ઝલમલ હથેળીઓમાં/ઉષા ઉપાધ્યાય

(ગાન)

અમને એવી ટેવ મળે જ્યાં ફૂલ કે ઝીલી
લટમાં ગૂંથી લઈએ,
તમને કેવી ટેવ સજનવા સજે ફૂલ ત્યાં
પથ્થર ઝીંકી દઈએ!

ગોફણ તોળી પથ્થર વીંઝો પહાડ ઝીંકો
ધોખો ન્હોય સજનવા,
લટે ગૂંથાયું ફૂલ હવે ના ખરશે, રીઝો-
ખીજો ચ્હાય સજનવા!

ફૂલનાં છલછલ છલકે રૂપ ને ઊમટે
શમણાં ગાંડાતૂર,
કે ઊઘડે ભોગળભીડ્યાં દ્વાર ને ઊછળે
દશે દિશાનાં પૂર!

પછી તો અલ્લક-મલ્લક સરતી તરતી
જાઉં, તણાતી જાઉં.
કોઈની ઝલમલ ઝલમલ હથેળીઓમાં સાવ ઝિલાતી જાઉં!

સજનવા નૈન મિલાવી આજ,
કહી દો સોય ઝાટકી સાવ નથી હું પૂર
જે ઊમટ્યું આમ,
કહી દો ફેંક્યા પથ્થર ભેળું પથ્થર ઉર
હવે મુજ સાવ!

'લાવ તું'/યોગેશ પંડ્યા

(ગઝલ)

સાવ સૂની શેરીઓમાં આવ તું
યાદનાં લીલાં સવાલો લાવ તું.

સૂર્ય જો શાયદ ઢળે આ બારણે;
ચંદ્રને બસ કાંખ તેડી લાવ તું.

સ્પર્શવું પારેવડાંને યુગ થકી
આંખમાં ભોળી જબાનો લાવ તું.

આ ચડ્યો ઘનઘોર મેઘો, સાંજનો-
આંખમાં આંજણ ઉગાડી લાવ તું.

મેં પ્રવાહી જામને પીધા કર્યો.
હોઠને તરસ્યા કરીને લાવ તું.



પુષ્પાબહેન મહેતા

કિશોરવયથી ઉદારદિલ વલણ પ્રકટાવનાર, પિતા તરફથી ગળથૂથીમાં સંસ્કાર, સાહસ, સાલસતા, સૌહાર્દ અને સમુદારતાનો વારસો પ્રાપ્ત કરનાર, અકાળે વૈધવ્યને કારણે મહિલાઓનાં હમદર્દી બની એમના સવાલો અને સમસ્યાઓને સુલજાવનાર, દેશપ્રેમી અને માનવપ્રેમી મહાન મહિલા કાર્યકર અને ગુજરાતનાં નારીરત્ન. . .

· સુસ્મિતા મ્હેડ

એક દિવસનો આ પ્રસંગ છે. સૌરાષ્ટ્રના છેક છેવાડાના પ્રભાસપાટણ ગામની કન્યાશાળામાં પરીક્ષાનું પરિણામ જાહેર થયું. નાનકડી દસેક વર્ષની એક કન્યાને ચોથા ધોરણમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થવા બદલ ઈનામ મળ્યું. હરખાતી હરખાતી એ કન્યા ઘેર જવા નીકળી. ત્યાં રસ્તામાં પોતાના જ વર્ગની એક છોકરીને એણે રડતી જોઈ. એણે પૂછ્યું : 'કેમ રડે છે?'

'મને ઈનામ ન મળ્યું.' પેલી છોકરીએ રડતાં રડતાં ઉત્તર આપ્યો. 'લે, તું આ ઈનામ લઈ જા. રડીશ નહિ.' કહી પેલી કન્યાએ પોતાને મળેલું ઈનામ રડતી છોકરીને આપી દીધું. ઘેર પહોંચીને એણે પોતાની માતાને આ વાત કરી. માએ દીકરીની વાત સાંભળીને નિરાંતનો દમ લીધો: 'હાશ, દીકરી ઉદાર દિલની થશે.' અને પછી દીકરીને કહ્યું: 'સારું કર્યું બેટા!'

આવી ઉદારદિલ કન્યા તે જ પુષ્પાબહેન મહેતા. એમનો જન્મ ૧૯૦૫ના માર્ચની ૨૧મી તારીખે પિતા હરપ્રસાદ દેસાઈને ત્યાં થયેલો. પિતા હરપ્રસાદ ઉદયશંકર દેસાઈ ઘોડેસવારીમાં પારંગત હતા. વળી, તેઓ પરાક્રમ, સાહસ, ઔદાર્ય અને વીરતાની મૂર્તિ સમા હતા. નાગર જ્ઞાતિમાં સહજ એવો સાહિત્યશોખ, સંગીતપ્રેમ, નાટ્યલેખન અને અભિનયકલા તેમના વ્યક્તિત્વનું બીજું પાસું. સંસ્કૃત અને ફારસીના તેઓ પ્રખર અભ્યાસી હતા. પછીથી ખપજોગું અંગ્રેજી પણ એમણે શીખી લીધું હતું.

એક વખતનો ખૂંખાર બહારવટિયો કાદુ મકરાણી તેમનો દોસ્ત થાય. પરંતુ કાદુ મકરાણીને પકડવાનો સરકારી હુકમ નીકળ્યો ત્યારે હરપ્રસાદ દેસાઈ સિવાય પોલીસખાતાના કોઈ અધિકારીની હિંમત નહોતી કે કાદુને પકડી શકે! બંદૂકના અચૂક નિશાનબાજ હરપ્રસાદ દેસાઈએ પૂરી કર્તવ્યનિષ્ઠા અદા કરી અને કરાચીમાંથી કાદુ મકરાણીને પકડી પાડ્યો. કાદુને ફાંસીની સજા થઈ! એક મિત્ર તરીકે એને ફાંસી પૂર્વે હરપ્રસાદભાઈએ કુરાનના કલમા પઢાવ્યા.

સરકારી અધિકારી તરીકે હરપ્રસાદ દેસાઈએ જંગલખાતું અને ન્યાયખાતું બંને સંભાળ્યાં હતાં. સાસણ, ગિરનાં જંગલો વગેરેમાં ઘૂમવાનું અને નિવાસ કરવાનું પણ તેમને થતું. એક વખતે વેરાવળના એક વેપારીની લેણી રકમ પ્રાંશલી ગામનો એક મેમણ ચૂકવી ના શક્યો ત્યારે અમલદાર તરીકે હરપ્રસાદભાઈને તે વસૂલ કરવા જવાનું થયું. રાતે સરકારી ઉતારામાં એ સૂતા હતા ત્યારે નીરવ શાંતિમાં બાજુમાંથી જ એ મેમણના ઉદ્ગારો એમના કાને પડ્યા : 'ઉદયશંકર દેસાઈનો દીકરો મારા રાંકનો માળો ચૂંથી છોકરાંને ઘરની બહાર કાઢશે! કળિયુગ તે આનું નામ.'

બીજે દિવસે પોતાના ગજવામાંથી એની લેણી રકમના પૈસા ચૂકવી એને ઉતારે બોલાવી પહોંચ આપી દેવામુક્ત કર્યો. વળી, એ જમાનામાં દયાનંદ સરસ્વતીની વિચારધારાથી રંગાઈને રૂઢિમુક્ત, સ્વતંત્ર વિચારક બન્યા. પુષ્પાબહેન આ સાહસિકતા અને ઉદારતા ગળથૂથીમાં



← પુષ્પાબહેનના પિતા · હરપ્રસાદ દેસાઈ
નીચે
પુષ્પાબહેનનાં માતા · હેતુબહેન



પામ્યાં. તેથી જ તેઓ જણાવે છે ક અમારે ત્યાં સંત, સાધુ, અભ્યાગતોનો આદર થતો પણ માનવધર્મને વધારે મહત્ત્વ આપવાનું બીજ બાળપણથી મારા મનમાં રોપાઈ ગયું. ઘોડેસવારી અને રાઈફલની તાલીમ પણ આ શૂરવીર પિતાએ તેમને આપી હતી. ભૂતનો ડર દૂર કરવા અડધી રાતે આંગળી પકડી સ્મશાનમાં લઈ ગયા હતા.

તેમનાં માતા હેતુબહેન હંમેશાં દીનદુઃખિયાંને મદદ કરવા તત્પર રહેતાં. સાહસિક અને હિંમતવાળા પણ ખરાં. સાસણનાં જંગલોમાં પતિ સાથે ફરવાનું થતાં એમના નિવાસે સંતાનના ઘોડિયા ઉપર ઝળૂંબેલા દીપડાને એકલે હાથે બહાર કાઢ્યો હતો અને એક લૂંટારુને ઓરડામાં પૂરી બૂમાબૂમ કરી પકડાવ્યો હતો. છતાં તેમનાં વ્યક્તિત્વનું ધ્યાનાર્હ લક્ષણ હૃદયની અપાર કરુણા હતી. દુકાળના કારમા દિવસોમાં સવારના પાંચ વાગ્યાથી બાર વાગ્યા સુધી ઘડાય એટલા રોટલા ઘડી છાશની દોણી સાથે દુકાળપીડિતોને મોકલાવ્યા પછી જ જમવાનું તેમણે નીમ લીધું હતું. આની સાથે ગીતો ગાવાનો, વાચનનો, ભરતગૂંથણનો શોખ હતો, એટલે બપોરે દેસાઈની ડહેલીમાં જ નાનકડું મહિલામંડળ જમાવી દીધું હતું. પ્રભાસપાટણના રૂઢિચુસ્ત સોમપુરા બ્રાહ્મણની કેટલીય વહુવારુઓ કુટુંબક્લેશના કારણે આંસુ સારતી તેમની પાસે આવતી. હેતુબહેન તેનાં કુટુંબનીજનો પાસે પહોંચી સમાધાન કરાવતાં. જાગીરદારનાં પત્ની તરીકે ગામલોકો તેમનો મોભો જાળવવાય વહુને દુઃખ આપતાં અચકાતાં. પડોશની એક વિધવાને કોઈ સહારો ન હોવાથી તેને હિંમત આપી જૂનાગઢ નર્સિંગની તાલીમ લેવા મોકલી, પગભર બનાવી તેના નાના દીકરા અને વૃદ્ધ પિતાનો સહારો બનાવી.

એક વખત કુટુંબક્લેશથી કંટાળી એક યુવતી એમની પાસે આવી. તેને સમજાવી તેને ઘેર પાછી મોકલી. તે રડતાં રડતાં બોલી: 'મામી! મને મારી નાંખશે, મને તમારી પાસે જ રાખો.' છતાં તેમણે તેનાં વડીલોને સમજાવી તેને ઘેર જ મોકલી ત્યારે નાનકડી પુષ્પા બોલી ઊઠી :

'બેના, આપણાં ઘરમાં આટલી બધી જગા છે તો એને અહીં કેમ ના રાખી? એને મારશે તો?'

'પુષ્પા! એને ઘરમાં તો ન રાખી શકું. એને માટે જુદું ઘર જોઈએ. તું મોટી થા અને ગજું હોય તો તું એવું ઘર બનાવજે.'

અને આમ નાનપણમાં જ આજના પ્રસિદ્ધ 'વિકાસગૃહ' જેવા કોઈ 'નિવાસી આશ્રયસ્થાન બનાવવાનાં બીજ અજ્ઞાતપણે એમની મનોભૂમિમાં વવાઈ ગયાં.

પ્રભાસપાટણમાં પ્રાથમિક શિક્ષણ પછી હાઈ સ્કૂલના શિક્ષણ માટે કન્યાશાળાની સગવડ નહોતી. મોટાભાઈ કોલેજમાં મુંબઈ અને



શિશુવયે . પારણામાં પુષ્પાબહેન

વચેટભાઈ તથા નાનોભાઈ પ્રભાસપાટણની હાઈ સ્કૂલમાં ભણતા. પરંતુ કન્યાશાળાના અભાવે પુષ્પાનું શિક્ષણ અટક્યું. છતાં માતાપિતાએ શિક્ષક રાખીને મેટ્રિક સુધીનું શિક્ષણ ઘેર બેઠે અપાવ્યું. ઘરની લાયબ્રેરી અને મોટાભાઈના મિત્રોના ઘરમાં જ ચાલતા સાહિત્ય-મંડળથી પણ તેમનું વાચન, લેખન અને વકતૃત્વશક્તિ વિકસ્યાં.

તે જમાના પ્રમાણે ૧૯૧૯માં માત્ર પંદર વર્ષની વયે તેમનાં લગ્ન ભાવનગરના જનાર્દનરાય મહેતા સાથે થયાં. તેઓ કલેક્ટરના ચિટનીસ હતા. પુષ્પાબહેન તેમનાં ત્રીજવારનાં પત્ની હોવાથી એક સાવકો દીકરો પણ હતો. જનાર્દનરાયને શિક્ષણનો શોખ હોવાથી તેમણે સરકારી નોકરી છોડી શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો. પુષ્પાબહેનની આગળ ભણવાની મહત્ત્વાકાંક્ષા, ધગશ અને તીવ્ર બુદ્ધિ જોઈ તેમણે વડોદરાની મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલમાંથી મેટ્રિકની એક્સટર્નલ પરીક્ષા અપાવી. ૧૯૨૨માં તેમનું એક જ સંતાન ઉષાનો જન્મ થયો. શિક્ષણપ્રેમી પતિ સાથેનું તેમનું સુખી દાંપત્યજીવન વિધાતાને મંજૂર નહતું. જીવલેણ માંદગીમાં જનાર્દનરાયનો અંત નજીક આવ્યો. તેમને અમદાવાદમાં સિવિલ સર્જન અને પુષ્પાબહેનના મામા ડૉ. છાયાની સારવાર હેઠળ રાખ્યા. પણ કોઈની કારી ફાવી નહિ. અંતકાળે જનાર્દનરાયે પોતાની ઇચ્છા જણાવી કે, 'આ માર્ચમાં (તેમના અવસાન પછી ત્રણ જ માસે) પુષ્પાને ઇન્ટરની પરીક્ષા આપવા દેજો.'

આમ, માત્ર છવ્વીસ જ વર્ષની વયે નવ વર્ષની દીકરી અને ચૌદવર્ષના ઓરમાન દીકરાની વિધવા પુષ્પાબહેનને માથે જવાબદારી આવી પડી. દીકરાને બોર્ડિંગમાં મૂકી દીકરીને સાથે રાખી સાસરિયાં-પિયરિયાંની ઇચ્છાની અવગણના કરી મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલની બોર્ડિંગમાંથી ઇન્ટરની પરીક્ષા આપી.

અમદાવાદમાં ભદ્રમાં ગણેશબારી પાસે મકાન રાખી ટ્યુશન કરીને તેઓ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીનાં પી.એ. (આજનું એમ.એ.) થયાં. તેવામાં જ શરૂ થયેલી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈ સ્કૂલમાં ૧૯૩૪માં શિક્ષિકા થયાં.

૧૯૩૦ની આસપાસનો સમય એટલે ભારતભરમાં વ્યાપેલો સ્વાતંત્ર્યસંગ્રામનો નાદ. કેટલાંય સ્ત્રી-પુરુષોએ લાઠીમાર, બ્રિટિશ સરકારનાં દમનો અને કારાવાસ વેઠ્યાં. આવી સ્વાતંત્ર્યસેનાની મહિલા તરીકે મૃદુલા સારાભાઈ તરવરાટ અને જોમવાળી અગ્રણી યુવતી. માભોમના પોકારે ઘરની ચાર દીવાલ છોડી કેટલીય શિક્ષિત, અશિક્ષિત અને અર્ધશિક્ષિત નારી સ્વાતંત્ર્યસંગ્રામાર્થે બહાર આવી. ગોળમેજી પરિષદ પછી લડત ધીમી પડી. જેલમાં રહ્યે રહ્યે મૃદુલાબહેનને વિચાર આવે કે આ બહાર આવેલી બહેનો માટે કશુંક કરવું જોઈએ. ધનુષમાંથી છૂટેલા તીરને પાછું ભાથાભેગું કરવાને બદલે નિશાને પહોંચાડવું જ જોઈએ. સાથી મહિલાઓ સાથે ચર્ચા કરી. બહાર રહેલાંઓને પત્રો લખ્યાં. બાપુનું માર્ગદર્શન માગ્યું. સહુના સહકારથી અને બાપુના આશીર્વાદ સાથે ૧૯૩૪ના એપ્રિલની ૨૫મી તારીખે ખાડિયામાં જ્યોતિસંઘની સ્થાપના કરી. અનૌપચારિક શિક્ષણ, સીવણ, ભરત, ઘરગથ્થુ ઉપયોગી ચીજોનાં વેચાણ વગેરેથી બપોરે ઘેર નવરી બેઠેલી સ્ત્રીઓને જ્યોતિસંઘમાં તાલીમ મળતી. એનું નેમ હતું સ્વતંત્ર રાષ્ટ્ર માટે ભારતની વસતીના પચાસ ટકા એવી બહેનોને એક વ્યક્તિ તરીકે, સક્રિય નાગરિક તરીકે અને સ્વમાનભેર પગભર રહી શકે એવું તેઓનું ઘડતર કરવાનું.

પુષ્પાબહેને ઊભું કરેલું વિકાસગૃહ (અમદાવાદ)



પુષ્પાબહેનના મામાના દીકરા પ્રતાપરાય છાયા મૃદુલાબહેનના લડતના સાથીદાર. તેમણે પુષ્પાબહેનનો મૃદુલાબહેન સાથે પરિચય કરાવ્યો. પુષ્પાબહેને શિક્ષણનો વ્યવસાય તો સ્વીકાર્યો, પરંતુ નાનપણથી કંઈક બહેનોને સમાજને ઉપયોગી થવાનું એક સ્વપ્ન હતું તે સાકાર કેવી રીતે કરવું એની મનમાં અવઢવ હતી જ . મૃદુલાબહેને તેમને જ્યોતિસંઘમાં કાર્યકર તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. બે-ત્રણ દિવસ સંસ્થાનો પ્રત્યક્ષ પરિચય મેળવ્યો. કામ તો પોતાનાં સ્વપ્નોને સાકાર કરે તેવું હતું. દીકરો, દીકરી અને નમાયી ભત્રીજીની જવાબદારી હતી. સંઘમાં જોડાવું એ આમ તો ખોટનો વેપલો હતો. મનમાં ગડમથલ ચાલી અને અંતર્યામીને આધારે શાળામાં છએક માસમાં રાજીનામું આપી, આત્માના અવાજને અનુસરી જ્યોતિસંઘ સંસ્થાનું મંત્રીપદ સ્વીકાર્યું.

બહેનોના આત્મગૌરવને જગાડવામાં તે જમાનાની રૂઢિઓ સામે બંડ જગાવવાનું હતું. અસહાય કે દબાયેલી ચંપાયેલી રહેવાને બદલે માથું ઊંચકવાનું હતું. સ્વાતંત્ર્ય-સંગ્રામ નિમિત્તે સંપર્કમાં આવેલા યુવાન યુવતીઓને જ્ઞાતિભેદ મિટાવી લગ્નગ્રંથિથી જોડાવું હતું. આમ કરવા જતાં કુટુંબમાંથી બંડખોર બહેનોને જાકારો મળવા લાગ્યો. શરૂશરૂમાં મૃદુલાબહેને પોતાને ઘેર આવી બહેનોને રાખી. પુષ્પાબહેને પણ પોતાને ઘેર રાખી.. પણ આમ ક્યાં સુધી નભે?

સખી સજ્જનોની દાનપ્રિયતા, હૈયાની હામ અને કાંડાના બળે બહેનો અને અનાથ બાળકો માટેની 'વિકાસગૃહ' નામની એક નિવાસી સંસ્થા ૧૯૩૭માં અમદાવાદમાં સૌરાષ્ટ્ર સોસાયટીમાં એક મકાન ભાડે રાખી શરૂ કરી. સહુના સથવારે તેના પોતાના મકાનનું ઉદ્‌ઘાટન ૧૯૫૪ના નવેમ્બરની ૧૪મીએ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હસ્તે થયું. જ્યોતિસંઘમાં આ બહેનો તાલીમ લેવા આવે અને સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહે. પુષ્પાબહેન પણ બાજુમાં મકાન રાખી ત્યાં રહેવા ગયાં. મૃદુલાબહેન ગળાડૂબ રાજકારણમાં પડેલાં. ૧૯૪૨માં પણ લડતમાં જોડાયાં. ૧૯૪૬માં બાપુ સાથે બિહારયાત્રામાં ગયાં. પછી તો ભાગલાને કારણે બંને દેશોની બહેનોએ જે માનવ બર્બરતાનો અનુભવ કર્યો તેના કામમાં જ એ પડી ગયાં.

વિકાસગૃહ શરૂ થયું ત્યારથી જ મૃદુલાબહેન અને પુષ્પાબહેન વચ્ચે એ સમજ હતી કે એની સંપૂર્ણ જવાબદારી પુષ્પાબહેન સંભાળી લે. મનથી અને ધનથી મૃદુલાબહેન આજીવન એમનાં સાથી રહ્યાં. જેમ જેમ વિકાસગૃહમાં બહેનોની સંખ્યા વધતી ચાલી તેમ તેમ જ્યોતિસંઘથી એને જુદું પાડી ત્યાં જ શિક્ષણની અને ઉદ્યોગતાલીમની વ્યવસ્થા કરવાની જરૂર ઊભી થઈ. ઘણાં ગુંડાતત્ત્વો પાસેથી બાળાઓને છોડાવી લાવતાં તેથી એવા અસામાજિક તત્ત્વોનો સામનો પણ વિકાસગૃહનાં સંચાલકે કરવો પડતો. ૧૯૪૨માં આ જવાબદારીને કારણે પુષ્પાબહેન સીધા લડતમાં ન જોડાયાં. છતાં બહારથી થતી કામગીરીમાં સક્રિય હોવાથી એક સવારે એક મુસ્લિમ પોલીસ અમલદાર તેમની ગિરફતારીનું વૉરંટ લઈને વિકાસગૃહમાં આવ્યા. પુષ્પાબહેન નાની નાની બાળાઓથી વીંટળાયેલાં હતાં. એકનું માથું હોળતાં હતાં. આ દૃશ્ય જોઈ પેલા પોલીસ અફસરનું હૈયું દ્રવી ઊઠ્યું. કહે : 'અગર મૈં આપકો ગિરફતાર કરું તો યે યતિમ બચ્ચિયોંકા ક્યા હોગા? મૈં અપની નૌકરી ગંવાનેકા સાહસ કરકે ભી આપકો ગિરફતાર નહીં કર સકૂંગા.' એમ કહી એ ચાલતા થયા.

વિકાસગૃહમાં સૌરાષ્ટ્રમાંથી જ ઘણી કન્યાઓ આવતી હતી, અમદાવાદમાં જગાની તંગી હતી તેથી ૧૯૪૫માં અહીંની એક શાખા તરીકે વઢવાણમાં વિકાસ વિદ્યાલયનો આરંભ થયો. એની સપૂર્ણ જવાબદારી એમનાં ભત્રીજી અરુણાબહેન દેસાઈએ ઉપાડી, એને બાળમંદિરથી યુનિવર્સિટી શિક્ષણની કક્ષાએ પહોંચાડી એનો સર્વાંગી વિકાસ કર્યો. આવી જ રીતે હળવદ, જામનગર, રાજકોટ, પ્રભાસપાટણ, મોરબી વગેરે ઠેકાણે સૌરાષ્ટ્રમાં વિકાસગૃહોની હારમાળા રચી વિકાસગૃહના પ્રતીક વડલાનાં ઠેરઠેર વાવેતર કર્યાં.

૧૯૪૮માં જૂનાગઢમાં આરઝી હકૂમતની સ્થાપના થઈ. સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ એમાં ઢેબરભાઈની સરકારમાં પુષ્પાબહેન સ્પીકરપદે નિમાયાં. જૂનાગઢમાં સત્તાનો દોર સંભાળતાં પુષ્પાબહેનના હાથમાં બ્રિટિશકાળમાં સ્થપાયેલા ફાઉન્ડલિંગ હોમની ફાઈલો આવી. જૂનાગઢની સરકરી હૉસ્પિટલના પ્રાંગણમાં આવેલા આ મકાનને પાછું સોંપી તેમણે કાલવા દરવાજા પાસે એક બંગલો પસંદ કરી 'શિશુમંગલ' જેવું ભાવવાહી નામ આપી અનાથ બાળકો માટેનું સુંદર તાલીમ આપતું એક શિશુગૃહ શરૂ કરી એનું સંવર્ધન અને સંમાર્જન જીવનપર્યંત કર્યા કર્યું.

તેમની આ રચનાત્મક પ્રવૃત્તિઓથી ભારત સરકારે ૧૯૫૫માં પદ્મભૂષણનો તેમને ઇલ્કાબ આપ્યો. ૫૦-૫૧માં સૌરાષ્ટ્રમાં વ્યાપક દુકાળ પડ્યો ત્યારે સાસણગિરના આદિવાસીઓ, આહીરો અને ભરવાડોની દયનીય સ્થિતિ જોઈ સૌરાષ્ટ્ર સરકારની મદદથી ત્યાં આશ્રમશાળા, કુમારશાળા વગેરે સ્થાપી આઝાદીની હવાની અને પ્રકાશની તે પ્રજાને પ્રતીતિ કરાવી તેમના હૈયાને સિંહાસને 'પુસ્નાં આઈ' તરીકે સ્થપાયાં.

બૃહદ્ મુંબઈ રાજ્યની ધારાસભાના સભ્ય તરીકે તેમણે મિયાણાંઓને હાજરી પુરાવવામાંથી મુક્ત કર્યા. કચ્છ અને માળિયા મિયાણાં જેવા પછાત વિસ્તારમાં બહેનોને બહાર કાઢી કામ કરતી કરી. માળિયામાં તો ખુદ રાણીને જ ઓઝલમાંથી કાઢી સમાજકલ્યાણ કાર્યકર બનાવ્યાં. પહેલાં બૃહદ્ મુંબઈ રાજ્યના સમાજ કલ્યાણખાતાના અધ્યક્ષ તરીકે અને પછી ગુજરાત રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર બોર્ડની સ્થાપના થતાં તેનાં અધ્યક્ષની હેસિયતથી ગામડે ગામડે ફરીને સ્ત્રી અને બાળકોનાં કલ્યાણ કાર્યો કર્યાં. ૧૯૬૬ થી ૧૯૭૨ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યાં તે દરમિયાન રાજકારણની ખટપટમાં ન પડતાં રચનાત્મક કાર્યને વેગ આપ્યો.

રાતદિવસ જોયા વિના બધી જ સંસ્થાઓના વિકાસ માટે ફંડ-ફાળા ઉઘરાવ્યા. બહેનોનો વિસામો બન્યાં. સમાજથી તરછોડાયેલી,

(અનુ. પૃ. ૧૦૦ પર)

પંડિત હરિપ્રસાદનો જીવનમંત્ર 'કોઈ બાત નહિ' જો સૌ કોઈ અપનાવે તો?

જયંતીલાલ મહેતા

ઉત્તરકાશીના મંગળાશ્રમના રસોડામાં સવારે દાળ-શાક-ભાત બનાવી હું રોટલી વણતો હતો અને સ્વામીજી ચોડવતા હતા ત્યારે રોટલીની સાથે વાતો પણ વણાતી હતી. પરંતુ સાડાદસ થઈ ગયા છતાં હજુ સુધી દૂધ લઇને 'પંડિત' હરિપ્રસાદ આજે પણ આવ્યો નથી તેથી હું થોડોક ઉદ્વિગ્ન હતો, ત્યારે સ્વામીજી સહજભાવે ઉદાસીન હતા. ત્યાં ફળિયામાંથી હરિપ્રસાદનો ઘોઘરો અવાજ થરક્યો: "ઑ... મ... " અને દૂધનું પ્લાસ્ટિક કેન લઇ દાખલ થતાં પંડિતને ટોણો મારી વધાવ્યો 'ક્યું ઇતના જલદી દૂધ લાયા? કલ ક્યું આયા નહિ?' મારા પ્રશ્નની તીખાશ 'પંડિત'ને સ્પર્શી નહિ! મને થયું આ પણ ભેંશ રાખે છે તો ભેંશનો ભાઈ થઈ ગયો છે! પંડિતે જાણે કોઈ ત્રાહિત માણસની વાત કરતો હોય તેવા સ્વસ્થભાવે કહ્યું : 'બડે કો કલ એક્સિડન્ટ હો ગયા થા. અસ્પતાલમેં ભરતી કરાના પડા...' અને મને થયું: અરે! બિ...ચ્ચા...રો! પરંતુ સ્વામીજીએ કરુણાસભર અવાજે પૂછ્યું : 'બહોત લગા હે ક્યા? કૈસે હુઆ?'

અને આ પાંચછ શબ્દોમાં ઊભરતી ભલાઈથી ઉદાસીન લાગતો પંડિત ગળગળો થઈ ગયો. ભીના અવાજે બોલ્યો: 'જમણો પગ કપાવવો પડ્યો છે. દોસ્તના સ્કુટર પરથી પડી ગયેલ' હું તો છોભીલો પડી ચૂપ જ રહ્યો. પરંતુ સ્વામીજી મારા મનની વાત બોલ્યા : 'ઠહરો! કુછ લે જાવ.' અને ઊભા થઈ તેના હાથમાં રૂપિયા સોની નોટ પકડાવી કહ્યું: 'અબ થોડા દિન હમ લોગ ડેરિકા દૂધકા થેલી મંગવા લેંગે. ઓર દરકાર હો તો બોલના.'

છતાં બીજે દિવસે રોજના સમયે સવારના આઠ વાગ્યામાં પંડિત દૂધ લઈ હાજર! એ જ કર્કશી સૂરમાં 'ઑ... મ...'અને એ જ મંદ મલકાટ. સ્વામીજી પણ દૂધ લઈ રોજની જેમ પૂછે છે. : 'સબ અચ્છે તો હૈ ને?' ચૂપચાપ સંમતિમાં માથું ધુણાવી દૂધ આપી, જવાનું કરે છે ત્યારે મારાથી રહેવાતું નથી. એટલે સંકોચસહ પૂછું છું: 'તમારા દીકરાને કેમ છે?' તો પંડિત જવાબમાં અતિ ધીરે સાદે બોલે છે : 'કોઈ બાત નહિ.' અને ક્ષણે ચાલતો થાય છે.

તેના ગયા પછી હું સ્વામીજીને પૂછું છું કે તેણે દીકરાની તબિયતના સમાચાર આપવાને બદલે જવાબમાં માત્ર એક અપ્રસ્તુત લાગતું સાવ અસંગત વાક્ય 'કોઇ બાત નહિં' કેમ કહ્યું? તો સ્વામીજી પણ પંડિતની ભાષામાં જ બોલતા હોય તેમ 'કોઇ બાત નહિં' કહી ચૂપ રહ્યા. મને થયું સ્વામીજી જેવા વિદ્વાન સન્યાસીને પણ આ પહાડી ગામડિયાઓના સંગનો રંગ લાગ્યો કે શું? કારણ અહીં ઉત્તરકાશીમાં એકસો દિવસના વસવાટમાં ઓછામાં ઓછું હજારેક વાર આ વાક્ય: 'કોઈ બાત નહિં'— મેં સાંભળ્યું હશે. અને તેથી હું તો તે વાક્યને મુશાયરાના તકિયાકલામ સમજી આગંતુક અર્થહીન શબ્દોચ્ચાર માનતો થઈ ગયેલો. તમે બજારમાં જાવ તો કોઈ દિવસ બ્રેડ મળે પણ બટર મળે નહિ. એટલે તમે દુકાનદારને પૂછો અને અપેક્ષા રાખો કે દુકાનદાર 'સૉરિ' કહેશે. પણ અલબત્ત નહિ! દુકાનદાર હસતા હસતા કહે : 'કોઇ બાત નહિં'. તમે શાકભાજી લેતા હો ત્યાં પાછળથી ગાય આવી શાકવાળાની ટોપલીમાંથી એક મોટી દૂધી ખેંચીને ચાલવા માંડે અને તમને થાય કે આ ભાઈ હમણાં ગાયને મારશે. પણ તમે સાંભળો કે દાઢી પસવારતાં એ ઠંડે કોઠે બોલતા હોય 'કોઇ બાત નહિ.'તમે હજામની દુકાને બાલ કપાવવા જાઓ અને તેને લાંબી ટીશીવાળા મૉડર્ન કટ બાલ કાપવા બરોબર સમજાવીને કહો અને છતાં તે ક્યારેક પોતાની ધૂનમાં તમારા બાલને માત્ર અરધો ઈંચિયા બનાવી દે અને તમે તેને ઠપકો આપો તો પણ તે ટાઢકપૂર્વક કહે : 'કોઈ બાત નહિ...' અહીંની જાણીતી હોટલમાં હું ચા પીવા જઈ ચડ્યો તે જ દિવસે છાપામાં મોટા મથાળે ઋષિકેશ પાસે આવેલ નીલકંઠેશ્વરમાં જબરદસ્ત પર્વતસ્ખલનથી સેંકડો માણસ દટાઇ મૂઆના સમાચાર આવેલા તેની વાતો ચાલતી હતી. એટલે મેં વાતો કરનાર સમક્ષ ખરખરો કરતો હોઉં તેમ ગમગીન બની ભારે સાદે કહ્યું : 'આ તો બહુ માઠું થયું! અરેરે, બિચારા...' તો મારું વાક્ય પૂરું સાંભળ્યા વગર જ પેલા બંન્ને પહાડીઓ ચાની ચૂસ્કી ભરતાં એકીસાથે બોલી ઊઠ્યા : 'કોઈ બાત નહિં'! અને પછી તો રસોઈ શીખતાં શીખતાં રોટલીનો આકાર ભારતમાતાના નકશા જેવો થઈ જાય કે શાક દાઝી જાય ત્યારે હું પણ કહેતો થઈ ગયેલો કે 'કોઈ બાત નહિં'...

છતાં જ્યારે મારું વૉકમેન કસેટ પ્લેયર બગડી ગયું અને રોજની સંગીત મહેફિલ સુકાઈ ગઈ ત્યારે હું આખી બજારમાં બધી વીજળીની દુકાને પૂછી વળ્યો. પરંતુ આ વૉકમેન કેસેટ પ્લેયર જોઈને જ બધા દુકાનદારો જાણે પ્રાણીબાગમાં નવું પ્રાણી જોતા હોય તેમ તેને લાંબો સમય હાથમાં રમાડી- સહેલાવી રાખતાં જાણે તેના વજનમાંથી તેના રિપેરિંગની કળા આવડી જવાની ન હોય! પછી, મહાપંડિતોની જેમ મોટાં મસ્તિષ્ક ધુણાવી કહેતા રહ્યા : ઈસકા રિપેરિંગ યહાં નહિ હો સકતા હૈ. યહ તો દિલ્હી ભેજના હોગા... ' ત્યારે મારાથી કહેવાયું નહિ:'કોઈ બાત નહિં'. ઊલટાનું હું બોલી ઊઠ્યો, 'ક્યા બાત હૈ? ઇતના સા સિમ્પલ કામ ભી આપ કર નહિ સકતે! કમાલ હે યા... ર યહ તો ...' પણ મારી અકળામણના જવાબમાં દુકાનદારો તો એક જ વાક્ય ઉચ્ચારતા રહ્યા : 'કોઈ બાત નહિં'. પરંતુ મુને ગુસ્સો તો તારઑફિસવાળા પર આવ્યો હતો. એક જરૂરી વાત પૂછાવવા મેં કલકત્તા તાર કરવા સોમવારે બપોરે તારઑફિસે આપ્યો. રકમ ભરી રસીદ લીધી. ત્રણ

દિવસ પછી પણ કલકત્તાથી જવાબ નહિ એટલે ખૂબ આશ્ચર્ય અને મૂઝવણ થતાં હું તારઑફિસે પહોંચ્યો. પૂછ્યું, 'તાર ક્યારે ગયો છે?', તો તારબાબુ કહે, 'અભી તક ભેજા નહિં'. હું તો અવાક્ થઈ ગયો. અને ગુસ્સામાં ઊંચા અવાજે તેને ધમકાવતાં મેં પૂછ્યું: 'કેમ હજુ સુધી મોકલ્યો નથી?', તો પાછો સાવ શાંત, ઉદાસીન જવાબ મળ્યો: 'અહીંથી ડેહરાડૂનની લાઈન ચાલુ થઈ નથી'.એટલે મેં વધારે ગુસ્સામાં પૃચ્છા કરી કે સોમવારે લાઈન ચાલુ નહોતી તો તમે તાર લીધો શા માટે? તો જવાબમાં સાવ બેફિકરાઈથી કહે :'ચાલુ હો જાયેગા' મેં પૂછ્યું : 'પણ ક્યારે?' જવાબ: 'જબ હોગા તબ હોગા'. અને છેવટે બધી વાતનો અંત લાવતો હોય તેમ તે મહાનુભાવ બોલ્યો : 'કોઈ બાત નહિં'.

ચોથા દિવસે સવારે શાક સમારતાં સમારતાં હું સ્વામીજીને ફરિયાદ કરતો હતો કે પાછો બે દિવસથી દૂધવાળો પંડિત હરિપ્રસાદ દેખાયો નથી. અને હવે રોજરોજ આ પાઉડરના દૂધની ચા ભાવતી નથી. ત્યારે સ્વામીજી બોલા ઊઠ્યા: 'કોઈ બાત નહિં', અને હું પણ ખડખડાટ હસી પડ્યો. એટલે સ્વામીજીએ પણ હસતા હસતા મને સમજાવવા માંડ્યું કે અહીં ગમે તેટલા દૂધવાળા બદલો, 'મોચીડાનો મોચી' જેવી કહેવતવાળી વાત જ રહેશે. અને એમ કહી, આ અદ્ભુત તકિયાક્લામ 'કોઈ બાત નહિં'ના પોતાના સ્વાનુભવના રસિક કિસ્સાઓ કહી મને હસાવતા રહ્યા. ત્યારે વચ્ચેવચ્ચે હું પણ મારા અનુભવના કિસ્સાઓ વર્ણવી ટાપશી પુરાવતો રહ્યો. આમ, મારો ગુસ્સો ટાઢો પાડી અમે બંન્ને શાક સમારવાનો આનંદ વધારતા હતા. ત્યાં ફળિયમાંથી પેલો ચિરપરિચિત ૐકાર સંભળાયો. પરંતુ આજે તે ૐકારમાં ઉત્સાહને બદલે કાંઈક અવસાદનો ઑથાર કળાતો હતો. એટલે મારું ચિત્ત જે સદાય બગીચાની પાળીથી પંદર પગથિયાં નીચે ગંગા ઘૂઘવતી હતી તેમના ગર્જનમાં ચોંટેલું રહેતું તેને તો 'ઑમ' સંભળાયું પણ નહિ, પરંતુ સ્વામીજી આખા આશ્રમમાં સદાય એકલપંડે રહેતા હોવાથી તેમના સરવા કાન પચીસ ફુટ દૂર આવેલી ખડકીનો આગળો ખૂલે તે પણ સહેલાયથી સાભળી શકતા. એટલે તેમણે પણ સામેથી 'ઑ...મ' કહી દૂધવાળા પંડિતને આવકાર્યો. અતિ ભારે પગલે અને નતમસ્તકે પંડિત રસોડામાં દાખલ થઈ બે-ચાર ક્ષણો સુધી અન્યમનસ્કભાવે ઊભો રહ્યો. તેના આવા અસાધારણ વર્તનથી સ્વામીજી પામી ગયા કે કંઈક અજુગતું બન્યું છે. અને તરત જ તેમના મનમાં વીજ-ઝબકારની જેમ પંડિતના હૉસ્પિટલમાં પગ કપાવી પડેલા બીમાર દીકરાની યાદ ઝબકી. એટલે તરત તેમના મનમાં કરુણા ઊભરાણી અને તેમણે પણ થોડાક ભારઝલ્લા અવાજે આસ્તેકથી પૂછ્યું: 'કૈસા હૈ લડકાકા સ્વાસ્થ્ય?'

આ માત્ર ચાર શબ્દોએ પંડિતની હૃદયગુહાની ભીડેલી શિલાને હઠાત્ હઠાવી દીધી. અને પૂરા સાઠ કલાકથી જે જવાંમર્દે દુ:ખનાં દ્વાર સખત ભીડી રાખી અન્ય કુટુંબીજનોને આશ્વાસિત કરવાનું ભગીરથ કાર્ય સુપેરે સાધ્યું હતું તે સમતાનો મેરુ અચાનક તૂટી પડ્યો. હું અને સ્વામીજી વાત પામી જઈ સ્તબ્ધ બની ગયા. પરંતુ સ્વામીજીએ કેળવેલ ચિત્તવૃત્તિનિરોધની શિસ્તના કારણે તેમણે પળમાત્રમાં સ્વસ્થતા સાધી લઈ પંડિત પાસે જઈ તેના મસ્તક પર હાથ મૂકી, ધીરેધીરે પીઠ પર હથેળી પસરાવતા અત્યંત સ્નેહાર્દ્ર સૂરે બોલ્યા : 'કોઈ બા...ત ન...હિં દેખો તુમ તો બડે ભગત હો. ઔર તુમ્હારી તિતિક્ષા ઈતની પક્કી હુઈ હે કિ વહ આંસૂમેં નહિ બહની ચહિયે. ખડે હો જાવ'. અને પછી આદિ શંકરાચાર્યના વિખ્યાત વિવેકચૂડામણિના રત્નભંડારમાંથી તિતિક્ષા વિષેનું સૂત્રરત્ન બોલ્યા :

'સહનં સર્વદુ:ખાનામ્ અપ્રતીકારપૂર્વકમ્,
ચિન્તાવિલાપરહિતં સા તિતિક્ષા નિગદ્યતે.'

અને તેનું તાત્પર્ય સમજાવતાં તેમણે હરિપ્રસાદને જયેષ્ઠ પુત્રના અવસાનની શોકગર્તામાંથી બહાર કાઢ્યો અને તેનો ભાવાર્થ કહેવા લાગ્યા: 'દેખો પંડિત, સંસારકા દૂસરા નામ દુ:ખ હૈ. ઈસ લિયે સંસારમેં રહેના હો તો ચિંતા કરના નહિ. ઓર રોનેસે કયા હોતા હૈ! જેસા આયા એસા બિના સામના કરકે સમતાસે દુ:ખકો ગલ જાવ, તબ તો તુમ સચ્ચા પંડિત કહેલાઓગે.'

દસ સેકન્ડમાં તો આ પહાડી મર્દ ફરી એકવાર મેરુ પર્વતની જેમ ટટ્ટાર ખડો થઈ ગયો. આંખનાં આંસુ ખમીસની બાંયથી જાણે કાંઈ કસ્તર પડ્યું હોય તેમ સાફ કરી નાખ્યાં. મુખ પર મંદ સ્મિત ધરી લીધું. રોજની જેમ રમતાં રમતાં દૂધનું કેન થેલામાં નાખી ખભે લટકાવ્યું. અને મારી સામે જોઈ રોજના મધુર ભાવથી પૂછ્યું : 'કૈસે હો ભગતજી?' અને પૂર્ણ સ્વસ્થતા અને શાંતિથી રસોડા બહાર રોજની સ્ટાઈલથી ચાલી નીકળ્યો. મને થયું, આવા ગીતાવાક્યમાં વર્ણવેલા ઉદાસીનવત્ આસીન સ્થિતધીને ખરખરો કરવાની તો મારી હેસિયત જ કયાં હતી? પરંતુ 'કોઈ બાત નહિં' કહી તેને અત્યારની આ પુણ્ય ક્ષણે પ્રણામ કરવાનું રહી ગયું! ચાલો, 'કોઇ બાત નહિં.' □

અનુસંધાન] શત્રુઓ [પૃ. ૯૭ પરથી

મોન્ટેસ્કયૂએ મિત્રતાને એક એવો કરાર કહ્યો છે જેમાં આપણે મોટાં ફળ મેળવવાની આશાએ નાની સેવાઓ આપીએ છીએ. બેન્જામિન ફ્રેન્કલિનને તો વિશ્વમાં ત્રણ જ વફાદાર મિત્રો જણાયા છે — જૂની પત્ની, જૂનો કૂતરો ને રોકડ નાણું. મિત્રોની બાબતમાં અબજોપતિ ઓનાસિસ જેટલો ધનાઢ્ય ગણાતો કવિ શેખાદમ આબુવાલા કહેતો કે લોકો સાથેની મારી મૈત્રી લાંબો સમય ટકી રહે છે એનું મુખ્ય કારણ એટલું જ છે કે કોઈની પાસે હું ઉધાર પૈસા માગતો નથી તેમ કોઈ અપેક્ષા રાખતો નથી. જેટલી અપેક્ષા ઓછી, મૈત્રીનું આયુષ્ય એટલું લાંબું. મિત્રોની બાબતમાં ખૂબ જ સદ્ભાગી લેખાતા આ કવિએ ગમે તે અનુભવને આધારે પણ ગાયું છે કે :

'મેરે દુશ્મન ભી જાનતે હૈ યે,
કીતના તરસા હૂં દોસ્તી કે લિયે.'

શત્રુના આવા જ કોઈ સ્વાનુભવને લક્ષમાં લઈને એમ્બ્રોસ બિયર્સે કહી દીધું છે કે તમે માંદા પડો ત્યારે તમારા દુશ્મનોને સત્વરે માફ કરી દેજો — શક્ય છે તમે સાજા થઈ પણ જાવ. □

શત્રુઓ બદલી શકાતા નથી....

· વિનોદ ભટ્ટ ·

આમના ૧૧૨ વર્ષના સૌથી બુઝર્ગ આદમીને તેના સુદીર્ઘ આયુષ્યનું રહસ્ય પૂછવામાં આવ્યું. જવાબમાં તેણે જણાવ્યું : 'આ જગતમાં મારો કોઈ શત્રુ નથી...' 'આ તો અદ્‌ભુત વાત કહેવાય....' પ્રશ્ન પૂછનારે આશ્ચર્યથી કહ્યું. 'આમાં અદ્‌ભુત કશું જ નથી...' તે બુઝર્ગે માહિતી આપી : 'મારા તમામ શત્રુઓ આ વિશ્વમાંથી વિદાય થઈ ચૂક્યા છે..' આ હિસાબે માણસને મિત્રની જેમ, શત્રુ વગર ચાલતું નથી. જો કે દુશ્મન મેળવવો એ મરદનું કામ છે.' જોશ બિલિંગ્સના કહેવા પ્રમાણે જે માણસને એક પણ શત્રુ ન હોય તે સાચે જ નમાલો છે.

કોઈ એમ કહે કે ફલાણા ભાઈ અજાતશત્રુ છે ત્યારે આ લખનારને લાગે છે કે એ ભાઈમાં શત્રુ પેદા કરવાની તાકાત નથી. આવા જણને તો સાચા મિત્રો પણ ભાગ્યે જ સાંપડે. કવિ લૉર્ડ ટૅનિસને પણ આ વાતની શાખ પૂરતાં ટાંક્યું છે કે જે માણસ એક પણ શત્રુ બનાવી શકતો નથી તે મિત્ર પણ બનાવી શકતો નથી. અમેરિકન હાસ્યકાર પીટર ડન માને છે કે જો આપણા જીવનમાં શત્રુઓ ન હોય તો જીવન સાવ નિરર્થક છે. સાથે સાથે જે રીતે આપણે મિત્રોની પસંદગી અંગે જેટલા ચોક્કસ રહી શકીએ એટલા ચોક્કસ શત્રુઓની પસંદગી બાબતમાં રહી શકાતું નથી - એવું ઑસ્કર વાઈલ્ડે કહ્યું છે. આ સાચું એટલા માટે છે કે કવિની જેમ જ શત્રુ જન્મે છે, બનાવાતા નથી.

શત્રુ ક્યારેય દગો કરતો નથી, એ સગવડ મિત્રને જ હોય છે. અંગ્રેજ કવિ ઍલેક્ઝાન્ડર પોપે નોંધ્યું છે : 'Histories are more full of exampals of the fidelity of dogs than of friends...' (વફાદારીમાં મિત્રોથીય ટપી જાય એવા કૂતરાંઓના કિસ્સાઓ ઈતિહાસમાં ભરપૂર પડ્યા છે.) મિત્રતાને કલંકરૂપ અવિસ્મરણીય પ્રસંગ બ્રૂટસનો છે. રોમન સેનેટ' હાઉસમાં જૂલિઅસ સીઝરને મારવા માટે ઘેરી લેવામાં આવ્યો. કાવતરાબાજોની સામે ઝીંક ઝીલવા સીઝર તૈયાર થઈ ગયો, કદાચ પહોંચી પણ વળત. પણ ત્યાં જ તેની નજર તેના પરમ મિત્ર એવા માર્કસ જૂનિઅસ બ્રૂટસ પર પડી. તે પણ ખુલ્લા ખંજર સાથે કાવતરાબાજો ભેગો ઊભો હતો તેને જોઈ આઘાતથી સીઝર છળી મર્યો, ચીસ પાડી ઊઠ્યો : 'Et Tu, Brute? (you too, Brutus?) પછી તેણે પોતાનો પહેરેલો ઝભ્ભો શરમથી પોતાના ચહેરા પર ઢાંકી દીધો. બ્રૂટસ તેનો મિત્ર ન હોત તો કદાચ સીઝરને આવો આઘાત ના લાગ્યો હોત. બ્રૂટસનું ખંજર છાતી પર ઝીલતી વખતે શક્ય છે તેને ઍરિસ્ટૉટલનું પેલું કથન યાદ આવી ગયું હોય : 'My Friends! There are no friends'. (મારા મિત્રો! મિત્રો છે જ નહીં.)

કોઈ કારણસર એક માણસને સજા થઈ. સજા પેટે ગામના બધાં લોકોએ તેને જાહેરમાં એક એક પથ્થર મારવો એવું નક્કી થયું. પથ્થર મારનારાઓની કતારમાં તેનો એક મિત્ર પણ હતો. મિત્રનો વારો આવ્યો એટલે તેણે પથ્થર મારવાને બદલે ફૂલ ફેંક્યું. બીજાઓના પથ્થરોના માર કરતાં એક મિત્રના ફૂલનો માર પેલાને વધારે વાગ્યો હતો. આ લખતાં કવિ આદિલ મન્સૂરીનો એક શેર યાદ આવે છે :

'પાછળ પ્રવાસીઓમાં ઘણા મિત્ર પણ હતા,
કોણે કર્યો પ્રહાર મને કંઈ ખબર નથી.'

(જો કે પ્રહાર કરવાની 'હૉબિ' આદિલમાં વિશેષ હતી એવું તેના નિકટના મિત્રો માને છે.)

નાટ્યકાર બેર્ટોલ્ડ બ્રેશ્ટે ગુસ્સાથી કહ્યું છે : 'હું તેના પર ભરોસો રાખી શકતો નથી, કેમ કે અમે બંને મિત્રો છીએ.' લગભગ બધા જ દેશોમાં આ પ્રાર્થના જાણીતી છે : 'હે પ્રભુ! મને તું મારા મિત્રોથી બચાવ, મારા શત્રુઓથી મારું રક્ષણ કરવા હું સમર્થ છું..' અને બેન્જામિન ફ્રેન્કલિને તો સલાહ આપી છે કે તમારા દુશ્મનથી કોઈ વાત તમારે છુપાવવી હોય તો તે તમારા મિત્રને હરગીઝ ના કહેશો.' મિત્ર અને શત્રુ ક્યારેક એક લાગે છે. કોઈએ માર્મિક રીતે કહ્યું છે કે તમારા હૃદયને ધક્કો આપવાની બાબતમાં તમારા શત્રુ તેમજ મિત્ર, બંનેનો ફાળો હોય છે. એક તમારી બદનામી કરે છે અને બીજો એના સમાચાર તમને સંભળાવે છે. સેમ્યૂઅલ બટલરે માણસને અન્ય પ્રાણીઓથી છૂટો પાડીને તેની વિશેષતા આ રીતે દર્શાવી છે : 'માણસ જ એક એવું પ્રાણી છે જે પોતાના નક્કી કરેલા શિકાર સાથે, તેમને આરોગી જાય ત્યાં સુધી, દોસ્તી રાખી શકે છે.'

કેટલાક માણસો મિત્ર બનાવવા કરતાં શત્રુ બનાવવાનું વધુ પસંદ કરે છે; કારણ કે તે ઓછું હાનિકર્તા નીવડે છે. દુશ્મનનું મોટામાં મોટું સુખ એ હોય છે કે તે ક્યારેય આપણી પાસે ઉછીના પૈસા માગવા નથી આવવાનો એ અંગે આપણને ગળા સુધી ખાતરી હોય છે. એક ફ્રેન્ચ કહેવત છે કે જે માણસ કોઈને પૈસા ઉધાર આપતો નથી તેને ઝાઝા મિત્રો હોતા નથી - એની તેને જરૂર પણ નથી. 'બ્રિટિશ લેખક ઍડિસને પોતાના એક મિત્રનો પ્રસંગ લખ્યો છે. એક મિત્રને તેણે પૈસા ધીર્યા ત્યાર બાદ મિત્રના વર્તનમાં ફરક વરતાવા માંડ્યો. અગાઉ બંને વચ્ચે જુદાજુદા વિષયો પર ચર્ચાઓ થતી ત્યારે ઘણા મુદ્દાઓ પર બંને વચ્ચે અસંમતિ રહેતી, મતભેદ પડતા. ક્યારેક વિરોધમાં મિત્ર ઊકળી પણ ઊઠતો. પણ નાણાં ઉધાર લીધા બાદ ઍડિસન સામે કોઈ વાતે વિવાદ કે વિરોધ કરતો નહીં. 'હા જી હા' કર્યા કરતો. આથી ખિજાઈને એક દિવસ ઍડિસને મિત્રને ગુસ્સાથી કહી દીધું : 'કાં તો, મારો વિરોધ કર કે મારા પૈસા પાછા આપ...'

શ્રીમંત માણસોને સગાં-વ્હાલાં કરતાંય મિત્રો મોટી સંખ્યામાં હોય છે ને તેની પાસે અઢળક ધન હોવાથી તેના એ દુર્ભાગ્યમાં ઘણા મિત્રો મળી રહે છે, એવી એક અનુભવવાણી છે. પણ પૈસાના અભાવમાં બહુ જ ઓછા મિત્રો ટકી રહે છે. એક ધનિક માણસે સટ્ટામાં પોતાનાં તમામ નાણાં ગુમાવ્યાં છે એ જાણીને તેના અડધો અડધ મિત્રો તેને ત્યજી ગયા હતા, બાકીના અડધા ટકી રહ્યા હતા — તેમને એ મિત્ર નિર્ધન થઈ ગયાની ખબર નહોતી.

કેટલાક એવાય પરગજુઓ છે કે જે પોતાના મિત્રનું દુ:ખ જોઈ શકતા નથી, આ કારણે મિત્ર સાથે વાત કરતી વખતે પોતાની આંખો મીંચી દે છે. હા, એક શ્રીકૃષ્ણે પોતાના બાલસખા સુદામા સાથેની ભાઈબંધી નિભાવી. તેની ગરીબી દૂર કરી નાખી. પણ આ વાત યુગો સુધી પ્રજા નહીં ભૂલી શકે એની સુદામાને જો એ વખતે જાણ હોત તો તેણે શ્રીકૃષ્ણ પાસેથી મદદ ક્યારેય લીધી ન હોત, આમેય તેને માટે ભૂખે મરવાની ક્યાં નવાઈ હતી! થોડાં વધુ વર્ષો ભૂખમરો વેઠત. સુદામા વિદ્વાન હશે, શાણો હશે, મિત્ર-પ્રેમી હશે — ઘણા ગુણો ધરાવતો હશે, પણ આપણે તો તેને શ્રીકૃષ્ણના એક ગરીબ મિત્ર તરીકે જ પિછાણીએ છીએ કે જેને શ્રીકૃષ્ણે તાર્યો, તવંગર બનાવી દીધો. આ વાત ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે કોઈનેય નહીં કહી હોય, તેમની સોળ હજાર એકસો આઠ રાણીઓમાંની કેટલીકે પોતાના પતિની ઉદારતા દર્શાવવા કદાચ જાહેર કરી દીધી હશે! આ હિસાબે શ્રીકૃષ્ણનું માહિતી અને પ્રસારણ ખાતું મજબૂત કહેવાય, પણ મારા મતે આ ઘટનાના પ્રચારથી બિચારા સુદામાની ભારે બદબોઈ થઈ ગઈ. એટલે જ કહેવાયું છે કે માણસ માટે કોણ વધારે આપત્તિરૂપ છે, બદઈરાદાવાળા દુશ્મનો કે સદ્હેતુવાળા મિત્રો? - એ નકકી કરવું તેને માટે અઘરું થઈ પડે છે. રાજીવ ગાંધી વડાપ્રધાન થયા ત્યારે તેમને મદદરૂપ થવા તેમનો પરમ અભિનેતા મિત્ર અમિતાભ બચ્ચન રાજકારણમાં પ્રવેશ્યો આથી રાજીવજીને ફાયદો થવાને બદલે કહેવાય છે કે ઘણું નુકસાન થયું. અમિતાભ તેમનો દુશ્મન હોત તો કદાચ આટલું બધું નુકસાન રાજીવને ના થાત. રાજીવ ગાંધીના કાનમાં કોઈ હિતેચ્છુએ મજાકમાં કહ્યું પણ હશે કે અમિતાભ તમારો મિત્ર હોય તો તમારે હવે શત્રુઓની જરૂર નથી. સામા પક્ષે પોતાને રાજીવની મૈત્રીથી પારાવાર નુકસાન થયાનો દાવો અમિતાભ પણ કરી શકે.

જી.કે.ચેસ્ટરટને કહ્યું છે : 'બાઈબલમાં જણાવ્યું છે કે આપણા પડોશીઓ તેમ જ આપણા શત્રુઓને આપણે ચાહવા જોઈએ.' આનું કારણ કદાચ એ હશે કે મોટા ભાગે બંને એક જ હોય છે. જો કે શત્રુઓને ચાહવા માટે મારી પાસે જુદું કારણ છે. શત્રુ અરીસા જેવો છે, આપણું અસલ સ્વરૂપ તે જાણતો હોય છે. આપણી ત્રુટીઓની જાણ તેને હોય છે તેટલું જ નહીં, અરીસાના જેમ બેશરમ થઈને આપણને તે બતાવી પણ દે છે. કેટલીકવાર તો આપણા વિશેનું સત્ય, આપણા શત્રુની જાણમાં વધારે હોય છે. એ સત્ય જે તે જાણે છે તે આપણે પણ જાણીએ એવું તે ઇચ્છતો હોય છે, જયારે મિત્ર મોટા ભાગે સત્ય કહેવાનું ટાળે છે. મિત્ર ખોઈ બેસવાની બીકે શત્રુને તો સત્ય કહીને કશું ગુમાવવાનું નથી - દુશ્મની પણ! ઘણે ભાગે શત્રુ માઠું લગાડવાના ઇરાદાથી જ સાચું જણાય તે મોઢામોઢ કહેતો હોય છે જ્યારે મિત્ર માઠું લાગી જવાના ડરથી સાચું કહેતા અટકી જાય છે. આવા મિત્રને શંકાસ્પદ મિત્રોની યાદીમાં મૂકી શકાય. ઈસપે એક બોધકથામાં કહ્યું છે કે શંકાસ્પદ મિત્ર નિ:શંક શત્રુ કરતાં વધુ ખરાબ છે.

એક રીતે જોઈએ તો આપણા મિત્ર કરતાં અમિત્ર આપણી બહુ નજીક હોય છે. તેની પાસે આપણા ગુણ-દોષોનો, શક્તિ-અશક્તિનો એક્સ-રે હોય છે. ફ્રેન્ચ લેખક વોલ્તેર એકવાર કોઈ મુદ્દા પર શેવલિઅર નામના એક બદમિજાજ ધનિક સાથે બાખડી પડ્યો. બંને વચ્ચે અણબનાવ તો ઘણા સમયથી ચાલતો હતો પણ આ વખતે જરા વધારે ઉગ્ર બોલાચાલી થઈ, ગાળગલોચ પણ થઈ. વોલ્તરને પેલાએ જોઈ લેવાની ધમકી આપી. થોડા દિવસ બાદ વોલ્તર એક હૉટેલમાં જમતો હતો ત્યાં કહેણ આવ્યું કે કોઈ બહાર તેને બોલાવે છે. વોલ્તેર જેવો બહાર નીકળ્યો કે તુરત જ શેવલિઅરના ભાડૂતી મારાઓ તેના પર તૂટી પડ્યા. આ બધો ખેલ થોડે છેટેથી જોતો શેવલિઅર તેના માણસોને મોટા અવાજે ચેતવણી આપતો હતો: 'જરા સાચવીને મારો, જો જો તેના માથા પર પ્રહાર ના થઈ જાય, કોક દિવસ એમાંથી એકાદ કૃતિ બહાર આવે પણ ખરી...'

આમ તો દરેક મિત્રમાં છૂપો શત્રુ અને શત્રુમાં છૂપો મિત્ર લપાઈને બેઠો હોય છે, એ પારખવાની બસ, નજર જોઈએ. ઓસ્કર વાઈલ્ડ પોતાની પસંદગી સંદર્ભે જણાવે છે : 'હું મારા મિત્રોને તેમના સારા દેખાવ માટે પસંદ કરું છું, ઓળખીતાઓને તેમના સારા ચારિત્ર્ય માટે અને શત્રુઓને તેમની તીક્ષ્ણ બુદ્ધિમત્તા માટે પસંદ કરું છું.'

આ વિશ્વ કેટલાક ભ્રમોને કારણે સરખી રીતે ચાલી રહ્યું છે. એક અને એક બેમાં માનતા વિજ્ઞાની પાસ્કલનું એ નિરીક્ષણ છે કે દરેક જણ એકબીજા માટે શું બોલે છે એ બધા જ જાણી લે તો આ જગતમાં ચારેક મિત્રો પણ જોવા નહીં મળે...અને એટલે તો ચાર્લ્સ ટેલિરાન્ડે સલાહ આપી છે કે તમે કદી પોતાના વિશે ભૂંડું ના બોલશો, એ વિષય પર તમારા મિત્રો અંદરોઅંદર બધું કેહેવાના જ છે. આમ, તેણે મિત્રો પર થોડું છોડી દેવાની ભલામણ કરી છે.

મિત્રોથી દાઝેલા આલ્બેર કામૂનું કહેવું છે કે તમારા મિત્રો તમને એક બાબતમાં તો ક્યારેય માફ નહીં કરે, ખાસ કરીને તમે વધુ પડતા સુખી હશો તો. કામૂની વાતને અનુમોદન આપતું માર્ક ટ્વેઈનનું મંતવ્ય છે કે તમારી કેટલીક સફળતાઓ તમારા નિકટતમ મિત્રોને ય નહીં ગમે.

જેટલી સહેલાઈથી તમે મિત્ર ખરીદી શકો છો તેટલી આસાનીથી શત્રુ ખરીદી શકાતો નથી. શત્રુ જો ખરીદી શકાતો હોત તો કદાચ મોટા ભાગનું વિશ્વ શત્રુવિહોણું હોત. મિત્રો બદલી શકાય છે, શત્રુઓ બદલી શકાતા નથી. (અપવાદરૂપ કિસ્સામાં જૂનો મિત્ર નવો શત્રુ બની બેસે છે!)

(અનુ. પૃ. ૯૫ પર)

વીજાણુ માધ્યમ ટેલિવિઝન

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

૧૯મી સદી 'ઔદ્યોગિક ક્રાન્તિ'ની નોંધપાત્ર શતાબ્દી તરીકે ખ્યાતિ પામી અને ૨૦મી સદી 'માસ કમ્યુનિકેશન' એટલે કે 'સમૂહ પ્રત્યાયન'ની સદી તરીકે સન્માનિત થશે. આધુનિક યુગ એ 'સમૂહ સંચાર-સાધનો'નો યુગ છે. આ માધ્યમોએ મનુષ્યના જીવનને અનેક રીતે પ્રભાવિત કર્યું છે. સમૂહ માધ્યમોએ આજના મનુષ્ય માટે માહિતી, મનોરંજન, માર્ગદર્શન અને જ્ઞાન-વિજ્ઞાનની અવનવી બાબતો સુલભ બનાવી છે. આ માધ્યમોનો આજના માનવજીવન પર એટલો બધો પ્રબળ પ્રભાવ વરતાય છે કે આજના સમાજને 'Media Dependent' એટલે કે 'માધ્યમાવલંબિત સમાજ' તરીકે ઓળખવાનું ઉચિત ઠેરવ્યું છે.

'કમ્યુનિકેશન' એટલે કે 'પ્રત્યાયન' એ પ્રત્યેક યુગની અનિવાર્ય આવશ્યકતાનો દરજ્જો ભોગવતું આવ્યું છે. પ્રાચીન કાળમાં 'શ્રાવ્ય' તથા 'દૃશ્ય'નાં પરંપરાગત માધ્યમો દ્વારા 'પ્રત્યાયન' થતું હતું. આખ્યાયિકાઓ, ચિત્રફલક, વાર્તાકથન, લોકગીતો, કાવ્યગાન, સંગીતરૂપકો, કઠપૂતળીના-ખેલ, ભવાઈ, નાટક વગેરે દ્વારા વાત, વિચાર, ભાવના કે સંદેશ દર્શક ભાવક સુધી પહોંચાડવાનો સફળ પ્રયત્ન થતો રહ્યો છે. એમાં લોકગીતોના ગાયકો, વાદકો અને ભર્જનિકો તથા કથાકારો દ્વારા લોકસમુદાય સુધી પહોંચવાનું અને તેમને પ્રભાવિત કરવાનું નોંધપાત્ર કાર્ય થયું છે. પરંતુ 'લોકમાધ્યમો'થી પોતાની નોખી વિશેષતાઓને કારણે નોખાં તરી આવતાં 'સમૂહ માધ્યમો'એ પ્રત્યાયનક્ષેત્રે જે 'ક્રાન્તિ' સર્જી એ આ સદીની એક નોંધપાત્ર સિદ્ધિ છે.

'સમૂહ માધ્યમો' (Mass Media)ને અભ્યાસની સગવડ ખાતર બે મોટા વિભાગોમાં વહેંચી શકાય :

૧. મુદ્રણ માધ્યમ (Print Media) ૨. વીજાણુ માધ્યમ (Electronic Media). પુસ્તક, અખબાર, સામયિક વગેરે સંબંધિત મુદ્રણ માધ્યમ માં 'વાચન' મહત્ત્વનું બને છે, જ્યારે વીજાણુ માધ્યમ પૈકી ' રેડિયો'માં 'શ્રવણ' કેન્દ્રસ્થાને છે, જ્યારે સિનેમા અને ટેલિવિઝન'માં 'દૃશ્ય-શ્રાવ્ય'નો સમન્વય થાય છે આ સમૂહ માધ્યમો આજે સર્વવ્યાપી બન્યાં છે. ' રેડિયો'માં 'શ્રવણ'ની અનુકૂળતા છે, પરંતુ ટેલિવિઝન'માં 'દૃશ્ય-શ્રાવ્ય' બન્નેની અનુકૂળતાને કારણે એ લોકપ્રિયતામાં આજે મેદાન મારી ગયું છે. 'ચલચિત્ર' હવે માણસને ઘરની ચાર દીવાલોમાં જ માણવાની સુવિધા ઉપલબ્ધ થઈ છે — ટેલિવિઝનને કારણે. માધ્યમ તરીકે પ્રત્યાયનની દૃષ્ટિએ 'ટેલિવિઝન' એટલે કે દૂરદર્શને ચલચિત્રને પોતાની પાછળના ક્રમમાં મૂકી દીધું છે.

ટેલિવિઝન

કોશગત અર્થની દૃષ્ટિએ 'ટેલિવિઝન' એટલે વીજળી યંત્રની મદદ વડે થતું 'દૂરદર્શન'. પરંતુ 'ટેલિવિઝન'માં કેવળ 'દૂરદર્શન' જ નથી થતું, 'દૂરશ્રવણ' પણ થાય છે. મતલબ કે 'દૂરના દૃશ્ય'ની સાથે 'દૂરનો અવાજ' પણ સંભળાય છે. ટેલિવિઝનના વિકાસમાં અનેક વિજ્ઞાનીઓનું પ્રદાન છે, તે પૈકી એક મહત્ત્વનું નામ છે વી. કે. ઝ્વોરીકીનનું, જેમના ઈકોનોસ્કોપ કેમેરાની ટ્યૂબે 'સંચાર માધ્યમ' તરીકે ટેલિવિઝનને વિકાસનો રાહ ચીંધ્યો, પરંતુ ટેલિવિઝનની શોધનું માન સ્કોટલેન્ડના વિજ્ઞાની જ્હોન લોગી બેયર્ડ (ઈ.સ. ૧૯૨૫)ને ફાળે જાય છે. ટેલિવિઝનની શોધમાં 'પ્રતિબિમ્બ વિચ્છેદક'ના શોધક અમેરિકન વિજ્ઞાની ફિલો ટી. ફ્રેન્સવર્થ (૧૯૨૮)નું પણ સ્મરણ કરવું પડે. અમેરિકાના વિજ્ઞાની મિ. ફોરેસ્ટે 'ઑડિયન વાલ્વ'ની શોધ કરીને વીસમી સદીને ચરણે એક મહાન ભેટ ધરી છે. રેડિયોમાં વપરાશ રૂપે શરૂ થએલા એ વાલ્વ સાથે 'ઈલેક્ટ્રોનિક્સ યુગ'ના શ્રીગણેશ થયા. 'ઈલેક્ટ્રોન વાલ્વ' થોડા-ઘણા અંશે ફોરેસ્ટના 'ઑડિયન વાલ્વ' ને મળતો છે. આજે માત્ર રેડિયોમાં જ નહીં, ટેલિવિઝન, રડાર અને સુદૂરના અંતર માટે વપરાત ટેલિફોનમાં પણ તેનો ઉપયોગ થવા માંડ્યો. ચલચિત્ર, ચિકિત્સાક્ષેત્ર; મિસાઈલ્સ વગેરેમાં પણ 'ઈલેક્ટ્રોન'ને આવકાર સાંપડ્યો. 'ઈલેક્ટ્રોન' વીજળીના સૂક્ષ્મ કણો છે. પ્રત્યેક પદાર્થનો પરમાણુ અંશતઃ 'ઈલેક્ટ્રોન'થી બનેલો છે. વીજળીના કરંટમાં 'ઈલેક્ટ્રોન' ટેલિવિઝન-સેટની ચિત્ર-નળી (પિક્ચર ટ્યૂબ)માં ઉચ્ચ વિદ્યુત દબાણ (વૉલ્ટેજ) દ્વારા 'ઈલેક્ટ્રોન'ને અલગ કરવામાં આવે છે.

૧૯૧૯માં વિજ્ઞાની ઝ્વોરીકીને દૃશ્ય પ્રત્યાયન માટે મહત્ત્વના પ્રયોગો કર્યા. આરંભમાં દૃશ્યો મોકલવાની એ વ્યવસ્થા તાર દ્વારા થતી હતી, પરંતુ ૧૯૩૫ સુધીમાં સમાચારો સાથે તસવીરો મોકલવાનું પણ શરૂ થયું. ૧૯૨૫માં સ્કોટલેન્ડના વિજ્ઞાની જ્હોન લોગી બેયર્ડે યાંત્રિક સાધન દ્વારા દૂર-સુદૂરનાં સ્થળોએ ચિત્રો મોકલવાની પદ્ધતિનો વિકાસ કર્યો. આ પદ્ધતિ દ્વારા મોકલાતાં ચિત્રો સુસ્પષ્ટ અને માપસરનાં નહોતાં. આ ક્ષેત્રે માર્કોનિએ કરેલા નવીન પ્રયોગો વધુ આવકાર્ય બન્યા અને બી. બી. સી.એ છેવટે માર્કોનિવાળી પદ્ધતિ ઉપર જ પસંદગીનો કળશ ઢોળ્યો.

અહીં ટેલિવિઝનની કાર્યપદ્ધતિનો પણ સંક્ષિપ્ત પરિચય મેળવી લઈએ. રેડિયો-ધ્વનિની જેમ જ ટેલિવિઝનનાં ચિત્રો પણ વાયુ મારફતે પોતાનાં મૂળ સ્વરૂપે નથી ઝિલાતાં. પ્રસારણ-કેન્દ્રો ચિત્રો અને ધ્વનિ બન્નેનું અદૃશ્ય તરંગોમાં રૂપાંતર કરે છે. ગ્રાહક-યંત્રમાં (રિસિવિંગ ઈન્સ્ટ્રુમેન્ટ) તેમનું ફરીથી ચિત્રો અને ધ્વનિમાં પરિવર્તન થાય છે.

ટેલિવિઝન કેમેરામાં એક 'ઈલેક્ટ્રોન નળી' હોય છે, જે તેમાં 'આંખ'નું કામ કરે છે. તેને 'ઑર્થિકોન ટ્યૂબ' કહેવામાં આવે છે. આ

ટ્યૂબ અથવા નળીમાં એક 'લેન્સ'માં થઈને પ્રકાશ પ્રવેશે છે અને 'પ્રકાશ-સંવેદ્ય' પડદા પર તે પડે છે. જ્યારે આ પડદા ઉપર પડે છે ત્યારે 'ઇલેક્ટ્રોન કણ' અલગ ખસી જાય છે. જ્યાં જેટલો તીવ્ર પ્રકાશ પડે છે, તેટલા ભાગમાં તેટલાં વધારે ઇલેક્ટ્રોન અલગ ખસી જાય છે. એ ઇલેક્ટ્રોન વહીને પ્લેટ ઉપર એકઠા થાય છે. આ પ્લેટને 'ટાર્ગેટ પ્લેટ' કહેવામાં આવે છે. આ ટાર્ગેટ પ્લેટ પર પેલાં ઇલેક્ટ્રોન વડે એક અદૃશ્ય 'ઇલેક્ટ્રોન ચિત્ર' બને છે.

હવે ચિત્ર એક એવા પ્રવાહ રૂપે પરિણત થાય છે, જેને 'ચિત્રસંક્ષેપ' કે 'પિક્ચર સિગ્નલ' કહેવામાં આવે છે. આ સંકેત પ્રવાહિત થઈને પ્રેષક-યંત્ર સુધી જાય છે. આ માર્ગમાં પેલો પ્રવાહ પ્રબળ અને વિસ્તૃત બને છે, પરંતુ સંપૂર્ણ ચિત્ર એક સામટું 'ચિત્ર સંકેત'નું રૂપ નથી પકડતું. એને ખંડ-ખંડ રૂપે ચિત્ર સંકેતમાં બદલવામાં આવે છે. ઑર્થિકોન ટ્યૂબના પાછલા ભાગમાં એક 'ઇલેક્ટ્રોન ગન' હોય છે. તેનું કામ 'ટાર્ગેટ' પર ઇલેક્ટ્રોન ચિત્રને લયાત્મક કરવાનું છે. જેવી રીતે આપણે કોઈ પુસ્તકના પાના પર ક્રમશઃ ગોઠવાએલી પંક્તિઓ વાંચીએ છીએ, તેવી રીતે આ 'ટાર્ગેટ' ઉપર એક પછી એક સીધી રેખાઓમાં વેગપૂર્વક એ પહોંચે છે. જે સમયે ચિત્રો 'ચિત્ર સંકેતો'માં પરિણત થાય છે, તે જ સમય દરમ્યાન ધ્વનિ 'ધ્વનિ સંકેત' રૂપે બદલાય છે. પ્રેષક યંત્ર એ બન્ને દૃશ્ય અને શ્રાવ્ય સંકેતોને વાયુમંડળમાં મોકલે છે.

ગ્રાહક ટેલિવિઝન-સેટનું મુખ્ય અંગ એક 'કેથડ-કિરણ નળી' છે, જેને 'ચિત્રનળી' (પિક્ચર ટ્યૂબ) કહેવામાં આવે છે. કેમેરાની પાછળની ગન જેવી જ એક 'ઇલેક્ટ્રોન ગન' ટેલિવિઝન સેટમાં પણ હોય છે. જે સમયે કેમેરાની 'ઇલેક્ટ્રોન ગન' સક્રિય હોય છે, ટેલિવિઝન સેટની 'ગન' પણ એ જ ક્રમમાં ચિત્રનળીમાં સક્રિય રહે છે. તેને કારણે ઇલેક્ટ્રોન્સની એક કિરણાવલી વિકીર્ણ થાય છે (ફેલાય છે). 'ચિત્રનળી'ના મોટા છેડા સાથે જોડાએલા મોટા પડદા પર એટલે જ આપણે ચિત્ર જોઈ શકીએ છીએ. આ પડદાની અંદરના ભાગમાં રાસાયણિક લેપ હોય છે, જે ઇલેક્ટ્રોન્સ પડવાને કારણે ચમકે છે. જેમ જેમ ઇલેક્ટ્રોન્સ ક્રમશઃ પડદા પર પડે છે, તેમતેમ તે 'કેમેરાની આંખ' જેવાં ચિત્રો જુએ છે, તેવાં ચિત્રોની રચના કરે છે. આ ચિત્રો એટલી ઝડપથી આપે છે કે તે હરતાં-ફરતાં પણ દેખાય છે. ચિત્રનળીમાં ચિત્રો તૈયાર થવાની સાથે જ અન્ય નળીઓ અને લાઉડ સ્પીકર મારફત અવાજ પણ આવે છે, જે આપણને સાંભળવા મળે છે. ટેલિવિઝન-કાર્યક્રમોને લાવનાર તરંગો પ્રસારણકેન્દ્રમાંથી સીધી રેખામાં આવે છે. પૃથ્વીની સપાટી ગોળાકાર હોવાને કારણે ગ્રાહક-ટેલિવિઝન સેટ પ્રસારણ કેન્દ્રથી ખૂબ દૂર હોય તો કાર્યક્રમ પકડી શકતો નથી. એ માટે ઊંચા એરિયલની જરૂર પડે છે. રંગીન ટેલિવિઝનની રચના વધુ જટિલ હોય છે, પરંતુ તેનો સામાન્ય ઢાંચો તો આ પદ્ધતિને મળતો જ આવે છે. રંગીન ટેલિવિઝનમાં ચિત્ર અદૃશ્ય તરંગોમાં બદલાય છે અને અદૃશ્ય તરંગો પરિવર્તિત થઈને વળી પાછી 'ચિત્રરચના' કરે છે.

આમ, 'ટેલિવિઝન' એ આ સદીના અમૂલ્ય ઉપહારો પૈકીનો એક લોકોપયોગી ઉપહાર છે.

'સમૂહ માધ્યમો અને સાહિત્ય'માં જણાવ્યા મુજબ ઇ.સ.૧૯૩૬ની બીજી નવેમ્બરે બી.બી.સી.ની પ્રથમ ટેલિવિઝન-સેવાનો આરંભ થયો હતો. ઈંગ્લેન્ડના પોસ્ટ માસ્તર જનરલ મેજર જી.સી. ટાયરોને પણ 'મેક અપ' કરાવવો પડ્યો હતો. આ સમયે બ્રિટનમાં ત્રણસો જેટલા ટેલિવિઝન સેટ હતા. ૧૯૩૭માં બી.બી.સી.એ શાહી રાજ્યાભિષેકનું જીવંત પ્રસારણ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધાં! ત્યાર બાદ રમત-ગમતની વિવિધ સ્પર્ધાઓનું પણ બી.બી.સી. દ્વારા સુંદર રીતે પ્રસારણ થયું. ૧૯૩૯માં બી.બી.સી.ની દૂરદર્શન પ્રસારણ-સેવા બંધ થઈ ગઈ. સાત વર્ષ બાદ ઇ.સ. ૧૯૪૬માં તેનો પુનઃ આરંભ થયો.

૧૯૩૯માં ન્યૂ યોર્કના એક મેળામાં નેશનલ બ્રોડકાસ્ટિંગ કંપનીએ લોકોને ટેલિવિઝન કાર્યક્રમ દેખાડ્યો. ૧૯૪૦માં અમેરિકામાં ૨૩ ટેલિવિઝન કેન્દ્રો હતાં. બીજા વિશ્વયુદ્ધ બાદ ૧૯૪૯માં દસ લાખ, ૧૯૫૧માં એક કરોડ અને ૧૯૫૯ સુધીમાં ટેલિવિઝન સેટ ધરાવનારાઓની સંખ્યા પાંચ કરોડ પર પહોંચી ગઈ. ૧૯૬૨થી રંગીન પ્રસારણની સાથે કૃત્રિમ ઉપગ્રહ દ્વારા પણ પ્રસારણો આરંભાયાં. ભારતમાં ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૯થી ટેલિવિઝન કાર્યક્રમનો આરંભ થયો. ૧લી એપ્રિલ, ૧૯૭૬થી 'ટેલિવિઝન'ને રેડિયોથી અલગ કરવામાં આવ્યું અને તેને 'દૂરદર્શન' નામ પ્રાપ્ત થયું. આજે ૫૨૦ ટ્રાન્સમિટરના નેટવર્ક દ્વારા ભારતની ૭૯% વસતી (લગભગ ૫૨ કરોડ)ને આવરી લેવામાં આવી છે. દેશમાં કાર્યક્રમ નિર્માણ કરનારાં ૧૮ કેન્દ્રો છે, જેમાં દિલ્લી, કલકત્તા, મદ્રાસ, મુંબઈ, લખનૌ, જલંધર, શ્રીનગર, જયપુર, હૈદ્રાબાદ, અમદાવાદ, બેંગ્લોર, ગોરખપુર, રાજકોટ, રાંચી, નાગપુર, ગૌહતી, ત્રિવેન્દ્રમ્, - વગેરેનો સમાવેશ થાય છે. સાતમી યોજનાને અંતે આ કેન્દ્રોની સંખ્યા ૪૮ અને ટ્રાન્સમિટરોની સંખ્યા ૫૪૫ સુધી પહોંચશે અને એ રીતે દેશની ૮૪% વસતીને દૂરદર્શન-પ્રસારણ હેઠળ આવરી લેવામાં આવશે.

૧૯૯૧ સુધીમાં ૧૮ હાઈપાવર ટી.વી. ટ્રાન્સમિટર્સ, ૨૨ લો-પાવર ટ્રાન્સમિટર્સ અને ખૂબ લો-પાવર ટ્રાન્સમિટર તથા ૧૯ કાર્યક્રમનું નિર્માણ કરનારાં કેન્દ્રો (સાતમી યોજનામાં મંજૂર થયા મુજબ) કામ કરતાં થઈ જશે.

'સેટેલાઈટ ટેક્નોલોજિ'ના ઉપયોગથી દૂરદર્શન પ્રસારણમાં અદ્‌ભુત પરિવર્તન આવ્યું છે. ૧૯૮૨થી દલ્હીથી રાત્રે ૮-૪૦થી ૧૧-૧૫ સુધીના ૧૫૫ મિનિટના રાષ્ટ્રિય કાર્યક્રમનું લોકપ્રિય પ્રસારણ શરૂ થઈ ચૂક્યું છે. દૂરદર્શનનાં વિવિધ કેન્દ્રો પ્રાદેશિક ભાષાઓમાં પણ પોતપોતાના કાર્યક્રમો આપે છે. દૂરદર્શને ઑક્ટોબર ૧૯૬૧થી શાળાઓ માટેનો કાર્યક્રમ પણ શરૂ કર્યો! આ કાર્યક્રમો પૂરકજ્ઞાનવર્ધક અને અભ્યાસક્રમલક્ષી બન્ને પ્રકારના છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સહયોગથી ઑગસ્ટ ૧૯૮૪થી ઉચ્ચશિક્ષણના કાર્યક્રમોનો પણ આરંભ થયો છે. ઇનસેટ -

૧ બી ની મદદથી પ્રાથમિક શિક્ષણને લગતા દૂરદર્શન કાર્યક્રમો પણ પસંદગીનાં રાજ્યો- ઓરિસ્સા, બિહાર, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત-માં આરંભાયા છે. એમાં ૫-૬ તથા ૯-૧૧ વય જૂથનાં બાળકોને લક્ષમાં રાખવામાં આવ્યાં છે.

દૂરદર્શને 'એશિયન ગેઈમ્સ' ૧૯૮૨, ૧૯૮૬ની સાર્ક કોન્ફરન્સ તથા ૧૯૮૭ના રિલાયન્સ કપ જેવા મહત્ત્વના પડકારભર્યા કાર્યક્રમોનું પ્રસારણ સુપેરે પાર પાડ્યું છે. ફેબ્રુઆરી, ૧૯૮૭થી દૂરદર્શનની પ્રાતઃકાલીન પ્રસારણ સેવાનો આરંભ પણ કરવામાં આવ્યો છે. એની અવધિ એક કલાક ચાલીસ મિનિટની છે. તેમાં હિન્દી-અંગ્રેજીમાં સમાચાર, સ્વાસ્થ્ય, સંગીત, નૃત્ય, પ્રહસન તથા બાળકોને લગતા કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૭૬થી રમત-ગમત અને વાણિજ્યના પ્રસારણ ઉપરાંત પ્રાયોજિત શ્રેણીઓને દૂરદર્શન પર સ્થાન પ્રાપ્ત થયું છે. છેલ્લાં ત્રણ વર્ષોમાં દૂરદર્શન પરથી પ્રસારિત થતી જાહેરાતોની કુલ આવક રૂપિયા ૫૦૭.૬૯ કરોડ સુધી પહોંચી છે. દૂરદર્શનની 'ટૅલિટેક્સ' સેવાનો પણ પ્રારંભ થયો છે. દૂરદર્શનનો ધ્યેય દેશના જુદા-જુદા ભાગોમાં રાષ્ટ્રિય, પ્રાદેશિક તેમ જ સ્થાનિક કાર્યક્રમો દર્શકો માટે સુલભ બનાવવાનો છે. ભારતનાં ગામડાંઓ માટે 'સાઈટ કન્ટિન્યૂઈટિ' યોજના હેઠળ છ રાજ્યોમાં એક એક પછાત જિલ્લામાં ૪૦૦ના હિસાબે કુલ ૨૪૦૦ ટૅલિવિઝન સેટ ગામડાંઓમાં મૂકવામાં આવ્યા, જેને કારણે ગ્રામીણ જનતાને મનોરંજનની સાથે સાથે વિકાસલક્ષી કાર્યક્રમો તથા લોકશિક્ષણનો લાભ થયો. સંચાર ઉપગ્રહોની સેવાઓ રંગીન પ્રસારણની દૃષ્ટિએ અત્યંત ઉપકારક સિદ્ધ થઈ છે.

દૂરદર્શન હાલ ભારત સરકાર હસ્તક છે, પણ 'પ્રસાર ભારતી' ખરડામાં આકાશવાણી તથા દૂરદર્શનને સ્વાયત્તતા આપવાની જોગવાઈ વિચારવામાં આવી છે.

અન્ય માધ્યમોની સરખામણીમાં ટૅલિવિઝન પાસે ધ્વનિ, ચિત્ર અને ગતિની વિશિષ્ટ શક્તિ છે એટલે તે દર્શકના મનને જકડી રાખવામાં વધુ સફળ બની શક્યું છે. ભારતમાં નિરક્ષરતા, વસતીવધારો, અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો તથા અનેક પ્રકારનું પછાતપણું જોવા મળે છે, ત્યારે દૂરદર્શન દેશના વિકાસ અને ઉત્થાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પ્રભાવશાળી માધ્યમ બને તેમાં જ તેની સાર્થકતા છે. □

અનુસંધાન] પુષ્પાબહેન મહેતા [પૃ. ૯૩ પરથી

ફસાયેલી, વેશ્યાગૃહોમાં ધકેલાયેલી, હરણી જેવી ફફડતી, વાવકૂવાનો આશ્રય લેવા કે કેરોસીનનું ડબલું ઠાલવી કાંડી મૂકી મહામૂલી જિંદગીને હોમી દેવાનો વિચાર કરતી થાકેલી, હારેલી, હિંસક પ્રાણી પાછળ પડ્યું હોય એવી બાળાઓ, યુવતીઓ, પ્રૌઢાઓ અને વૃદ્ધાઓને તેમણે આવી સંસ્થાઓ દ્વારા વ્હાલપ અને વિસામો આપ્યાં.

રાજ્યસભામાં હતાં ત્યારે તેમનો અનુભવ ડાયરીમાં ડોકાય છે:

'સરકારનું વેડફાતું ધન ને ગરીબોનું શોષણ જોયું...

સરકારનું ખર્ચ ૧/૩ નકામું થાય છે. વિકાસના નામે થતો ધુંવાડો ધ્યાન માગે છે, પણ વિચારવાની કોને ફુરસદ છે?'

છેક ૧૯૮૬માં ૮૧ની વયે ૧૮ની સ્ફૂર્તિ દાખવી દુકાળરાહતના કામમાં ખૂંપી ગયેલાં પુષ્પાબહેન પર કામ કરતાં કરતાં જ પક્ષાઘાતનો હુમલો થયો. તબિયત ઠીક થાય ન થાય તે પહેલાં જ તેમની સારવારમાં રોકાયેલાં એકનાં એક સંતાન ડૉક્ટર ઉષાને ઉપાડી લઈ નિયતિએ એમના ઉપર જાણે વજ્રપાત કર્યો. ૧૯૮૮ના એપ્રિલની બીજીએ વિધાતાનું તેડું આવ્યું ત્યાં સુધી જે સમતાથી ૧૯૮૩નો જાનકીદેવી બજાજ એવૉર્ડ મળ્યાનો આનંદ જીરવ્યો હતો, જે સમતાથી અકાળે આવેલા વૈધવ્યને જીરવી જીવનને સમાજોપયોગી બનાવ્યું હતું તે જ સમતાથી કથળેલી તબિયત અને અપત્ય-વિરહનું વિષ પણ નીલકંઠ બની પી લીધું.

તેમની અંતિમ ઇચ્છામાં તેઓ લખે છે : 'મારું સ્મારક કરવું નહિ..., મારું જીવન જેની પાછળ મેં અર્પ્યું છે એ સંસ્થાઓને વિકસાવવી અને સ્થિર કરવી એ મારું સ્મારક છે.'

તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમની કલમ પણ સર્જનશક્તિના ચમકારાવાળી હતી; પણ ગાંધીવિચારધારાથી પ્રભાવિત પુષ્પાબહેને 'સાબાર ઉપરે માનુષ'ને જ મહાન કલા સમજી જીવનને ચરિતાર્થ કર્યું. આ માસની ૨૧મીએ આવતી તેમની જન્મજયંતી નિમિત્તે તેમનું જીવન સહુને આ કપરાકાળમાં પ્રેરણાસ્રોત બની રહે એમ પ્રાર્થીએ. □

શ્રી યશવન્ત મહેતાને પારિતોષિક

બાલસાહિત્યના સર્જક અને જાણીતા પત્રકાર શ્રી યશવન્ત મહેતાને તેમના બાલસાહિત્યના પુસ્તક 'ખોવાયેલી દુનિયાની સફરે' માટે નૅશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રીસર્ચ ઍન્ડ ટ્રેઈનિંગ (એન.સી.ઈ.આર.ટી.)ની સ્પર્ધામાં રૂા. ૧૦,૦૦૦નું રાષ્ટ્રિય પારિતોષિક એનાયત થયું છે. આ પુસ્તકમાં બાળકિશોરોને પ્રાચીન સંસ્કૃતિનો રસપ્રદ પરિચય મળી રહેશે.

•।। कथासरित्सागर ।।•

કનુભાઈ જાની

પ્રથમ લમ્બક : તરંગ પાંચમો (ચાલુ)
(શ્લોક ૭૯ થી ૧૪૧)
મિત્રદ્રોહનું ફળ

'હવે, કાણભૂતિ! એકવાર આ યોગનન્દનો પુત્ર નામે હિરણ્યગુપ્ત મૃગયાર્થે (જંગલમાં) નીકળેલો. ઘોડો હતો વેગીલો; તેથી એ તો બહુ દૂર દૂર નીકળી ગયો. એ એકલો હતો. વનમાં ફરતાં ફરતાં જ દિન આથમી ગયો. એટલે રાત ગાળવા માટે એ તો એક ઝાડ પર ચડી ગયો. થોડી વારે સિંહથી ભય પામેલું એક રીંછ પણ એ જ વૃક્ષ પર ચડી આવ્યું. એથી ભડકેલા રાજપુત્રને જોઈને માનવવાણીમાં એ બોલ્યું, 'મારાથી (જરાય) બીશ નહિ, હોં! તું તો મારો મિત્ર છે.' આમ કહીને એણે એને નિર્ભય કર્યો. રીંછનાં વેણથી નિશ્ચિન્ત થઈ રાજપુત્ર તો પછી સૂતો; રીંછ જાગતું રહ્યું. ત્યાં તો નીચેથી સિંહ (આવીને) બોલ્યો : '(અલ્યા) રીંછ! આ માણસને નીચે ફેંક એટલે હું (એને લઈને) જતો રહું.' ત્યારે સિંહ કહે, 'પાપીઆ! હું મિત્રઘાતકી નથી!'

પછી તો (જ્યારે) રીંછનો ઊંઘવાનો ને રાજપુત્રનો જાગવાનો વારો આવ્યો, (ત્યારે) પાછો (પેલો) સિંહ (આવીને) કહે, '(અલ્યા) માણસ! આ રીંછને નીચે ફેંક...' એ સાંભળતાં જ, પોતાના પરના ભયથી (જાત બચાવવા), સિંહને રાજી કરવા રીંછને એણે ધકેલ્યો તો ખરો પરંતુ, આશ્ચર્ય એ કે, દૈવયોગે તત્ક્ષણ જાગી ગયેલો તે નીચે ન પટકાયો. 'મિત્રદ્રોહી, (જા) ગાંડો થા!' કહીને એણે, જ્યાં સુધી આ વૃત્તાંતની કોઈને જાણ થાય નહિ ત્યાં સુધી એ ટકે એવો શાપ આપ્યો.[1] સવારે રાજકુમાર સ્વગૃહે પાછો ફર્યો; પાગલ થઈ ગયો. એ જોઈને યોગનન્દ અત્યંત દુઃખી થયો. બોલી ઊઠ્યો, 'આવે વખને જો વરરુચિ જીવતો હોત તો આ બધું શું છે તે જરૂર જાણી શકત. (અરેરે!) ધિક્કાર હોજો એની હત્યાની મારી ચાલાકીને!' રાજાનું આવું વેણ સાંભળીને શકટાલે વિચાર્યું કે, 'હં, કાત્યાયનને પ્રકટ કરવાની આ યોગ્ય ઘડી છે. એ સ્વમાની પુરુષ હવે અહીં (રાજાની સેવામાં) રહેશે નહિ; અને રાજા મારા પર વિશ્વાસ રાખશે.' એવું વિચારીને, રાજા પાસેથી અભયવચન મેળવીને, એણે (રાજાને) કહ્યું, 'હે મહારાજ! દુઃખી થાવ મા! વરરુચિ જીવિત છે.' કે તરત યોગનન્દ કહે, 'જલદી એને અહીં લઈ આવ.' એટલે પરાણે[2] મને શકટાલ યોગનન્દ પાસે લઈ આવ્યો, અને મેં રાજકુમારને જોયો. 'પ્રભુ! આણે તો મિત્રદ્રોહ કર્યો છે' એમ કહીને મેં, સરસ્વતીની કૃપાથી (વૃક્ષેથી રીંછને કેવી રીતે પાડ્યો વગેરેની) સઘળી ઘટના કહી બતાવી. પેલો શાપમુક્ત થઈને મારી સ્તુતિ કરવા લાગ્યો. '(પણ) તેં આ બધું જાણ્યું કેવી રીતે?' એમ રાજાએ મને પૂછ્યું. એટલે મેં કહ્યું, 'રાજન! પ્રજ્ઞાવાનોની બુદ્ધિ તો લક્ષણો-અનુમાનોથી, પ્રતિભાથી બધું જુએ!' જેમ મેં પેલા તલ વિષે જાણ્યું (-અનુમાન્યું) હતું એમ જ આ બધુંય (મેં જાણ્યું).' મારાં આવાં વેણ સાંભળીને રાજા શરમાયો, પસ્તાયો. પછી રાજસત્કારની પરવા કર્યા વિના, મારી નિર્દોષતા સિધ્ધ થઈ એ મોટો લાભ માનીને, હું પાછો ઘેર આવ્યો. જ્ઞાનીનું ધન શીલ એ. ('શીલં હિ વિદુષાં ધનમ્'.)

હું ત્યાં (ઘેર) પહોંચ્યો કે ત્યાંનાં સૌ લોકો મારી આગળ રડવા લાગ્યાં. હું બેબાકળો બની ગયો. ત્યારે ઉપવર્ષ કહે, 'રાજાએ તારો વધ કર્યો એ જાણીને ઉપકોશાએ દેહ અગ્નિને સોંપ્યો,[3] અને શોકથી તારી માતાનું હૈયું ફાટી પડ્યું.' સાંભળતાં જ કોઈ આંધિગ્રસ્ત વૃક્ષ ધરાએ ઢળે એમ હું એકાએક આવી પડેલા (આ) આઘાતથી મૂર્છા પામી ભૂમિ પર ઢળી પડ્યો; ક્ષણવારમાં તો વિલાપના રસે ચડ્યો! 'સ્નેહી જતાં ભભૂકેલો શોકાગ્નિ કોને નથી બાળતો?[4] જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી આ (અનિત્ય ચલાયમાન) જગતમાં કશુંયે જો નિત્ય (અચલ) હોય તો તે છે એકમાત્ર અનિત્યતા જ! એ તો ઈશ્વરની માયા છે;[5] એ જાણવા છતાં આ મોહ શો?' આવાં આવાં વચનોથી ત્યાં આવીને, મને (ઉપાધ્યાય) વર્ષે બોધ આપ્યો, એથી વળી મને માંડમાંડ થોડોક કરાર વળ્યો. વિરક્ત હૃદયે, બધાં જ બંધનોનો ત્યાગ કરીને, પ્રશમનો એકમાત્ર સહારો લઈ, તપોવનમાં મેં આશ્રય લીધો. કેટલાક દિવસો ગયા હશે, તપોવનમાં હું હતો એ દરમ્યાન અયોધ્યાથી એક બ્રાહ્મણ આવ્યો. મેં એને યોગનન્દના રાજ્ય વિષેના ખબર પૂછ્યા. મને એ ઓળખી ગયો; શોકથી કહે, 'સાંભળો નન્દનો વૃત્તાંતઃ- (શ્લોક ૧૦૭)

ચાણક્યની કથા[6] (શ્લોક ૧૦૮ થી ૧૪૧)

તું એને છોડીને ગયો પછી શકટાલને તો ઘણે વખતે તક મળી. યોગનન્દના વધનો ઉપાય એ વિચારવા લાગ્યો. ત્યાં એની નજરે ચાણક્ય નામે એક બ્રાહ્મણ પડ્યો, એ (પોતાના માર્ગમાંની) જમીન ખોતરતો (હતો). 'તમે આ જમીનમાંથી શું ખોતરો છો?' એમ પૂછ્યું, તો કહે, 'આ દાભડો[7] મારા પગે વાગે છે તેને હું જડમાંથી (ખોતરી) કાઢું છું.' એ સાંભળીને તરત જ મન્ત્રીએ, કોપથી આવો નિર્ણય લેનાર આ બ્રાહ્મણ જ યોગનન્દના વધનો ઉપાય, એમ (મનોમન) ઠરાવ્યું. નામ પૂછ્યું. પછી કહે, 'હે બ્રહ્મદેવ ! રાજા નન્દને ત્યાં ત્રયોદશી શ્રાધ્ધ (તેરમાનું સરાવવા)નું નોંતરું હું આપને દઉં છું. દક્ષિણા મળશે એક લાખ સુવર્ણમુદ્રા. વળી આપ જ સૌના અગ્રેસર; આપની પતરાળી

પહેલી (પડશે). માટે મારે ગૃહે પધારો' કહીને શકટાલ એ ચાણક્યને પોતાને ઘેર તેડી ગયો. શ્રાદ્ધને દિવસે એ બ્રાહ્મણ રાજાને બતાવ્યો; રાજાએ સ્વીકાર્યો. એટલે પછી તો શ્રાદ્ધ વખતે એ ત્યાં જઈને, મુખ્ય-પુરોહિતપદે[8] બેઠો! (પણ) સુબન્ધુ નામે એક બ્રાહ્મણ પણ પોતાને માટે એ પદ ઇચ્છતો હતો. એટલે શકટાલે જઈને રાજા નન્દને પૂછ્યું. નન્દ કહે, 'બીજો કોઈ યોગ્ય ગણાય જ નહિ. મુખ્યપદે તો સુબન્ધુ જ બેસશે.' ભયભીત શકટાલે તો જઈને, 'આમાં મારો કાંઈ વાંક નથી' એવી ચોખવટ સાથે રાજાજ્ઞા ચાણક્યને કહી સંભળાવી! ક્રોધથી ચાણક્ય ચોપાસથી જાણે ભભૂકી ઊઠ્યો. શિખા[8] કરી છૂટી, અને પ્રતિજ્ઞા[9] લીધી : 'દિવસ સાતમાં જ આ નન્દને (હવે) મારે હણવો; એના વિનાશ પછી જ મારો કોપ શમશે, ને આ શિખા પાછી (તે પછી જ) બંધાશે.' એવું કહેનાર પર યોગનન્દ કુપિત થયો કે (તરત જ) ચાણક્ય ત્યાંથી પલાયન થઈ ગયો; અને શકટાલે એને, કોઈ ન જુએ એમ પોતાના ઘરમાં આશરો આપ્યો.

ગુપ્ત રીતે એ મન્ત્રીવરે બધી સાધન-સામગ્રી પણ પૂરી પાડી. એટલે એ દ્વિજ ચાણક્યે ક્યાંક જઈને કૃત્યાને[10] સાધી. એને કારણે યોગનન્દને દાહજ્વર વ્યાપ્યો અને (બરાબર) સાતમો દિવસ થતાંથતાંમાં તો તેના પ્રાણ નીકળી ગયા. પછી શકટાલે યોગનન્દના પુત્ર હિરણ્યગુપ્તને હણીને, (અસલી) પૂર્વનન્દના પુત્ર ચન્દ્રગુપ્તને રાજલક્ષ્મી સોંપી દીધી. (દેવગુરુ) બૃહસ્પતિ જેવી જેની બુદ્ધિ હતી એવા(ચાણક્ય)ને મન્ત્રીપદ માટે પ્રાર્થી, ચાણક્યને એ પદે સ્થાપી, યોગનન્દ પરના વેરનો બરાબર બદલો લેવાયો તેની કૃતકૃત્યતા અનુભવીને, પુત્રશોકે ઉદ્વિગ્ન થઈને, મન્ત્રી (તપશ્ચર્યાર્થે) વનમાં ચાલ્યો ગયો."[11]

આમ, હે કાણભૂતિ! એ બ્રાહ્મણને મુખે આ બધું સાંભળીને, બધું જ ચંચળ છે (અનિત્ય છે) એ જોઈને, મને અત્યન્ત ખેદ વ્યાપ્યો. એ ખેદને કારણે જ હું અહીં આ વિન્ધ્યવાસિનીનાં દર્શને આવ્યો. (અને) એની કૃપાથી જ, તને જોઈને મને મારા પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું, મિત્ર! દિવ્ય વિજ્ઞાન પ્રાપ્ત થયું. મેં તને આ મહાકથા (પણ) કહી સંભળાવી. (હાશ!) હવે હું પાપમુક્ત થયો; દેહમુક્ત થવા યત્ન કરીશ. પણ જ્યાં સુધી આ ત્રિભાષાત્યાગી[12] ગુણાઢ્ય નામનો દ્વિજ શિષ્યો સહિત અહીં તારી પાસે આવે નહિ ત્યાં સુધી તું તો અહીં જ રહે. એ પણ શિવજીનો એક ઉત્તમ ગણ છે. નામે માલ્યવાન. મારો પક્ષપાતી (હતો) તેથી, મારી જેમ જ દેવી(પાર્વતી)નો શાપ પામી, (અહીં) મૃત્યુલોકમાં આવી પડેલો છે. એને તારે, મહેશ્વરે કહેલી આ મહાકથા કહેવી. એથી તારી અને (સાથોસાથ) એની પણ (બન્નેની) શાપમુક્તિ થશે. એ પ્રમાણે કાણભૂતિને બધું વિગતે કહી, વરરુચિ દેહમોક્ષપ્રાપ્ત્યર્થે પવિત્ર એવા બદરિકાશ્રમ પ્રતિ ચાલી નીકળ્યો. (૧૩૨)

શાકાહારી મુનિ :

જતાં-જતાં એણે (વરરુચિએ) રસ્તામાં ગંગાતટે (એક) શાકાહારી મુનિને જોયા. એ ત્યાં જોતો હતો એટલામાં જ એની સામે જ મુનિના હાથે કુશના ઘાસનો કાપો પડ્યો; મહીંથી લોહી નીકળવા માંડ્યું; કૌતુકથી પ્રેરાઈને તેમ જ ઋષિના અહંકારની પરીક્ષા પણ થાય એ માટે, પોતાના પ્રભાવથી તેણે (વરરુચિએ) તે (રક્ત)નું શાકના રસામાં રૂપાન્તર કર્યું: એ જોઈને (તરત જ), 'ઓહો! હું તો સિદ્ધ છું'. એવો મુનિને ગર્વ થયો. ત્યારે વરરુચિએ જરાક હસીને કહ્યું, 'મેં જ જિજ્ઞાસાથી તમારા રક્તને શાકના રસામાં ફેરવ્યું છે; તો પણ, મુનિરાજ, તમે હજી સુધી અહંકાર છોડ્યો નથી! (અને) અહંકાર તો જ્ઞાનમાર્ગે મોટો આગળિયો,[13] પાર કરવો મુશ્કેલ બને એવો મોટો (અવરોધ) છે; અને જ્ઞાન વિના તો સેંકડો વ્રતોથી પણ મોક્ષ ન જ મળે. અરે, ક્ષણિક સ્વર્ગ (સુખ) પણ (સાચા) મુમુક્ષના ચિત્તને તો લોભાવે નહિ જ.

માટે ત્યાગી અહંકાર, જ્ઞાને યત્ન મુનિ! કરો.

'એમ એ મુનિને ઉપદેશી, એ મુનિ (પછી) જેને પ્રણમ્યો અને જેની સ્તુતિ કરી એવો વરરુચિ (પાછો) શાન્ત બદરિકાશ્રમને રસ્તે પડ્યો. ભંગૂર મર્ત્યદેહ ત્યાગવાની ઇચ્છાવાળા મુમુક્ષુ બનીને એણે દેવીનું શરણ લીધું. દેવીએ જાતે પ્રકટ થઈને દેહમુક્તિ માટે અંદરથી આપોઆપ જ પ્રકટતા અગ્નિ માટેનું ધ્યાન ધરવા કહ્યું. પછી એ (યોગાનલની) ધારણાથી (આ મૃત્યુલોકમાંનો માનુષી) દેહ પ્રજાળીને એ પાછો પોતાની દિવ્ય ગતિને પામ્યો. અને અહીં વિન્ધ્યાટવિમાં રહી ગયો (એકલો) પેલો કાણભૂતિ-ગુણાઢ્યના સમાગમની ઉત્સુકતાથી રાહ જોતો! (૧૪૧)

ઇતિ

મહાકવિશ્રી સોમદેવવિરચિત કથાસરિત્સાગરના

પ્રથમલમ્બકનો પાંચમો તરંગ પૂર્ણ.

પાદટીપ

૧. મિત્રદ્રોહની આ કથા મૂળમાં એક બૌદ્ધકથા હોવાનું બેન્ફી માને છે; આવી જ એક કથા 'પંચતંત્ર'માંના 'કર્મશતક'માં હોવાનું પણ એણે નોંધ્યું છે.

૨. મૂળમાં શબ્દ છે 'હઠાત્'; એનો 'હઠપૂર્વક' એવો અર્થ ન થાય; 'એકાએક' કે 'પરાણે' જેવા અર્થમાં આ શબ્દ હજી બંગાળ-બિહારમાં વપરાશમાં છે.

૩. ઈ.સ. ૧૮૨૯થી સતીપ્રથા ગેરકાનૂની ગણાઈ. એ વિષે પેન્ઝરે વિગતે નોંધ આપી છે.

૪. 'સ્નેહી જતાં...' થી વર્ષની ઉક્તિ ગણી છે. સંસ્કૃતમાં અવતરણચિહ્નોથી ઉક્તિવિશેષને અલગ પાડવાની પ્રથા ન હોવાથી, અનુવાદકોમાં પણ આવી બાબતમાં ક્યારેક જાતે નિર્ણય લેવો પડે. પેન્ઝર અને હિન્દી-અનુવાદક બન્ને આ ઉક્તિને વર્ષમુખની બહાર રાખે છે; પણ વર્ષનો દિલાસો ને બોધ અહીંથી જ આરંભાય એ સહજ લાગે છે.

૫. સરખાવો અખાનું વેણ : 'પલકે પલકે પલટે ઢંગ એ જ અખા માયાના રંગ'.

૬. 'ચાણક્ય કૌટિલ્ય' એ મથાળે એક ખાસ્સો ચોસઠ પાનાંનો લેખ રામનારાયણ વિ. પાઠકનો છે 'ગુજરાત પુરાતત્ત્વ-મંદિર' (અમદાવાદ) - પ્રકાશિત (૧૯૨૨) "આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા" નામે પુસ્તકમાં.

૭. આપ્ટે પ્રમાણે તો 'કુશ', 'દુર્વા', 'દર્ભ' સમાનાર્થી. દર્ભ વાગવાની વાત અહીં બે સ્થળે આવે છે (ચાણક્યની વાતમાં અને શાકાહારી મુનિની વાતમાં). હકીકતે 'કુશ', 'દર્ભ', 'મુંજ', 'દાભડો' - એ મોટું, લાંબા પાનની બંને બાજુ અવળી રુંવાટીએ તીણી ધારવાળું ઘાસ; જ્યારે દુર્વા કે ધરો દેખાવે કૂણું પણ પગે ખૂંચતું, ઉન્મૂલને તો અત્યન્ત દુષ્કર, જમીનમાં બરાબર ચીટકીને ઊંડે ઊંડે જનારું, ગાંઠેગાંઠે

…નારું ઘાસ. કુશ લોહી કાઢે એવું તીક્ષ્ણ; તેથી તીક્ષ્ણબુદ્ધિવાળો તે કહેવાયો 'કુશાગ્રબુદ્ધિ', 'કુશાગ્રબુદ્ધે કુશલી ગુરુસ્તે!' એમ 'રઘુવંશ'માં (૫.૪) કહેવાયું. એનું આસન પણ બને. રામે પોતાના પુત્રનું નામ પાડ્યું હતું 'કુશ'. દ્વારકા કહેવાતું 'કુશસ્થલ'. ત્યાં દર્ભનાં ઝુંડનાં ઝુંડ હશે.

જનોઈ, શ્રાદ્ધ, લગ્ન કે અન્ય કોઈપણ ધાર્મિક ક્રિયા વિધિમાં દર્ભ વિના ભાગ્યે જ ચાલે. વિધિઓ ઘસાતાં અને સામાજિક પરિવર્તન આવતાં પણ (જે સહજ છે), આને લગતી કહેવતો પણ હવે તો ઘસાવા માંડી છે, નહિ તો તરત યાદ આવત 'ફલાણો ગુજરી ગયો, પણ એનો છોકરો એવો પાક્યો કે પાછળ એ 'દરભની એક સેરેય ન પામ્યો.' દર્ભની સળીનુંય આટલું મહત્ત્વ! કેમ એમ હશે? વાંસનો સીધો સગોત્રી. વાંસની માફક દર્ભ પણ ગાંઠે-ગાંઠે ફૂટે-વાધે : શુક્લ યજુર્વેદમાં સરસ વર્ણન કર્યું છે :

'કાંડાત્ કાંડાત્ પ્રરોહન્તી પુરુષં-પુરુષસ્પપરિ,
એવાનો દૂર્વેપ્રતનુસહસ્ત્રેણ શતેન ચ'
(ડૉ. લક્ષ્મેશ જોષી સંપાદિત 'શ્રીરુદ્રપૂજાપ્રયોગ', અમ. ૧૯૮૧; પૃ.૨૫)

દૂર્વા વંશવિસ્તારવાચક અને વંશસાતત્યસૂચક. ધરો આઠમ એને માટે મનાય, ભાદરવા સુદ આઠમ સ્ત્રીઓ ધરો પૂજે અને વ્રત કરે. એની કથા ટૂંકમાં આવી છે :

ધરોઆઠમ આવી. સાસુ વહુને કહે : 'ખેતરેથી ઘાસ વાઢી લાવ.' વહુ વાઢે શી રીતે? ક્યાંક ધરો વઢાઈ જાય તો! પણ સાસુએ તો સાથે લીધી વાઢવા. તો ય વહુએ બીજું ઘાસ વાઢતાં વાઢતાં ય ધરો ન વઢાઈ જાય એની કાળજી રાખી. ભારો બાંધી સાસુ-વહુ ઘરે આવ્યાં; જુએ તો ઘર ભડભડ બળે! આગ લાગેલી. મહીં વહુનું નાનું બાળ! સાસુએ પોક મૂકી; પણ વહુને શ્રદ્ધા હતી. આગ બુઝાઈ; જોયું; તો બાળકનો ઘોડિયા ફરતી લીલી ધરો ચોટેલી, ને બાળક રમે! ધરોમાએ વંશ તૂટવા ના દીધો!

દૂર્વાની ઉત્પત્તિ વિષેની બે દંતકથાઓ પણ એની પવિત્રતા માટેની છે: સમુદ્રમંથનવેળા જ્યારે વિષ્ણુએ કુર્માવતાર લઈ મંદારપર્વતની ધરી ધારણ કરી, ત્યારે વિષ્ણુના જે કેશ ખર્યા તે આ 'કુશ'. બીજી કથા એવી છે કે સમુદ્રમંથન વખતે જ્યારે અમૃત નીકળ્યું ને દેવો એનું પાન કરતા હતા ત્યારે જે થોડાં બિન્દુઓ નીચે પડ્યાં તે જે ઘાસ પર પડ્યાં તે આ ઘાસ. દેવમુખના અમૃતનો જેના પર છંટકાવ થયો છે તે; એટલે, પવિત્ર પણ ખરું અને અમર પણ! છેક ઋગ્વેદના વારાથી એ પવિત્ર ગણાયું છે. ઋગ્વેદમાં 'શર' અને 'કુશર' નામે એ ઓળખાયું છે, તે પણ દર્ભ એમ પેન્ઝર કહે છે તે ચિન્ત્ય છે, કારણ કે 'શર' એટલે 'reed', 'નેતર', 'બરૂ, સરોડું, છીંણી નેતર, જવાઈ.' પણ હા, એ પ્રકારની દશ વનસ્પતિઓને આ વર્ગમાં ગણીને કૃષ્ણઅમાવાસ્યાના પૂર્વાહ્નમાં એની પૂજાનું વ્રત કરાતું એમ 'વ્રતપરિચય' નોંધે છે. (પૃ.૧૨૭) એની યાદીમાં તો વાળો (ઉશીર) અને જવ (યવા:) પણ છે!

૮. આપણી જ આગવી પરંપરાવાળા શબ્દનું ભાષાન્તર કરવા જતાં અન્ય સંસ્કૃતિવાહક અનુવાદકને કેવી મૂંઝવણ થાય, ને કેવાં ગોથાં ખાય એનાં ઠીક ઠીક દ્દષ્ટાંતો આ સારા ભાષાન્તરમાં પણ મળે; એવાં કે એ વાંચતાં, પાછું આપણને તો હસવું જ આવે! બે નમૂના તો અહીં જ મળે છે : 'મુખ્ય પુરોહિતપદે' એટલે 'at the head of the table. 'હેડ ઓફ ધ સેરિમની' નહિ! ને 'ચોટલી'નું અંગ્રેજી શું? "the lock of hair on the crown of his head." અમસ્તું તો ટોની-પેન્ઝરે અનેક રીત-રિવાજોની લાંબી વિગતો યૂરપીય વાચકોને આપી છે; અહીં પણ મૂળ શબ્દ રહેવા દઈ, નોંધ જ અપેક્ષિત હતી.

૯. સક્રોધ પ્રતિજ્ઞા લેવા-મૂકવાની અનેક તળપદી પદ્ધતિઓ છે. શિખા છોડવી-બાંધવી, તાસકમાં ફેરવાતું પાન ઉપાડવું, દ્રૌપદીએ કર્યું હતું એમ કેશ છુટ્ટા મૂકવા - આ બધાં આપણાં આગવાં જ 'મોટિફ્સ' બને.

૧૦. કૃત્યા : મેલી દેવી, મેલડી. કામણ-દૂમણ-મારણ વગેરે સાધવા માટે જેની સાધના કરાતી તે.

૧૧. વિશાખદત્તકૃત 'મુદ્રારાક્ષસ'ના વસ્તુમાં જો કે ફેર છે; છતાં એનું મૂળ અહીં હોવાનું કેટલાક માને છે. જો કે આ જ વસ્તુ પુરાણોમાં પણ છે. એટલે આ કથા અનેક રૂપાન્તરો સાથે પ્રાચીનકાળથી પ્રચલિત રહી લાગે છે.

૧૨. ગુણાઢ્ય સંસ્કૃત, પ્રાકૃત અને દેશ્ય એમ ત્રણે ભાષા જાણતો હતો; છતાં એ ત્રણેનો એણે ત્યાગ કર્યો હતો.

૧૩. મૂળમાં 'પરિઘ'. એટલે 'આગળો', 'આગળિયો'; એ ખૂલે તો જ રસ્તો ખૂલે. મૂળનું અહંકાર માટેનું આ રૂપક સચોટ હોઈ, ભાષાન્તરમાં જાળવવું જરૂરી લાગ્યું છે; અન્યોએ છોડ્યું છે. □

ભોળાભાઈ પટેલ

શેક્સપિયર ન્યૂ યૉર્ક અને હડસન







ઇંગ્લૅન્ડમાં શેક્સ્પિયરના વતન સ્ટ્રૅટફર્ડ અપૉન એવનમાં રવિવાર સિવાય રોજ એવનને તીરે બબ્બે થીએટરોમાં શેક્સ્પિયરનાં નાટકો ભજવાતાં હોય છે, પણ અમે જે દિવસે સ્ટ્રૅટફર્ડ ગયાં તે રવિવાર હતો! ઝાડીઝૂક્યા એવનને કિનારે ફરતાં સ્ટ્રૅટફર્ડની શેરીઓમાં ભમતાં શેક્સ્પિયરનો જનમ જ્યાં થએલો એ જૂના ઘરના આંગણમાં રસોડામાં મેડી પર આદરભાવે પગલાં માંડતાં શેક્સ્પિયરમય થઈ જવાયું હતું, પણ છેક દુનિયાના આ મહાન નાટકકારના ગામમાં આવ્યાં છતાં એનાં નાટક જોવાના કોડ અધૂરા રહી ગયા! એ માટે જ જાણે ફરી જવું પડશે. પણ એમ કંઈ જવાય છે!

ન્યૂ યૉર્કમાં જે દિવસે ઉતરાણ થયું એ જ દિવસે રાત્રે પ્રીતિબહેને (પ્રીતિ સેનગુપ્તાએ) કહેલું કે દર ગુરુવારે અહીંના સેન્ટ્રલ પાર્કમાં આ દિવસોમાં શેક્સ્પિયરનું નાટક ખુલ્લા રંગમંચ પર ભજવાય છે, તે આપણે જોવા જઈશું. ન્યૂ યૉર્ક જોવાની ઉત્તેજના હતી, ત્યાં તો અતિ ઉત્તેજનાની વાત.

પહેલી જુલાઈ હતી. ભારતમાં તો ઠેરઠેર ઘનઘોર વર્ષાના દિવસો હશે, પણ ન્યૂ યૉર્કનું આકાશ સ્વચ્છ હતું. વ્હાઈટ પ્લેઈન્સના પ્રીતિબહેનના નિવાસેથી નીકળ્યાં. ન્યૂ યૉર્કના સેન્ટ્રલ પાર્કમાં નાટક ભજવાય છે. આજે નાટક હતું 'Twelfth Night'

પણ એ પહેલાં બ્રૉડ વે સ્ટ્રીટ પર આવેલી બેન રેમાંડ કંપનીમાંથી અમેરિકાની યાદગીરી માટે થોડી સાડીઓની ખરીદી કરવાની હતી. હું વિચારતો હતો : કેવી વિડંબના છે! અમેરિકાથી સાડી ખરીદવાની! ત્રણ વાગ્યે એ દુકાન બંધ થવાની એટલે પહેલા ત્યાં પહોંચી જવું એમ વિચાર્યું. રાત્રે નાટક જોવાનું એટલે મોડું તો થવાનું એ ખ્યાલથી સેન્ડવિચ તૈયાર કરી લીધી હતી અને બીજી થોડી ખાદ્યસામગ્રી પણ.

વ્હાઈટ પ્લેઈન્સથી ન્યૂ યૉર્ક ખાસ્સું દૂર છે, પણ આખો માર્ગ હરિયાળીથી પ્રસન્ન કર છે, પછી તો વિરાટ હડસનને કાંઠે - રિવર ડ્રાઈવને માર્ગે બેન રેમાંડમાં પહોંચી ગયાં. ન્યૂ યૉર્ક આવા આવાગમનોમાં પરિચિતતા કેળવતું હતું. બેન રેમાંડમાં અહીં આવતા ગુજરાતીઓ જાય જ. ત્યાં કામ કરતો નિગ્રો સેલ્સમૅન પણ અમને આશ્ચર્ય પમાડતો એક સાડી બતાવતાં બોલ્યો : 'બહુ સરસ છે, લઈ લો.'

પ્રીતિ કહે, 'આપણે ખરીદેલી સામગ્રી કારમાં નહિ રાખીએ. કદાચ કાચ તૂટે.' અહીં કારના કાચ તોડીને ખાસ તો નિગ્રો કારમાંની સામગ્રી ઉઠાંતરી કરતા હોય છે. પછી તો કેટલીક ગાડીઓ પર એવી ચીપકાવેલી સૂચના પણ જોઈ : 'કારમાં કંઈ નથી, રેડિયો પણ નથી. કાચ તોડશો નહિ.'

બ્રૉડ વે એટલે તો નાટકોનો વિસ્તાર. અહીં એકાદ નાટક તો જોઈશું. નાટક જોવાનું અહીં મોંઘું પડે આપણને. ૩૦-૪૦ ડૉલરની તો ઓછામાં ઓછી ટિકિટ. આપણે હિસાબે તો છસ્સો-સાતસો રૂપિયા થઈ જાય! આપણી ટેવ જાય નહિ, ડૉલરનો રૂપિયામાં અનુવાદ કરીને જોવાઈ જ જાય. હડસનના કિનારે કિનારે અમે સેન્ટ્રલ પાર્કમાં આવ્યાં. નેચરલ હિસ્ટરિ મ્યૂઝીઅમ સામે ગાડી પાર્ક કરી પાર્કમાં પ્રવેશ કર્યો. ન્યૂ યૉર્ક જેવા નગર વચ્ચે આવડો વિશાળ પાર્ક?!

પાર્ક સહેલાણીઓથી રંગીન હતો. કેટલેક સ્થળે ફુટબૉલ અને બેઝ બૉલની રમતો પણ ચાલતી હતી. આ તરફ દરેક ઝાડ નીચેની હરિયાળી પર બેચારનું ઝુંડ પાથરણું પાથરી નાસ્તા આદિની સામગ્રી સાથે બેઠેલું હોય. પ્રીતિ કહે, 'આ બધાં શેક્સ્પિયરનું નાટક જોવાં આવેલાં છે. આજે અહીં જે નાટક ભજવાવાનું છે, તેની કોઈ ટિકિટ નથી હોતી, પણ પ્રવેશપત્ર લાઈનમાં ઊભા રહી લેવું પડે છે; પછી સવા છ વાગ્યે ટિકિટ, વહેલા તે પહેલા એ ધોરણે. લગભગ ત્રણ વાગ્યે તો અમે આવી ગએલાં. તપાસ કરી. પ્રવેશપત્ર માટે પણ નંબર અપાઈ ગયા છે. અરે, આટલા વહેલા? આજે હર વખત કરતાં પાર્કમાં વધારે લોકો છલકાયાં લાગે છે. હવે?

હવે અમારે સ્ટૅન્ડબાઈમાં પ્રયત્ન કરવાનો. અમારાં જેવાં તો બહુસંખ્ય જનો હતાં. સૌ પડ્યાં પડ્યાં ચોપડીઓ વાંચતાં બિઅર પીતાં રાહ જોતાં હતાં. આ પણ દૃશ્ય.

અમે પણ એક ઝાડ નીચે પાથરણું પાથર્યું. પછી 'Twelfth Night' નાટક અંગે વાત નીકળી. ડૉ. અનિલા દલાલ તો અંગ્રેજીનાં જ પ્રોફેસરને? એમણે તો નાટકના આરંભની ડ્યૂકને મોંઢે બોલતી પંક્તિઓ શરૂ કરી :

'If music be the food of love, play on, Give me excess of it....'

નાટક જોવાની અમારી ઉત્તેજના વધતી ચાલી, પણ એક દુશ્ચિંતા પણ મનમાં પેઠી - પ્રવેશ તો મળશે ને? આટલાં બધાં લોકોને - શેક્સ્પિયરનું આજે આટલાં વર્ષે પણ ઘેલું લાગે છે. રિવરસાઈડ શેક્સ્પિયરની શેક્સ્પિયરનાં સમગ્ર નાટકોની એક એક પ્રતિ એકવાર કવિ ઉમાશંકરે રઘુવીરને, ચંદ્રકાન્ત શેઠને અને મને એકસાથે ભેટ આપતાં અક્ષર પાડેલા તે યાદ આવ્યા - એક આત્માની યાત્રાનો આલેખ.'

પ્રીતિ કહે : 'આ નાટકમાં બેત્રણ સ્ટાર ઍક્ટરો ભાગ લઈ રહ્યા છે એનું પણ એક આકર્ષણ છે. દિગ્દર્શક છે જોસેફ પાપે. 'Dela courte Theatre' ની પ્રયોજના. અર્ધ ઑપનએર. એના વિજ્ઞાપનનું ચિત્ર પણ ગમી ગયું. એક બાજુ બીજના ચંદ્રની કોરમાં મનુષ્યાકૃતિ - સામે એક ફિગર અને ઉપર ભૂરા આકાશમાં તારા. શિયાળાની રાત્રિઓમાં આપણે ત્યાં ગામડાંઓમાં ભજવાતી રામલીલાની રાત્રિઓ યાદ આવી જાય.

સાંજ ઢળતાં લાઈન થવા લાગી. ટોળેટોળાં ધીમે પગલે લાઈન ભણી. અમે પણ જોડાયાં. આ ટોળાં જોતાં લાગે 'અત્ર ભવતિ વિશ્વ એકનીડમ્'. વળી પાછું થયું : કેટલાં બધાં શેક્સ્પિયરપ્રેમીઓ! લાઈન સરકતી ચાલી. આ પણ એક દૃશ્ય.

એક જણ ૫૦ સેન્ટમાં નાટકનો સાર વેચતો લાઈન આગળથી આમતેમ પસાર થતો હતો. ત્યાં લાઈનમાં ઊભેલી એક ચબરાક છોકરીએ વાતે વળગાડ્યો, એ વાતે વળગી ગયો. પ્રીતિ કહે, 'જોયું, સાર વેચવાનું ભૂલી ગયો!'

અમારી પાછળ પણ લાંબી હાર હતી. વ્યવસ્થા સાથે જોડાએલી એક છોકરીએ આવીને જાહેરાત કરી કે જેમની પાસે નંબરો નથી, તેઓ પણ સ્ટૅન્ડબાઈ માટે રાહ જોઈ શકે. અમને આશાનું કિરણ દેખાયું.

પણ પછી જેટલી ટિકિટો અપાતી, તેટલી અપાઈ ગઈ. ફરી પેલી છોકરી દેખાઈ : 'હવે નાટક શરૂ થશે, એ પછી ટિકિટો લીધેલમાંથી જેટલાં લોકો નહિ આવે, એટલી જગ્યાઓ ઉપર જ પ્રવેશ મળશે.' અમને થયું, એવું કોણ મૂરખ હોય કે પ્રવેશપત્ર મળ્યા પછી અહીં શેક્સ્પિયરનું નાટક ન જુએ ! છતાં ઊભાં રહ્યાં - 'hoping against hope.' અમારી જેમ ઘણાં હજુ ઊભાં જ હતાં.

ત્યાં પેલી છોકરી વાળ ઉછાળતી ફરી આવી - 'now there are little chances.'

શેક્સ્પિયર, શું તમારી સાથે અમારો યોગ નહિ થાય? પછી તો ચાલતાં ચાલતાં થીએટરનાં દ્વાર પાસે જઈ ઊભાં રહ્યાં. રોમિયો-જૂલિઅટનું આલિંગનબધ્ધ મુદ્રામાં અદ્ભુત શિલ્પ છે.

પ્રવેશપત્ર ન મળ્યું. મન મનાવ્યું કે આ મહાન સર્જકને માટે તો આવી કંઈ કેટલીય પ્રતીક્ષાઓ કરવી પડે. વિદેશયાત્રા દરમ્યાન એકાદ તક તો જરૂર મળશે. જેમને પ્રવેશ મળ્યો, એ જાણે સ્વર્ગલોકમાં પ્રવેશ્યાં હોય તેમ, તેમનાં ભાગ્ય વખાણી અમે પાર્કની બહાર આવ્યાં.

હવે અમારી પાસે સમય હતો. ઘેર જવાની ઉતાવળ હોય ભલા! પ્રીતિબહેને ગાડી હડસનને કાંઠે હંકારી. ત્યાં ૭૯ સ્ટ્રીટ બોટપિઅર ડેક ઉપર. જોયું તો અંદર રોમન પ્રેક્ષાગાર જેવા ખુલ્લા આકાશતળેના ખંડમાં સંગીતનો કાર્યક્રમ ચાલતો હતો. નિગ્રોની મંડળી હતી. મુખ્ય ગાનારને માથે વાદળી ટોપી, ડિલે રંગીન પહેરણ, નીચે ચારણ જેવો ઝૂલતો ઢીલો સુરવાલ. ટોપીમાંથી માથાના વાળની ગૂંથેલી લટો બહાર ઝૂલતી ઊછળતી હતી. એ નાચતો નાચતો મસ્ત બની ગાતો હતો. એને સાથ આપનારમાં એક ચારે કોરથી વાળ કપાવેલો નિગ્રો હતો. એક માથે સ્ટ્રો હેટ રાખી ઝૂમતો હતો, બીજાં બધાં મળી આઠનવ જણ હશે. બધાં મસ્ત બની ગાતાં હતાં. અને તાલે તાલે ઝૂમતાં હતાં. એક તરુણ શ્રોતાને તો શું થઈ આવ્યું કે પોતાની પાસે ઊભેલી પોતાની મિત્રને આખી ને આખી ઊંચકી લીધી અને નાચવા લાગ્યો. પેલીએ પણ એની કમર ફરતે પગ વીંટાળી દીધા હતા અને ઝૂમ્યા કરતી હતી. વચ્ચે વચ્ચે બંને જણ એકબીજાને ચૂમતાં જતાં હતાં. ઊભેલાંમાંથી બીજાં ઘણાં પણ નાચતાં હતાં. સંગીતનો લય જ એવો હતો. પ્રીતિના પગ પણ નર્તનથી થિરકવા લાગ્યા.

એક ગાન શરૂ થયું. 'Say you you you;' અને પછી તો જાણે પેલી ગાયક મંડળી અને શ્રોતાઓ બધાં ગાનમાં જોડાયાં. પેલો પ્રેમિકાને ઊંચકીને નાચનારો હજી થાકતો નહોતો. અસ્તમિત તડકામાં આખું દૃશ્ય આંખ-કાનને, તરબોળ કરતું હતું.

પછી અમે ધીરેધીરે સંધ્યાટાણે વધારે રમણીય બનેલી હડસનને કાંઠે થઈ, બ્રૉડ વે થઈ, સ્પેનિશ કૉલોનિને માર્ગેથી વ્હાઈટ પ્લેઈન્સ પાછાં આવ્યાં. શ્રી ચંદન મોશાએ ઉદ્ગાર કર્યો : 'So early?

નાટક જોવા મળ્યું હોત તો મધરાત થઈ હોત.

*

હડસનને ન્યૂ યોર્ક નગરને પાદરેથી વહેતી જોઈ, તે એનું એક રૂપ; પણ બીજે દિવસે સાંજે વ્હાઈટ પ્લેઈન્સથી ફેરી કે એવા કંઈક નામવાળા નાનકડા ગામની નજીકની હડસનને કાંઠે ગયાં. ટેકરીઓ પરથી જતો ઊંચોનીચો માર્ગ-મોટરગાડી ક્યાંક ગીચ ઝાડી વચ્ચેથી જાય, ક્યારેક વચ્ચે આવતાં બીજાં ગામનાં ઘરોની પછીતેથી. અમેરિકન

ગામ, વંસ્તીમાં નાનાં અને ઘર છૂટાંછવાયાં એટલું. દરેક ઘર આગળ મોટર; કવચિત બોટ આદિની તો નવાઈ હોય જ નહિ. રસ્તા પહોળા સ્વચ્છ. પ્રીતિબહેન ડ્રાઈવ પણ સરસ કરે. હોડીની જેમ ગાડી સરકતી જાય. એ પોતે સૌન્દર્યમાર્ગનાં યાત્રી હોવાથી આવાં બધાં સુંદર સ્થળો અમને બતાવવાની હોંશ.

લગભગ છ વાગ્યે હડસનને કાંઠે આવી પહોંચ્યાં. આ તો હડસન કે વહેતો સાગર? વિરાટ પટમાં બંને કાંઠે છલોછલ વહેતી. વન્યરૂપા. પશ્ચિમ તરફ ગિરિમાળા, આ તરફ પાર્ક, રેસ્તોરાં અને ચાલવાનો માર્ગ. આ પછી અવરજવર.

અમે એકદમ નજીક પહોંચી જળ હાથમાં લઈ આંખે અડકાડી ખડકાળ કાંઠે બેસી ગયાં. મને યાદ આવી ગુવાહાટી પાસે વહેતી બ્રહ્મપુત્ર. બ્રહ્મપુત્રની જેમ આ પણ નદ. ત્યાં પ્રીતિ કહે - આ અમેરિકાની ગંગા!

પર્વતશ્રેણીની પશ્ચાદ્‌ભૂ આ વિરાટ નદને શોભે. દૂર બિંઘમટન તરફ લઈ જતાં પુલની કમાન દેખાતી હતી. આ બાજુ ન્યૂ યૉર્ક નગર ભણીના બ્રિજ આછા ધુમ્મસમાં અદૃશ્ય.

હડસનનાં સ્વચ્છ કિનારે છલછલ થતાં પાણીમાં પગ ઝબકોળી બેઠાં.

વિશાળ પટમાં અનેક સેઈલ બોટ મોટર બોટ તરતી હતી. ધીમેધીમે સૂરજ ઢળવા લાગ્યો. એની લાલાશ પાણીમાં હલબલતી હતી. પાણીના રંગો બદલાવા લાગ્યા. જાંબલી ઝાંય. ફોટો લેવાની ઇચ્છા થઈ જ આવે. ડૉ. અનિલાએ કિલક કરી જ લીધું. ત્યાંથી પસાર થતા એક સજ્જને હસતાં હસતાં કહ્યું,'લાવો તમારા ત્રણનો ફોટો લઉં.' અમે પોઝ આપ્યો.

ગઈકાલે આ જ ટાણે ન્યૂ યૉર્કના મેનહટનમાંથી હડસનને જોઈ હતી. આજે અહીં. છલછલ યૌવના આજે અહીં મોહિનીરૂપ બની ગઈ હતી. પ્રીતિને કંઠેથી રવીન્દ્રસંગીતની પંક્તિઓ સહજ રૂપે ગુંજવા લાગી. અમને ત્રણેને રવીન્દ્રનાથ પ્રિય. આ સંધ્યા, આ હડસન, આ ગાન...

સૂર્ય વધારે લાલ થયો. ટેકરીઓ છાયાચિત્ર જેવી બનવા લાગી. એક પંજાબી પરિવારની ત્રણ બહેનો નદીકાંઠા પરની બેંચ પર આવીને બેઠી. ઉઘાડા બદનવાળો એક પ્રૌઢ કોઈ તોફાની આખલાને નાથવાની મુદ્રામાં વારંવાર વેગથી મોટરબોટ દોડાવતો પુલ પાસે પહોંચી જતો અને પાણી ઉછાળતો પાછો આવતો. જરા નજીકમાં જ એક બોટમાં બે મિત્રો લંગર નાખી બેઠા હતા. બોટ પાણીમાં સ્થિર છતાં કસમસાતી હતી અને પેલા બે બિઅર પીતા હતા.

દૂર એક સેઈલ બોટ પૂરું સફેદ શઢ ફરકાવી હડસનનાં પાણી પર મંદાક્રાન્તા ગતિએ સરતી હતી. હડસનના પ્રવાહ પર એક પાંખે ખોસેલું પતંગિયું, એકદમ 'poetic' દૃશ્ય. એમાં વળી એ સેઈલ બોટ હડસનનાં પાણી પર અસ્તાયમાન સૂરજના લાલલાલ લાંબા લાંબા પ્રતિબિંબિત પટ્ટામાંથી પસાર થઈ ત્યારે તો સામે જાણે કવિતા રચાઈ ગઈ. પાણીમાં એ લાલ પટ્ટાની ઝાંય બદલાતી રહી, કિનારા પરનાં છલક છલક પાણીએ સ્તબ્ધ ક્ષણોમાં સ્તબ્ધતા ભરતાં હતાં.

સૂર્ય લાલ પક્વ બિંબ બની ગયો. એકદમ રાતો લાલ. પહાડીના મસ્તકે મુકુટ બની થોડી વાર શોભી રહ્યો, પછી ઊતરી ગયો પહાડીની પેલી પાર.

પછી આકાશનો અને હડસનનાં પાણીનો રંગ એક થતો ગયો. ક્યાંક એક પંખી રહી રહીને વિદાયની વાણી બોલવાં લાગ્યું..... □

ન્યૂ યૉર્ક અમેરિકાનું ધમધમતું ઔદ્યોગિક આધુનિક નગર છે. એ ૩૦૪ ચોરસ માઈલના વિસ્તારમાં પથરાએલું છે. પ્રત્યેક ચોરસ માઈલે અહીંની વસતી ૨૬૩૦૦ની છે. આ મહાનગર પાંચ પરગણાંનું બનેલું છે. બ્રોન્ક્સ, બ્રુકલીન, મેનહટન, ક્વીન્સ અને રિચમન્ડ. બ્રોન્ક્સ સામાન્યત: રહેણાકનો વિસ્તાર છે, જ્યારે બ્રુકલીન ઔદ્યોગિક વિસ્તાર છે. આ સહુ પરગણાંમાં મેનહટન સૌથી જૂનું અને વિસ્તારમાં નાનું છે. અહીં આવેલી ફિફ્થ એવન્યૂ સડક પરથી ઈસ્ટર પરેડ નીકળે છે ત્યારે લોકો હજારોની સંખ્યામાં તેને નિહાળવા એકત્રિત થાય છે. સડક મેનહટનને બે ભાગમાં વિભક્ત કરે છે. સડકની બન્ને તરફ ન્યૂ યૉર્કના જગવિખ્યાત ડિપાર્ટમેન્ટ સ્ટોર, આધુનિક અને મોંઘાં રેસ્તોરાં અને વિખ્યાત ઈમારતો આવેલી છે. અહીં આવેલું બ્રોડ વે અભિનેતા, સર્જકો, કલાકારો, સંગીતકારો, નૃત્યકારો, કલાભાવકો આદિ સૌના આકર્ષણનું કેન્દ્ર છે.

ન્યૂ યૉર્કમાં ત્રણ હવાઈમથકો આવેલાં છે : જહોન એફ કેનેડિ એરપોર્ટ, લા ગાર્ડીઆ એરપોર્ટ અને નેવાર્ક એરપોર્ટ. પ્રથમ બે એરપોર્ટ ક્વીન્સ પરગણામાં આવેલાં છે, જ્યારે ત્રીજું ન્યૂ જર્સીમાં આવેલું છે. પ્રથમ બન્ને એરપોર્ટ જગતમાં સૌથી વિશેષ મોટાં અને પ્રવૃત્તિથી ધમધમતાં છે. જગતના તમામ દેશોમાંથી વિમાનો અહીં ઊતરાણ કરે છે અને અહીંથી ઊપડે પણ છે. જહોન એફ કેનેડિ એરપોર્ટ ૫૦૦૦ એકરના વિસ્તારમાં પથરાએલું છે. એમાં કદ વિશાળ ટર્મિનલો આવેલાં છે. આ ઈમારત પાસે આવેલાં ત્રણ દેવળો એનાં શિલ્પસ્થાપત્યકલા માટે વિશ્વવિખ્યાત બન્યાં છે.

ન્યૂ યૉર્કનું બારું દુનિયાનું સર્વશ્રેષ્ઠ બારું છે. આ બારાની સામે જ એક નાનકડા ટાપુ પર સ્ટેચ્યૂ ઑફ લિબર્ટિ (સ્વાતંત્ર્યની મૂર્તિ) છે. ઉત્તર ન્યૂ યૉર્કના લિબર્ટિ ટાપુ પર આ જગવિખ્યાત પ્રતિમા આવેલી છે. આ મૂર્તિ ફ્રાન્સે ૧૮૮૪ના જુલાઈની ચોથી તારીખે ભેટ આપી હતી. તેની સળંગ ઊંચાઈ ૯૩ મીટર. મૂર્તિ ૧૫૨ ફુટ અને તે મૂર્તિની પીઠિકાની ઊંચાઈ ૧૫૦ ફુટ છે. એમાં ઉપર જવા માટે ૧૦ માળ સુધી લિફ્ટની વ્યવસ્થા છે, જ્યારે બાકીની ઊંચાઈ ગોળ ફરતાં ૧૬૮ પગથિયાં ચઢીને આંબી શકાય છે. મૂર્તિના મુગટમાંથી ન્યૂ યૉર્કના ઉપસાગરને જોઈ શકાય છે અને ત્યાં ૮-૧૦ માણસો ઊભા રહી શકે તેટલી જગ્યા છે. ન્યૂ યૉર્કના બારા પર જુદા જુદા દેશોના જહાજોની અવરજવર સતત રહ્યાં કરે છે. એક અંદાજ પ્રમાણે પ્રતિવર્ષ અહીં ૨૬૦૦૦ થી પણ વધુ જહાજોની અવરજવર થાય છે. કહેવાય છે કે અમેરિકાનો ૪૦% જેટલો વિદેશ-વ્યાપાર આ બારા પરથી થાય છે. ન્યૂ યૉર્ક રેલવેનું પણ મહત્ત્વનું કેન્દ્ર છે.

ન્યૂ યૉર્કનું હવામાન વિચિત્ર છે. મધ્ય એપ્રિલથી મધ્ય મે સુધી અહીં વાસંતી વાતાવરણ હોય છે. મધ્ય સપ્ટેમ્બરથી આખા ઑક્ટોબર સુધી શિશિર વ્યાપેલી હોય છે. બાકીના સમયગાળામાં સખત ગરમી અને સખત ઠંડીનો અનુભવ થાય છે. રીતસરની વર્ષાઋતુ આ નગરમાં અનુભવવા મળતી નથી. વરસાદ મનફાવે ત્યારે મુલાકાત લઈ જાય છે. ડિસેમ્બરથી માર્ચ સુધી તો હિમવર્ષા પણ થાય છે.

ન્યૂ યૉર્કનાં પ્રસિદ્ધ દૈનિકો છે 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ', 'ન્યૂ યૉર્ક ડેઈલી ન્યૂઝ' અને 'ન્યૂ યૉર્ક પોસ્ટ'. સીબીએસ., એન.બીસી અને એબીસી એ ત્રણ રાષ્ટ્રવ્યાપી અમેરિકન દૂરદર્શનની ચેનલો અનેકાનેક કાર્યક્રમો અહીં પ્રદર્શિત કરે છે. અહીં સસ્તી, મોંઘી અને મધ્યમસરની હોટેલો આવેલી છે. મેનહટન પ્રવાસીઓનું આકર્ષણ કરે છે. હડસન અને ઈસ્ટ સરિતાનો આસપાસનો વિસ્તાર તેમજ ૩૪ અને ૯૯મી શેરીનો વિસ્તાર પ્રવાસીઓ માટે ફરવાલાયક ધામો છે. વળી, પાર્ક એવન્યૂ પરની ગગનચુંબી બહુમાળી ઈમારતો પણ અહીંનું મોટું આકર્ષણ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની વડી કચેરીનું બહુમાળી મકાન પણ અહીં જ આવેલું છે. એક વખતનું જગતનું સૌથી ઊંચામાં ઊંચું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, જે હવે ઊંચાઈમાં ત્રીજા નંબરે આવે છે તે, અહીં આવેલું છે. - તંત્રી

રક્ષાકવચ ઓઝોન અરક્ષિત

પ્રહ્લાદ છ. પટેલ

યુદ્ધ કશાકનું પરિણામ છે અને યુદ્ધનાં કેટલાંક પરિણામો હોય છે. યુદ્ધોત્તર પરિણામો કેટલાંક વર્ષો સુધી માણસને જીવનાં દોજખનો અનુભવ કરાવે છે. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ હિરોશીમા અને નાગાસાકી ઉપર પરમાણુબૉમ ઝીંકીને આ નગરોનો નાશ કર્યો તે સાથે મોટા પ્રમાણમાં માનવસંહાર પણ કર્યો. ૧૯૪૫માં ઝીંકાયેલા પરમાણુબૉમની અસરો આજે પિસ્તાળીસ વર્ષ બાદ પણ ચાલુ છે. પરમાણુબૉમના વિસ્ફોટથી ફેલાયેલ ન્યૂક્લિઅર વિકિરણોએ પાણી, પદાર્થો અને હવાને પ્રદૂષિત કર્યા. આ કિરણોત્સર્ગી વિકિરણોએ માનવદેહના કોષોને ગંભીર રીતે જખ્મી કર્યા છે. પરિણામે નવી પેઢીનાં બાળકો ખોડખાંપણ સાથે જન્મ લેતાં માલુમ પડ્યાં છે. વર્તમાન અખાતી યુદ્ધ આજે ખૂંખાર છે, જે ભવિષ્યને વધુ ખોફનાક બનાવશે. આ યુદ્ધમાં વપરાએલ દારૂગોળો અને તેલનો કદડો હવા તથા પાણીને પ્રદૂષિત કરશે અને તેની અસરો વાતાવરણના ઉપલા સ્તરોને ભયંકર નુકસાન કરશે. દારૂગોળાના વિસ્ફોટ અને તેલના કૂવાઓને ફૂંકી મારતા પેદા થતી આગમાંથી વિપુલ પ્રમાણમાં ઝેરી વાયુઓ પેદા થશે. આ ઝેરી વાયુઓ પૃથ્વીની સપાટીથી થોડે ઊંચે અવકાશમાં આવેલ ઓઝોનના આવરણમાં ગાબડાં પાડી શકે છે. ઓઝોનનું આવરણ પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિનું રક્ષાકવચ છે. જો આ રક્ષાકવચમાં બાકોરાં પડશે તો સૂર્યમાંથી આવતાં નીલાતીત (પારજાંબલી) ઘાતક વિકિરણો રોકટોક વિના પૃથ્વી ઉપર સડસડાટ પહોંચી જશે. પરિણામે જીવસૃષ્ટિના જીવંત કોષો બળી જશે અથવા જખમી થશે. અને તે માનવસર્જિત ભયંકર પ્રલય હશે! તો આ ધરતી ઉપર જીવસૃષ્ટિને ધબકતું રાખનાર ઓઝોન શું છે?

માનવનું નિવાસસ્થાન પૃથ્વી એ સૂર્યમંડળનો એક સભ્ય (ગ્રહ) છે. કરોડો વર્ષ પહેલાં સૂર્યમાંથી છૂટો પડેલો આ પૃથ્વી-ગ્રહ અત્યંત ગરમ હતો. બેહદ ગરમી અને ઝેરી વાયુઓને કારણે જીવસૃષ્ટિને અનુકૂળ આજની પૃથ્વી બની. પૃથ્વી ભિન્ન ભિન્ન આવરણો ધરાવે છે, જેવાં કે મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણ. પૃથ્વીનું વાતાવરણ એક અદ્દભુત રચના છે, જે જીવસૃષ્ટિને અસહ્ય ગરમી અને ઠંડી સામે રક્ષણ આપે છે. આ વાતાવરણમાં સજીવો માટે જરૂરી વાયુઓ રહેલા છે.

સજીવોની ઉત્પત્તિ અને વૃદ્ધિના સંદર્ભમાં વાતાવરણે પૃથ્વીને અદ્વિતીય ગ્રહ બનાવ્યો છે. વાતાવરણમાં ૭૮% નાઈટ્રોજન, ૨૧% ઑક્સિજન, કાર્બન ડાયોક્સાઈડ ૦.૦૪%, આર્ગન ૦.૦૯૩% અને હાઈડ્રોજન, નિયોન, હિલિયમ અને ઓઝોન જેવા નિષ્ક્રિય વાયુઓ રહેલા છે. માનવજીવન ઑક્સિજન અને વનસ્પતિ કાર્બન ડાયોક્સાઈડ ઉપર નિર્ભર છે. વાતાવરણ ન હોત તો દિવસે બાળી નાખે તેવી ગરમી અને રાત્રે થીજવી દે તેવી ઠંડી પડતી હોત.

પૃથ્વીની સપાટીથી પૃથ્વીને ફરતે સેંકડો કિલોમીટર સુધી આ વાતાવરણ વિસ્તરેલું છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણબળ વાતાવરણના વાયુઓને તેની આસપાસ જકડી રાખે છે, જ્યારે વાતાવરણનું તાપમાન વાયુના અણુઓને દૂર દૂર લઈ જાય છે. પૃથ્વીની સપાટી નજીકના અને વાતાવરણના સૌથી નીચેના સ્તરને અધોમંડળ (ટ્રોપોસ્ફિઅર) કહે છે. આ સ્તર આશરે ૧૨ કિ.મી. સુધી વિસ્તરેલું છે. જીવસૃષ્ટિ ઉપર આ અધોમંડળનો પ્રભાવ વિશેષ છે. વાતાવરણના બધા જ વાયુઓનો આશરે ૭૫% જથ્થો આ ભાગમાં રહેલો છે, જ્યાં વાદળ, વરસાદ, મેઘધનુષ્ય, મેઘગર્જના, ચક્રવાત, પવનના ઝપાટા અને વીજળીના કડાકા જેવી કુદરતી ઘટનાઓ જોવા મળે છે. આ ભાગને ક્ષોભમંડળ પણ કહે છે. આ ભાગ વિષુવવૃત ઉપર ૨૦. કિ.મી. સુધી અને ધ્રુવપ્રદેશ ઉપર ૯.૦ કિ.મી. સુધી વિસ્તરેલો છે.

૧૬થી ૮૦ કિ.મી. સુધીના વિસ્તારને ઊર્ધ્વમંડળ (સ્ટ્રેટોસ્ફિઅર) કહે છે.૧૬થી ૩૨ કિ.મી.ના વિસ્તારને સમતાપમંડળ કહે છે. આ વિસ્તારનું તાપમાન લગભગ અચળ રહે છે, તેમાં રજ અને ભેજ નહીંવત છે. અહીંથી આકાશ સ્વચ્છ અને ઘેરા રંગનું દેખાય છે. ૩૨થી ૫૦ કિ.મી.ના વિસ્તારને રસોમંડળ કહે છે, જેમાં ઓઝોન વાયુનો પટ્ટો છે. સૂર્યમાંથી ઉત્સર્જિત થતાં પારજાંબલી કિરણોનું આ વિસ્તારમાં શોષણ થાય છે. પરિણામે ઑક્સિજન અણુનું બે પરમાણુઓમાં વિભાજન થાય છે. આ રીતે છૂટો પડેલ ઑક્સિજનનો પરમાણુ ઑક્સિજનના અણુ સાથે સંયોજાતા ઓઝોનનો અણુ બને છે. પારજાંબલી કિરણોમાંથી મેળવેલી ઊર્જાનું ઉષ્મામાં રૂપાંતર થતાં આ વિસ્તારના તાપમાનમાં નોંધપાત્ર વધારો થાય છે. આ રસોમંડળ (ઓઝોન)નું આવરણ જીવસૃષ્ટિના રક્ષાકવચ તરીકે સેવા આપે છે.

૫૦થી ૮૦ કિ.મી.ના વિસ્તારમાં તાપમાન ફરીથી ઘટે છે. આ ઊંચાઈએ વાયુના અણુઓ એકદમ છૂટાછવાયા હોવાથી ધ્વનિનું સંચારણ થતું નથી. તે પરમ શાંતિનો વિસ્તાર છે. ત્યારબાદ આયનમંડળ, બર્હિમંડળ, પ્લાઝમામંડળ અને ભૂ-ચુંબકીય મંડળ છે. આ બધાં મંડળોના વિસ્તારનું માપ તાપમાન સાથે વધઘટ પામતું રહે છે.

આ વાત થઈ પૃથ્વીના વાતાવરણ અને અન્ય મંડળોની. પૃથ્વીની

જીવસૃષ્ટિ માટે શક્તિનો સ્રોત સૂર્ય છે. એટલા માટે સૂર્યની નારાયણ તરીકે પૂજા થાય છે. સૂર્ય ધગધગતા વાયુનો ગોળો છે. તેની સપાટીનું તાપમાન આશરે ૬૦૦૦ કેલ્વિન અને કેન્દ્રસ્થ ભાગનું તાપમાન આશરે ૨ કરોડ અંશ કેલ્વિન છે. સૂર્ય કરોડો વર્ષથી પ્રતિ સેકન્ડે ૩.૮×૧૦^{૨૬} જૂલ ઊર્જાનું ઉત્સર્જન કરે. પ્રતિ સેકન્ડે આટલી ઊર્જા પેદા કરવા માટે એક અબજથી વધુ સાબરમતી પાવર સ્ટેશનોની જરૂર પડે. તે છતાં સૂર્ય ઠંડો પડવાનું નામ લેતો નથી. સૂર્યમાં અવિરતપણે ચાલતી તાપન્યૂક્લિય સંલયનની પ્રક્રિયાને કારણે આટલી પ્રચંડ ઊર્જા પેદા થાય છે. આ પ્રક્રિયા દરમિયાન ચાર પ્રોટોનનું અતિ ઊંચા તાપમાને ભારે તત્ત્વ હિલિયમમાં રૂપાંતર થાય છે. ચાર પ્રોટોન અને હિલિયમના દળનો તફાવત આઈન્સ્ટાઈનના સિદ્ધાંત મુજબ ઊર્જામાં રૂપાંતર પામે છે. આ ઊર્જા વિદ્યુત-ચુંબકીય તરંગો રૂપે બધી દિશામાં ફેંકાય છે. આ વિદ્યુતચુંબકીય તરંગોના કુટુંબના સભ્યો ગેમા કિરણો, ક્ષ-કિરણો, પારજાંબલી (નીલાતીત) કિરણો, દશ્ય પ્રકાશ, ઈન્ફ્રારેડ (અધોરક્ત) કિરણો, માઈક્રોતરંગો, ટૂંકાતરંગો અને રેડિયો તરંગો છે. દશ્ય પ્રકાશ જાંબલી, નીલ, વાદળી, લીલા, પીળા અને રાતા રંગનાં કિરણો ધરાવે છે. આ કિરણોની સંવેદના માણસને થાય છે માટે તેને દશ્ય પ્રકાશ કહે છે. મેક્ષવેલના સિદ્ધાંત મુજબ પ્રકાશ વિદ્યુત-ચુંબકીય શક્તિ છે. અને પ્રકાશનો હવામાં વેગ પ્રતિ સેકન્ડે ૩ લાખ કિ.મી. છે. એટલે કે પ્રકાશનું કિરણ પૃથ્વીના વિષુવવૃત્ત ફરતે એક સેકન્ડમાં લગભગ સાડાસાત આંટા મારી શકે છે. ગેમા કિરણો, ક્ષ-કિરણો અને પારજાંબલી કિરણો અત્યંત શક્તિશાળી કિરણો છે, જે જીવસૃષ્ટિના કોષોને બાળી નાખે છે. આ કિરણોના સંસર્ગથી માણસ મૃત્યુની નજીક ઝડપથી પહોંચી જાય છે. માટે તેને ઘાતક કે મૃત્યુ-કિરણો કહે છે.

આદિકાળમાં પૃથ્વી ઉપર કાર્બન ડાયોક્સાઈડ અને બીજા ઝેરી વાયુઓ હતા. ઑક્સિજનનું અસ્તિત્વ નહોતું. આજે પણ મંગળ, શનિ અને દૂરના ગ્રહો ઉપર કાર્બન ડાયોક્સાઈડ, મીથેન જેવા ઝેરી વાયુઓ વિપુલ પ્રમાણમાં મોજૂદ છે. સૂર્યનાં નીલાતીત કિરણો પૃથ્વીની સપાટી ઉપર તેમજ દરિયાની અંદર નવ-દશ મીટર સુધી સજીવ કોષોનું નિર્માણ થવા દેતાં નથી. દરિયામાં દશેક મીટરથી વધુ ઊંડાઈએ સૌપ્રથમ એકકોષી જીવ અસ્તિત્વમાં આવ્યો. સૌરશક્તિ પ્રાપ્ત થતાં આ જીવો કાર્બન ડાયોક્સાઈડ ($CO_૨$)નું કાર્બન અને ઑક્સિજનમાં વિઘટન કરી કાર્બનને ખોરાક તરીકે વાપરતા અને ઑક્સિજનને છોડી દેતા. આથી કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટવા માંડ્યું. ઑક્સિજનનું પ્રમાણ વધતાં કેટલાક જીવો ગૂંગળાઈ મર્યા. જ્યારે કેટલાક જીવોએ જલદ ઑક્સિજન સાથે અનુકૂલન સાધી લીધું. આજનો માનવ આ જીવોની લાંબાગાળાની ઉત્ક્રાંતિનું પરિમાણ છે.

ઑક્સિજન તેના પર્યાય 'પ્રાણવાયુ'ને બે રીતે સાર્થક કરે છે. એક તો સૂર્યમાંથી ઉત્સર્જિત થતાં ઘાતક કિરણોને પૃથ્વી ઉફર પહોંચતાં પહેલાં રોકવા અગત્યની ભૂમિકા ભજવે છે. બીજું પ્રકાશ-સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા વનસ્પતિના ખોરાકનું કારખાનું રચી આપે છે. અત્યંત સક્રિય (ક્રિયાશીલ) ઑક્સિજન સૂર્યપ્રકાશની મદદથી કાર્બન સાથે સંયોજાઈને વનસ્પતિનો ખોરાક તૈયાર કરે છે. તે રીતે વનસ્પતિના અસ્તિત્વ અને વૃદ્ધિમાં ઑક્સિજનનો ફાળો નોંધપાત્ર છે. વનસ્પતિ કાર્બન ડાયોક્સાઈડને ગ્રહણ કરે છે. અને ઑક્સિજનને બહાર ફેંકે છે. તે રીતે પૃથ્વી ઉપરનો ચકચૂર કાર્બન ડાયોક્સાઈડ ઓછો થયો અને ઑક્સિજનની માત્રા વધી, જેના પરિણામ સ્વરૂપે વનસ્પતિ અને પ્રાણી-સૃષ્ટિનો એકધારો વિકાસ થયો. જીવસૃષ્ટિની સલામતી માટે કાર્બન ડાયોક્સાઈડ અને ઑક્સિજન વચ્ચે આદર્શ સંતુલન અનિવાર્ય છે. આ સંતુલન સાથેનો અટકચાળો કેવાં પરિણામો પેદા કરશે તે સમજુ અને સંવેદનશીલ વ્યક્તિ માટે વિચારવું મુશ્કેલ નથી. આથી જ ઑક્સિજન માનવજીવનનો પર્યાય બન્યો છે.

આજે કારખાનાં જીવનજરૂરિયાતોની સાથે સાથે કાર્બન ડાયોક્સાઈડનો વિપુલ જથ્થો પણ પૂરો પાડે છે. સમય અને અંતર ટૂંકાવવા વાહનો કાર્બન ડાયોક્સાઈડની ભારે ભેટ ધરે છે, અન્નના વધુ ઉત્પાદન માટે જંતુનાશક દવાઓ વધુ પ્રમાણમાં વાપરી હવામાં ઝેરી વાયુઓ ભળતાં વાતાવરણ ભારે પ્રદૂષિત થયું છે. પૃથ્વીના વાતાવરણમાં એકત્રિત થતો કાર્બન ડાયોક્સાઈડ, મીથેન અને ક્લોરોફ્લોરોકાર્બન (સી.એફ.સી.) જેવા ઝેરી વાયુનો વિપુલ જથ્થો 'ગ્રીન હાઉસ' અસર માટે જવાબદાર છે, જેને કારણે પૃથ્વીના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગ્રીનહાઉસ અસર એટલે હવામાન નિયંત્રિત કરતી સંરચના, જેમાં નાના અથવા પોતાની મોસમ બહારના છોડવાઓનો વિકાસ અને રક્ષણ કરવામાં આવે છે. જંગલોની કટાઈ, હવામાનની અનિશ્ચિતતા અને પૃથ્વીના વધતા જતા તાપમાન જેવા કેટલાક પ્રાણપ્રશ્નોએ સલામત માનવજીવન સામે પડકારો ખડા કર્યા છે. વર્લ્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને યુનાઈટેડ નેશન્સની બે એજન્સીઓના સંયુક્ત અહેવાલ મુજબ ઝેરી વાયુઓના વધુ પડતા ઉત્પાદનમાં અમેરિકા, બ્રાઝિલ, ચીન અને ભારત મોખરે છે. હમણાં હમણાં દક્ષિણ ધ્રુવ ઉપર ઓઝોન રક્ષા-કવચમાં ગાબડાં પડેલાં જણાયાં છે. આ ગાબડાંએ તો વિશ્વના વિજ્ઞાનીઓની ઊંઘ હરામ કરી નાખી છે. ઓઝોનના આવરણમાં દેખાયેલાં ગાબડાંના કારણો જાણવા માટે આજે વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક પ્રયત્નો થઈ રહ્યા છે.

જીવસૃષ્ટિની ગોદ પૃથ્વી અને તેના રક્ષક-ભક્ષક પિતા સૂર્ય વચ્ચે ઓઝોન રક્ષાકવચ અદ્ભુત કાર્ય કરી રહ્યું છે. પૃથ્વીની આસપાસ ઘટ્ટ વાતાવરણના કોશેટાએ અને ઓઝોન રક્ષાકવચે પૃથ્વી ઉપર જીવસૃષ્ટિનું નિર્માણ શક્ય થવા દીધું છે. આપણા પડોશી ગ્રહ મંગળ ઉપર તીવ્ર નીલાતીત કિરણોને કારણે તથા ઑક્સિકજનના અભાવને લીધે માનવજીવન કે વનસ્પતિ શક્ય બન્યાં નથી. સૂર્યમંડળના બીજા ગ્રહો ઉપર પણ તેમજ થયું છે, કારણ કે જીવસૃષ્ટિના એંધાણ હજુ મળ્યાં નથી. તો પછી ઓઝોન શું છે? ઓઝોનનો અર્થ "હું સૂંઘું છું" થાય છે. જર્મન રસાયણશાસ્ત્રી શોનબેઈનને ૧૮૪૦માં, વિદ્યુત પ્રયોગો દરમિયાન આકસ્મિક રીતે ઓઝોન મળી આવ્યો હતો. તેણે સૂંઘીને આ

વાયુનું નામ ઓઝોન પાડ્યું. શોનબેઈન સાચે જ નસીબદાર ગણાય, કારણ કે આ ઝેરી (?) વાયુ સૂંઘ્યા પછી પણ ઓઝોન નામ પાડવા જીવતો રહ્યો! શુધ્ધ ઓઝોન પ્રાણઘાતક છે. આથી શોનબેઈને સૂંઘેલો ઓઝોન નસીબજોગે શુધ્ધ નહીં હોય. કેટલીક વખત ચોમાસામાં વીજળી ત્રાટકતાં હવાના અમુક જથ્થાના ઑક્સિજનનું તત્કાળ ઓઝોનમાં રૂપાંતર થાય છે. નિકટનો શુધ્ધ ઓઝોન પ્રાણઘાતક છે પણ રસોમંડળમાં ઓઝોન વાયુનો પટ્ટો પ્રાણપોષક છે. ઓઝોન અધોમંડળથી ઊર્ધ્વમંડળ સુધી વિસ્તરેલો છે. ઓઝોનનું સ્તર પાતળું છે તેથી તેનો જથ્થો સામાન્ય છે. આ વિસ્તારના સમગ્ર ઓઝોનનું દળ ૩૦૦ કરોડ ટન જેટલું છે. તેની ચાદર બનાવીને પૃથ્વી ઉપર પાથરવામાં આવે તો તે ચાદર માત્ર ૩ મિલિમીટર જાડાઈ ધરાવે. ઓઝોનનો આ સામાન્ય જથ્થો સૂર્યનાં નીલાનીત કિરણો સામે ઢાલ બનીને પૃથ્વીને અસરકારક રક્ષાકવચ પૂરું પાડે છે. સૂર્યમાંથી નીકળતા નીલાતીત કિરણોની તરંગલંબાઈ ૨૩૦ થી ૪૦૦ નેનોમીટર વચ્ચે હોય છે. એક મીટરના અબજમા ભાગને એક નેનોમીટર કહે છે. અમદાવાદ રેડિયો સ્ટેશનથી પ્રસારિત થતા રેડિયો તરંગોની તરંગલંબાઈ ૩૫૨.૮ મીટર છે. જેમ કિરણોની તરંગલંબાઈ ઓછી તેમ તેમની સાથે સંકળાએલી ઊર્જા વધુ. આથી ઓછી તરંગલંબાઈવાળાં નીલાનીત કિરણો વધુ તીવ્ર હોઈ પ્રાણઘાતક છે. ૩૨૦ નેનોમીટર સુધીની તરંગલંબાઈનાં કિરણોને ઓઝોન વાયુ રોકે છે. આથી આ ઘાતક કિરણો પૃથ્વીની સપાટી સુધી પહોંચી શકતાં નથી. તે રીતે ઓઝોન વાયુ જીવસૃષ્ટિ માટે ઢાલ છે. આ ઢાલમાં કાણાં પાડી મૃત્યુને નિમંત્રણ મળે તે પહેલાં માણસે સાવધ થઈ જવું જોઈશે.

ઑક્સિજનના એક પરમાણુને O (ઓ) વડે દર્શાવાય છે. ઓક્સિજના બે પરમાણુઓ સંયોજાતાં ઑક્સિજન અણુ બને છે જેને O_2 ('ઓટુ) વડે દર્શાવાય છે. તેને ડાયઑક્સિજન પણ કહે છે. જેનો વ્યવહારમાં ઉપયોગ થાય છે તે ડાયઑક્સિજન કે ઑક્સિજન અણુ છે. ૧૯૦ નેનોમીટરથી ઓછી તરંગલંબાઈનાં અત્યંત તીવ્ર અને વેધક કિરણો ઑક્સિજન અણુ ઉપર ત્રાટકે છે ત્યારે આ અણુનું વિઘટન થતાં ઑક્સિજનના બે પરમાણુઓ છૂટા પડે છે. આ રીતે છૂટા પડેલા ઑક્સિજનના પરમાણુઓ વ્યવહારમાં ઉપયોગી નથી. પણ ઑક્સિજનના બે પરમાણુના સંયોજનથી બનેલો ઑક્સિજનનો અણુ જ વ્યવહારમાં ઉપયોગી છે. ઑક્સિજન અણુનું નીલાતીત કિરણો વડે વિઘટન થતાં વાતાવરણના ૨૧% ઑક્સિજનમાં ઘટાડો થાય છે. શાપરૂપ આ ઘટાડો છૂપો આશીર્વાદ બને છે. જે નીલાતીત કિરણો વડે ઑક્સિજન અણુનું માળખું તૂટે છે તે કિરણોની ઊર્જાના ભોગે બને છે. આથી ઘાતક કિરણોની ઊર્જામાં સારો એવો ઘટાડો થાય છે, જેથી તેની વેધકતા ઘટે છે. જેમ જેમ આ નીલાતીત કિરણો વધુ ને વધુ ઑક્સિજન અણુઓને તોડે છે તેમ તેમ આ કિરણોની ઊર્જા વપરાતી જાય છે. પરિણામે આ નીલાતીત કિરણો મૃતઃપ્રાય બને છે. તેમની ઘણીખરી શક્તિ હણાઈ જતાં જીવસૃષ્ટિને કશુંજ નુકસાન કરતાં નથી. આથી આ નીલાતીત કિરણો અવસાન નોંધનું ફરફરિયું ઓઝોનમંડળમાં મૂકીને પૃથ્વી ઉપર નિઃશસ્ત્ર બનીને જીવસૃષ્ટિના વિકાસમાં મદદ કરવા લાગી જાય છે.

ઊર્ધ્વમંડળના બધા જ ઑક્સિજન અણુઓ નીલાતીત કિરણોનો ભોગ બનતા નથી. જે ઑક્સિજન અણુ ઉપર નીલાતીત કિરણોની છુરી ફરી વળે છે તેના પરમાણુઓ લીંબુના બે ફાડિયાની જેમ છૂટા પડે છે, દંપતીનો લગ્નવિચ્છેદ થાય તેમ જ. નીલાતીત કિરણોની હડફેટમાં ન ચઢેલા ભાગ્યશાળી ઑક્સિજન અણુ સાથે છૂટા પડેલા ઑક્સિજન પરમાણુનો મેળાપ થાય છે ત્યારે આ પરમાણુ નવું ઘર માંડે છે. પરિણામે ઑક્સિજન અણુ અને પરમાણુનું સંયોજન થતાં ઓઝોનનો અણુ (O_3) બને છે. ઑક્સિજન અણુમાં ઑક્સિજનના બે પરમાણું અને ઓઝોન અણુમાં ઑક્સિજનના ત્રણ પરમાણુ હોય છે. આ ઘટના આગળ નિરંતર ચાલ્યા કરે તો ઓઝોનના ડુંગરો ખડકાય. પરિણામે ઑક્સિજનનો પુરવઠો ઘટવા માંડે. પણ તેમ બનતું નથી. કારણકે જે નીલાતીત કિરણો પ્રહાર કરી ચૂક્યાં છે તેમની ઊર્જા ઘટે છે, જ્યારે બીજી બાજુ વધુ શક્તિશાળી કિરણો ઓઝોનના કેટલાક અણુઓ તોડીને ઑક્સિજન અણુ અને પરમાણુને છૂટા પાડે છે. તેમ થતાં ઑક્સિજનના પુરવઠામાં વધારો થાય છે અને નીલાતીત કિરણોની શક્તિ એકદમ હણાઈ જાય છે, જે બિનહાનિકારક બની પૃથ્વી ઉપર આવે છે. અથવા તો ઊર્ધ્વ મંડળમાં સદંતર રોકાઈ જાય છે. ઑક્સિજનનાં અણુ કરતાં ઓઝોનનો અણુ કમજોર હોય છે, કારણકે તેની અંદર પરમાણુઓનું બંધન શિથિલ હોય છે. એટલે કે ઓછી ઊર્જા ધરાવતો ફોટોન, જે પ્રકાશનો ઊર્જાકણ છે તે પણ તેને સહેલાઈથી તોડી શકે છે. ઓઝોનનો અમુક જથ્થો તૈયાર થયા પછી જેટલા પ્રમાણમાં ઑક્સિજનનું ઓઝોનમાં રૂપાંતર થાય છે લગભગ તેટલા જ પ્રમાણમાં ઓઝોનનું ઑક્સિજનમાં રૂપાંતર થાય છે. આ રીતે ઑક્સિજનનું પ્રમાણ જળવાય છે, ઓઝોનનું નિયંત્રણ થાય છે અને નીલતીત કિરણો શોષાય છે. એટલે એક કાંકરે ત્રણ પક્ષી પડે છે. કુદરતે એવી પરિસ્થિતિનું સર્જન કર્યું છે કે ઑક્સિજનના વિપુલ જથ્થામાં ઝાઝી વધઘટ થતી નથી અને નજીવો જથ્થો ધરાવતા ઓઝોનમાં પણ ખાસ વધઘટ થતી નથી. ઓઝોન-ઑક્સિજનનું સંતુલન કુદરત જાળવી રાખે છે, પણ માણસ કેટલીક વખત કુદરતના આવા વલણ સામે જંગે ચઢે છે! ૨૯૦ નેનોમીટર કરતાં ઓછી તરંગલંબાઈનાં નીલાતીત કિરણો માર્ગમાં આવનાર કોઈપણ જીવનો નાશ કરે છે, કારણ કે આવાં કિરણો સાથે સંકળાયેલ ઊર્જા વિપુલ હોવાથી તે અત્યંત તીવ્ર અને ઉગ્ર હોય છે. જો આ કિરણો જેમના તેમ સાંગોપાંગ ધરતી પર આવે તો શરીરમાં પ્રોટીન, જે જીવોના શરીરનું મૂળ છે તે, બનતું અટકી જાય છે. આથી જીવસૃષ્ટિ ક્રમશઃ નાશ પામે. ૨૯૦થી ૩૨૦ નેનોમીટર તરંગલંબાઈવાળાં નીલાતીત કિરણો થોડાંક ઓછાં તીવ્ર છે. તે છતાં જીવસૃષ્ટિ માટે તે સલામત નથી. આ કિરણોને અલ્ટ્રાવાયોલેટ-બી તરીકે ઓળખવામાં આવે છે. જો ઓઝોન સ્તર પાતળું બને કે તેમાં ગાબડું પડે તો આ અલ્ટ્રાવાયોલેટ-બી કિરણો પૃથ્વી ઉપર સહેલાયથી આવી શકે છે, જે લોકોને કેન્સરનો ભોગ બનાવે છે. એક વૈજ્ઞાનિક અનુમાન મુજબ

ઓઝોનમાં ૧%નો ઘટાડો થાય તો કેન્સરના દર્દીઓની સંખ્યામાં ૫% વધારો થાય. ઓઝોનમાં ૧%નો ઘટાડો થાય તો માત્ર અમેરિકામાં દર વર્ષે આશરે ૨૫,૦૦૦ મોતિયાના નવા દર્દીઓ ઉમેરાય. દક્ષિણ ધ્રુવપ્રદેશમાં ઓઝોનમાં ૪૦%નો ઘટાડો નોંધાયો છે. આ ધ્રુવપ્રદેશ ઉપર અમેરિકાની જેમ જ વસતી હોત તો દર વર્ષે ત્યાં મોતિયાના નવા ૧૦ લાખ દર્દીઓ ઉમેરાયા હોત. વેલ્ડિંગ માટે વપરાતો આર્ક-પ્રકાશ અલ્ટ્રાવાયોલેટ-બીની સરખામણીમાં કશું જ નથી તે છતાં તે આંખના રેટિનાને ગંભીર નુકસાન કરે છે. તો સૂર્યભઠ્ઠીમાંથી નીકળતાં આ કિરણો માનવો ઉપર કેવી હોનારત સર્જે તે કલ્પના ધ્રુજારી પેદા કરે તેવી છે.

શરીરમાં વિષાણુઓ કે જીવાણુઓના હુમલાને ખાળવાની શક્તિને રોગપ્રતિકારકતા કહે છે. શરીરમાં રોગપ્રતિકારક તંત્ર અવિરતપણે કાર્યરત હોય છે. અલ્ટ્રાવાયોલેટ-બી કિરણો આ તંત્રમાં ભંગાણ સર્જે છે. આથી મલેરિયા કે ફ્લુ જેવા સામાન્ય રોગનો પ્રતિકાર કરવાની શક્તિ માણસમાં રહેતી નથી. કુદરતી રોગપ્રતિકાર શક્તિ ખોઈ બેસનાર માણસ 'એઈડ્સ' (એક્વાયર્ડ ઈમ્યુનો ડેફિશન્સિ સીન્ડ્રોમ)નો ભોગ બને છે. કુદરતે જીવસૃષ્ટિમાં આહાર સાંકળ(ફુડ ચેઈન) રચી છે, જેમાં જીવડાં વનસ્પતિ ખાય છે, જીવડાંને દેડકો ખાય છે, દેડકાંને સાપ ખાય છે, સાપનો કોળિયો ગરુડ કરે છે અને ગરુડને મર્યા પછી જમીનમાં દાટી દેવામાં આવે છે.પરિણામે જમીન ફળદ્રુપ બને છે, જેથી વનસ્પતિને વધુ પોષણ મળે છે. આ આહાર સાંકળની એક કડી દૂર થાય તો તે સાંકળ શક્ય બનતી નથી. સમુદ્રમાં પણ સૂક્ષ્મ જીવોથી ગંજાવર માછલીઓ સુધી આહાર સાંકળ ચાલે છે. આથી જમીન ઉપર કે સમુદ્રમાં નીલાતીત કિરણોનો ધોધ પડે તો બધે જીવસૃષ્ટિનો સફાયો થઈ જાય. નીલાતીત કિરણોના ધોધ માટે સમગ્ર ઓઝોનનું સ્તર નાબૂદ થવું જરૂરી નથી, પણ નાનાં મોટા ગાબડાં અણધાર્યું ભયંકર પરિણામ લાવી શકે છે.

બ્રિટિશ વિજ્ઞાની જોસેફ ફારમેને ૧૯૮૨માં ઓઝોન સ્તરના ઘટાડાની પ્રથમવાર જાણ કરી. તેના અવલોકન મુજબ ઓઝોનના જથ્થામાં ૪૦ થી ૪૨% ઘટાડો જણાયો છે. સપ્ટેમ્બર-નવેમ્બર મહિનામાં દક્ષિણ ધ્રુવખંડના વાતાવરણમાં ઓઝોનનું પ્રમાણ ઘટે છે. અમેરિકાના ઉપગ્રહ નિમ્બર-૭ દ્વારા આ અવલોકનને પૂર્તિ મળી છે. આ વિસ્તારમાં કાર્યરત અમેરિકન સંશોધન મથકે તેના યંત્ર 'ઓઝોન સાન્ડે'ની મદદથી શોધી કાઢ્યું છે કે ૧૮ કિ.મી.ની ઊંચાઈએ ઓઝોનનું સ્તર પાતળું બન્યું છે અને ગાબડું પણ જણાયું છે. આવું ગાબડું તૈયાર થતાં સૂર્ય અને પૃથ્વી વચ્ચે નીલાતીત કિરણો માટે દરવાજો ખૂલી જાય છે. આથી વિઘાતક નીલાતીત કિરણો રોકટોક સિવાય સડસડાટ પૃથ્વી ઉપર પહોંચી જાય છે.દક્ષિણધ્રુવ પ્રદેશ ઉપર પડેલા આ ગાબડાનો વિસ્તાર આશરે ૧૫૦ લાખ ચોરસ કિ.મી. જેટલો છે. દક્ષિણધ્રુવ પ્રદેશમાં જીવસૃષ્ટિનું પ્રમાણ ઓછું હોવાથી ભારે નુકસાન થયું નથી. પણ જો આવડું ગાબડું ભારત કે ચીન ઉપર પડે તો? આ ગાબડાનો વિસ્તાર વધશે તો દક્ષિણ અમેરિકા, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિઆનું આવી બન્યું સમજો. ઉત્તર ધ્રુવપ્રદેશ ઉપર પણ ૩૦ લાખ ચોરસ કિ. મી.નું ગાબડું જણાયું છે.

ઓઝોન સ્તરમાં થતા ઘટાડા અને પડેલા ગાબડાના સમાચારથી સમગ્ર વિશ્વના વિજ્ઞાનીઓ સફાળા થઈ ગયા છે, અને ઓઝોનના સ્તરનો અભ્યાસ ચાલુ કરી દીધો છે. ધ્રુવપ્રદેશોનાં જળાશયોના જીવોની સ્થિતિને લગતો અભ્યાસ પૂરઝડપે કરવામાં આવી રહ્યો છે. ભારતના વિજ્ઞાનીઓની એક ટુકડી એન્ટાર્ટિકા ઉપર અનેકવિધ સંશોધનો સાથે જળસૃષ્ટિ અને ઓઝોનનો અભ્યાસ કરે છે. અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરિમાં આશરે ત્રણ દાયકા પહેલાં પણ ઓઝોનના અભ્યાસ માટે એક ખાસ વિભાગ સ્થપાયો હતો, પણ આજે ત્યાં ઓઝોન ઉપરનું સંશોધન કાર્ય ઓછું થાય છે.

ઓઝોનસ્તરમાં દેખાતા ગાબડાં બધા જ દેશો માટે ચિંતાનો વિષય છે. ઘણાખરા દેશો યથાશક્તિ કારણોની શોધ કરી રહ્યાં છે. વિવિધ દેશોના અભ્યાસને અંતે એક એવું તારણ મળે છે કે ઓઝોન સ્તરમાં પડેલાં ગાબડાં માટે કુદરતી અને માનવસર્જિત કારણો જવાબદાર છે. પ્રથમ કુદરતી કારણો તરફ એક નજર નાખીએ : (૧) ઓઝોનનો ઘટાડો સૂર્યની વર્તણૂક સાથે સંબંધ ધરાવતો હોય તેવું જણાય છે. સૂર્યની અંદર પ્રવર્તતી કેટલીક આંતરક્રિયાને લીધે તેના ચુંબકીય ક્ષેત્રમાં ફેરફારો થાય છે, જેને કારણે સૂર્યકલંક પેદા થાય છે. ૧૯૮૧માં સૂર્યકલંકોની પ્રવૃત્તિ મહત્તમ હતી અને ૧૯૯૨માં ફરીથી એ મહત્તમ બનશે. દર ૧૧ વર્ષે મહત્તમ બનતાં સૂર્યકલંકો સૂર્યમાં ચાલી રહેલા વિક્ષોભોનો પુરાવો છે. સૂર્યકલંક(ધાબા)ની આસપાસનો સક્રિય ભાગ ભયંકર પરમાણુ બૉમના ધડાકાઓની જેમ વિસ્ફોટ પામે છે. આ ઘટનાને આગના આકસ્મિક ભડકા (ફ્લેર્સ) કહે છે. શક્તિશાળી ફ્લેર્શમાંથી નીકળતો વાયુ અને વિકિરણો પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રે અને વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે. જેથી નાઈટ્રોજનના પરમાણુઓ વધારે પડતા ઉત્તેજિત થઈ ઑક્સિજન સાથે પ્રક્રિયા કરે છે. આ રીતે તૈયાર થતો નાઈટ્રોજનઓક્સાઈડ ઓઝોનના નાશ માટે જવાબદાર હોવાનું જણાયું છે. (૨) દક્ષિણધ્રુવખંડના વાતાવરણની ટોચે તાપમાનમાં ગણનાપાત્ર વધઘટ નોંધાઈ છે, જેને કારણે ઓઝોનના પ્રવાહો શરૂ થાય છે. વાતાવરણમાં રહેલા સૂક્ષ્મ કણો શિયાળાની ઠંડી ૠતુમાં નીચલા સ્તરે રહે છે.વસંતૠતુનો તાપ મળતાં આ કણો સક્રિય બનીને ઓઝોન સાથે પ્રક્રિયા કરે છે. પરિણામે ઓઝોનનો નાશ થાય છે અને ગાબડાં પડે છે. આ પ્રદેશમાં ચક્રવાતનો સમય પૂરો થતાં હવાના નવા પ્રવાહો સાથે ઓઝોન આ પ્રદેશમાં ધસી આવે છે, અને ગાબડાં પુરાય છે. ઓઝોન વાયુની વધઘટની આ આવર્તક ઘટના હજુ પણ કોયડો છે. જોસેફ ફારમેન અને બીજા વિજ્ઞાનીઓ ઓઝોન વાયુમાં દેખાતાં ગાબડાંનાં સચોટ કારણો છાતી ઠોકીને આપી શકે તેવી સ્થિતિમાં નથી, પણ એટલું નિશ્ચિત જણાય છે કે આ ઘટના કુદરતી અને માનવસર્જિત છે. હવે આપણે સંભવિત માનવસર્જિત કારણો ઉપર એક નજર નાખીએ:

(અ) ૧૯૭૧માં અમેરિકન રસાયણશાસ્ત્રી હેરોલ્ડ જહોનસ્ટને સુપરસોનિક જેટ વિમાનો તથા ફ્રાંસ અને બ્રિટનનાં પ્રતિ કલાકે ૨૧૬૦

કિ. મી. ની ઝડપે ઊડતાં કોન્કર્ડ વિમાનોથી ઊર્ધ્વમંડળમાં ઓઝોનસ્તરને થતા નુકસાન પ્રત્યે વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. પ્રારંભમાં આ વિમાનોનાં ઍંજિનો ઉપયોગી ઑક્સિજનને ચાઉ કરે છે. પછી ઑક્સિજનને બાળી આ ઍંજિનો નાઈટ્રોજન ઑક્સાઈડમાં રૂપાંતર કરે છે. આવાં વિમાનો ઊડતાં અને ઊતરતાં એમ બે વખત ઓઝોનના સ્તરને ભેદે છે.

(બ) સ્પેસ શટલ સાથે બુસ્ટર રૉકેટો જોડીને અમેરિકન સંસ્થા નાસાએ આર્થિક કરકસર જરૂરી કરી છે, પણ ઓઝોનના ભાગે આ રૉકેટોમાં ૫૩૦ ટન ઘન બળતણ ભરેલું હોય છે, જેના દહનથી હાઈડ્રોજન ક્લોરાઇડની ધૂમ્રસેર નીકળે છે જે ઓઝોનને ભારે પડે છે. અમેરિકાની ત્રણ સ્પેસ શટલો- કોલંબિયા, ડિસ્કવરિ અને એટલાંટિક્સ- આજે કાર્યરત છે. ચોથી સ્પેસ શટલ ચેલેન્જર સાત અવકાશયાત્રીઓ સહિત તા. ૨૮-૧-૮૬ના રોજ તૂટી પડી. આ સાથે રશિયાનું સ્પેસ 'બુરાન' અને યૂરોપીઅન સ્પેસ એજન્સિનું સ્પેસ શટલ અવકાશમાં તરતાં થયાં છે. આ બધાં શટોલોમાં બળતણનું દહન થતાં બહાર ફેંકાતી ધૂમ્રસેરો ઓઝોનના ગાબડાં માટે જવાબદાર હોય તેવું માલુમ પડ્યું છે.

(ક) જમીનની અંદર રહેલા બેક્ટેરિયાને જ્યારે મુકત ઑક્સિજન મળતો નથી ત્યારે તે કુદરતી નાઈટ્રેટને પોતાનો શિકાર બનાવે છે. નાઈટ્રોજનમાંથી ઑક્સિજન પોતાને માટે અલગ તારવી લે છે અને નાઈટ્રસ ઑકસાઈડ મુક્ત કરે છે. નાઈટ્રસ ઑકસાઈડ માણસ માટે હસતો વાયુ છે, જ્યારે ઓઝોન રડાવતો વાયુ છે. આ વાયુ ઊર્ધ્વમંડળમાં જઈ ઓઝોનના કમજોર અણુ પાસેથી ઑક્સિજનનો એક પરમાણુ પડાવી લે છે. આથી ઊર્ધ્વમંડળમાં ઓઝોનનું પ્રમાણ ઘટવા લાગે છે. અત્યારે દક્ષિણધ્રુવ ઉપર ઓઝોન સાવ નામશેષ થઈ રહ્યો છે.

(ડ) ક્લોરોફ્લોરોકાર્બન (સીએફ.સી.) સેન્ટ અને સ્પ્રેમાં, રેફ્રિજરેટર અને એર-કંડિશનરમાં શીતક તરીકે, ફ્રોમ પ્લાસ્ટિકના કોફી કપ બનાવવા, આગ બુઝવવાના ફ્રોમ (ફીણ)માં, ઇલેકટ્રૉનિક અને સરકીટ બૉર્ડ પરનું બિનજરૂરી રેણ કાઢી નાખવા, મકાનોની દીવાલોને ઉષ્મા અવાહક બનાવવા માટે દીવાલો વચ્ચે વપરાતા ફ્રોમમાં, હોસ્પિટલોમાં તબીબી સાધનોને જીવાણુમુક્ત કરવા મોટા પાયે વપરાય છે. દીર્ઘાયુ અને સ્થાયી સ્વભાવનો સી. એફ. સી. હવાના કોઈ વાયુ જોડે રાસાયણિક પ્રક્રિયા કરતો નથી માટે તેનો જથ્થો વર્ષો સુધી અકબંધ રહે છે. દર વર્ષે હજારો ટન સી. એફ. સી વાતાવરણમાં ઉમેરાય છે. આ સી. એફ. સી વાયુ ઊર્ધ્વમંડળમાં પહોંચે છે ત્યારે નીલાતીત કિરણો તેના ઉપર પ્રહાર કરે છે. આથી તેમાંથી ક્લોરિન છૂટો પડે છે તેવું અમેરિકન રસાયણશાસ્ત્રી શેરવુડ રૉલેન્ડને માલુમ પડ્યું. આ ક્લોરિન ઓઝોનના અણુનુ ઑક્સિજન અણુમાં રૂપાંતર કરે છે. આથી ઓઝોનની માત્રા ઘટે છે. પરિણામે નીલાતીત કિરણોનો માર્ગ મોકળો થતાં તે પૃથ્વી ઉપર સરળતાથી પહોંચી શકે છે. એક અનુમાન મુજબ પ્રતિવર્ષ ૮ લાખ ટન સી. એફ. સી. વાતાવરણમાં ઉમેરાય છે. આ હિસાબે ૨૦૦૦ની સાલ સુધીમાં ૪૦% ઓઝોન ખવાઈ જશે. ક્લોરિનનો એક અણુ ઓઝોનના સરેરાશ એક લાખ અણુઓને રહેંસી શકે છે, કારણ કે તે બદલાયા સિવાય રાસાયણિક પ્રક્રિયાને ઝડપી બનાવી ઉદ્દીપક તરીકે વર્તે છે. એટલે એકાદ સૈકાના અંતે ક્લોરિન કાતિલોની સંખ્યા એટલી બધી વધી જશે કે બધો જ ઓઝોન અદૃશ્ય થઈ જાય પણ ખરો!

વિજ્ઞાનીઓ શોધો કરે અને શોધોના માલિકો રાજકર્તાઓ અને ઉદ્યોગપતિઓ બની બેસે છે. આઈન્સ્ટાઈને દળમાંથી પેદા થતી ઊર્જાનો સિધ્ધાંત આપ્યો. આલ્ફ્રેડ નોબેલે ડાયનેમાઈટ શોધ્યો. આ સિદ્ધાંત અને શોધ ઉપર પ્રભુત્વ તો રાજકર્તાઓ ધરાવે છે. સી. એફ. સીનાં જોખમો પ્રત્યે ફ્રારમેને દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. સ્થાપિત હિતોની વિરુદ્ધ જઈને પણ ૧૯૮૭માં કેનેડાના મોન્ટ્રિઅલ શહેરમાં ૨૪ દેશોના પ્રતિનિધિઓ મળ્યા. ફ્રારમેન અને બીજા ૧૫૦ વિજ્ઞાનીઓએ આ પરિષદમાં હાજરી આપી અને સી. એફ. સીના વધુ પડતા વપરાશ સામે લાલ બત્તી ધરી. મોન્ટ્રિઅલ સમજૂતી મુજબ સી. એફ. સીની વપરાશને ૧૯૮૬ના સ્તરે સ્થગિત કરવાનું નક્કી થયું છે, ૧૯૯૪ની સાલ સુધીમાં તેની વપરાશમાં ૨૦% ઘટાડો અને ૧૯૯૯ની સાલ સુધીમાં બીજા ૩૦% ઘટાડો કરવાનો છે. દર વર્ષે ૬૦,૦૦૦ટન સી. એફ. સી. બનાવનાર રશિયાએ આ સમજૂતી ઉપર સહી ન કરીને તેને ફગાવી દીધી છે. "શાંતિના" પ્રતીક સમા ગુજરાતમાં પણ સી. એફ. સીનું કારખાનું સ્થપાયું છે. સ્વભાવે સ્થાયી, સસ્તા, સરળ અને ૧૨૦ વર્ષનું દીર્ઘાયુ ધરાવતા સી. એફ. સીની વપરાશ આજથી બંધ કરવામાં આવે તો પણ તેનો ૯૦% જથ્થો ૨૦૦૦ની સાલ સુધી, આશરે ૪૦% જથ્થો ૨૧૦૦ની સાલ સુધી અને ૭% જથ્થો ૨૩૦૦ની સાલ સુધી ઓઝોનના આવરણને કોતરતો રહેશે! કેવું વિનાશક ભાવિ?

સી. એફ.સીના વિશાળ અને વિવિધ ઉપયોગોને લક્ષમાં લેતાં તેનો વિકલ્પ શોધવાના પ્રયાસોએ ગતિ પકડી છે. સી. એફ. સી.નો અવેજ ખર્ચાળ છે. તે છતાં પરવડે તેવું સી. એફ. સીનું વૈકલ્પિક રસાયણ શોધી કાઢવા માટે વિજ્ઞાનીઓ આત્મવિશ્વાસ ધરાવે છે. એટલે માનવજાતનું અવિરત રક્ષણ કરનાર ઓઝોનનું રક્ષણ માણસ નહીં કરે તો માનવ સંસ્કૃતિ અને હરિયાળી સૃષ્ટિના અંત પછી પસ્તાવો કરનાર- કોઈ નહીં હોય?! □

અંગ્રેજી સાહિત્યનું આચમન

રેસ્ટોરેશન - ગદ્યસાહિત્ય

રેસ્ટોરેશન પૂર્વે

લેખક : ડૉ. મધુસૂદન પારેખ

ઈ.૧૬૬૦માં ઈંગ્લેન્ડમાં ચાર્લ્સ બીજાનું રાજ્યારોહણ થયું તે પૂર્વે પ્યૂરિટન શાસન દરમ્યાન આધુનિક વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની સામે મધ્યકાલીન માન્યતાઓએ જોર પકડ્યું હતું. અલબત્ત, ફ્રાન્સીસ બેકને (Francis Bacon ૧૫૬૧-૧૬૨૬) એનાં 'ધી એડવાન્સ ઑવ લર્નિંગ' (૧૬૦૫) જેવા વૈજ્ઞાનિક ગ્રંથ દ્વારા પ્રજાના ચિત્તમાં એક નવી હલચલ પેદા કરી દીધી હતી. એના સમય દરમ્યાન બાઈબલની એક અધિકૃત વાચના પણ અંગ્રેજીમાં પ્રકાશિત થઈ.

બેકને દરેક વસ્તુની વૈજ્ઞાનિક તપાસ પર ભાર મૂક્યો અને તેને મૂલવવાની પદ્ધતિઓ સમજાવી. આને પરિણામે ભવિષ્યમાં ધર્મગ્રંથોના નીતિનિયમોને પણ બૌદ્ધિકતાના ધોરણે ચકાસી જોવાની વૃત્તિનો ઉદય થવા માંડ્યો.

સત્તરમી સદીના આરંભમાં એક પ્રભાવક વિચારક તરીકે બેકનનું સ્થાન છે. અલબત્ત, એણે મહદંશે લેટિનમાં પોતાનાં પુસ્તકો લખ્યાં છે; તેમ છતાં અંગ્રેજીમાં એના 'ESSAYS' (૧૫૫૭) અંગ્રેજી નિબંધ ક્ષેત્રે વિશેષ પ્રદાનરૂપ છે. સૂત્રાત્મક વાણીમાં કલ્પનો, અલંકારો આદિનો સમર્થ અને સમુચિત ઉપયોગ કરી વિચારને વ્યક્ત કરવાની બેકનમાં આગવી કળા છે. 'Of Studies', 'Of Gardens' અને બીજા અનેક તેના વિખ્યાત નિબંધો છે. 'Men fear death as children fear to go into the dark' જેવી તેની ઉક્તિઓ અંગ્રેજી ભાષામાં કહેવતરૂપ બની ગઈ છે.

સત્તરમી સદીના પ્રથમ અર્ધા સૈકામાં પ્રજાની બૌદ્ધિકતાને સંકોરનાર સર ટૉમસ બ્રાઉન (Sir Thomas Browne ૧૬૦૫-૧૬૮૨) છે. રાજા-પ્રજા વચ્ચેના આંતર વિગ્રહનો એ પ્રત્યક્ષ સાક્ષી છતાં તેનાથી સાવ અલિપ્ત રહ્યો જણાય છે. એના જમાનાના વિજ્ઞાનથી, બેકનની વૈજ્ઞાનિક તપાસની પદ્ધતિઓથી તે સારી પેઠે વાકેફ હોવા છતાં તેનું માનસ મધ્યકાલીન અને અર્વાચીન વિચારો વચ્ચે ઝોલા ખાતું લાગે છે. બૌદ્ધિકતાને એ પ્રશંસે છે, પ્રમાણે છે અને છતાં મોતના મહાભૂત વિશે એના ખ્યાલ જૂનવાણી છે. એના 'હાઈડ્રિયોટાફિઆ અથવા અર્ન બરિઅલ' (Hydrotaphia or Urn Burial-૧૬૫૮)માં વિષય તરીકે તેણે મૃત્યુની પસંદગી કરી છે અને ત્યાં તેનું ગદ્ય કલ્પનાનાં ઊંચાં શિખરો દાખવે છે. એની ત્રીસી પહેલાં એણે લખેલી આધ્યાત્મિક આત્મકથા 'રિલિજિઓ મેડિસી' (Religio Medici-૧૬૪૩) પણ છટાદાર ગદ્યમાં રચાએલી છે. લાંબાં વાક્યોમાં પણ શબ્દોનો સમુચિત ક્રમ, લય-સંવાદ જાળવવાની જે કાબેલિયત એનામાં વરતાય છે તેવી ત્યાર પછીનાં અંગ્રેજી ગદ્યમાં ભાગ્યે જ જોવા મળે છે, એવો વિવેચકોનો અભિપ્રાય છે.

રેસ્ટોરેશન પૂર્વે મહાકવિ મિલ્ટને પણ ગદ્યસાહિત્યમાં જે અનોખું પ્રદાન કર્યું તેની વિગતો અગાઉ મિલ્ટન વિશેના પ્રકરણમાં આવી ગઈ છે.

પણ સર ટૉમસ બ્રાઉનની સાથે સાથે જેરમી ટેલર (Jeremy Taylor - ૧૬૧૩-૧૬૬૭) અને આઈઝાક વૉલ્ટન (Izaak Walton ૧૫૯૩-૧૬૮૩) ખાસ ઉલ્લેખપાત્ર છે. જેરમી ટેલર દેવળમાં ધર્મોપદેશક હતો; તેનાં બે પુસ્તકો હોલિ લિવિંગ (Holi Living - ૧૬૫૦) અને 'હોલિ ડાઈંગ' (Holy Dying - ૧૬૫૦) સ્મરણીય લેખાયાં છે; તેમ છતાં એનું વૈભવી ગદ્ય તો એનાં પ્રવચનોમાં જ છે.

આઈઝાક વૉલ્ટન એના 'કમ્પલીટ એન્ગલર' (Compleat Angler-૧૬૫૩)ને કારણે નોંધપાત્ર છે. પછીની પેઢીઓના વાચકોને પણ એ પુસ્તકનું વાચન રોચક નીવડતું રહ્યું હતું.

રેસ્ટોરેશન યુગનું ગદ્ય

સત્તરમી સદીનો પૂર્વાર્ધ ધાર્મિક વિખવાદો, આંતરવિગ્રહ, પ્યૂરિટનવાદના વર્ચસનો સમય હતો. એ સમયના ગદ્યસાહિત્યો તત્કાલીન દસ્તાવેજની ગરજ સારે તેવાં છે: સાથે સાથે બૌદ્ધિકતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને ચાલના આપનારાં પુસ્તકો પણ રચાયાં છે. આ ગદ્યસાહિત્યમાં પાંડિત્ય, ગાંભીર્ય અને કેટલીકવાર ભવ્યતા તરફની ગતિ જોવા મળે છે. એની અસરકારકતા પણ ઓછી નથી; તેમ છતાં પહેલીવાર એ ગદ્યપુસ્તકોનાં પાનાં ફેરવતા આધુનિક વાચકને એ કંઈક દૂરનું, પોતાનું ના હોય તેવું લાગે છે. એની છટા પ્રસન્નકર હોવા છતાં રેસ્ટોરેશન પૂર્વેનું ગદ્ય હજુ ઉપદેશાત્મક અને ભારેખમ હતું. લેખ અથવા તો નિબંધની નીકમાં તે વહેતું હતું. ગદ્યનો, સાહિત્યના બીજા પ્રકાર માટેની અજમાયશ થવાનો સમય હવે પછી પાકવાનો હતો. ચાર્લ્સ બીજાની રાજગાદી પર સ્થાપના પછી અંગ્રેજી ગદ્યસાહિત્યમાં નવી દિશાઓ ખૂલવા માંડે છે. રાજા ચાર્લ્સ બીજાએ ફ્રાન્સમાં કેટલાંક વર્ષ એના સાથીદારો સાથે દેશવટો ભોગવ્યો હતો. અને જેમ ફ્રાન્સની સંસ્કૃતિથી તેમ સાહિત્યમાં સરળતા અને અસંદિગ્ધતાથી પણ તે પ્રભાવિત થયો હતો. અલબત્ત, અંગ્રેજી સાહિત્યમાં પણ સ્વચ્છ, પ્રાસાદિક અને અસંદિગ્ધ ગદ્ય હતું. બાઈબલ એનો જીવંત પુરાવો હતો. તેમ છતાં સત્તરમી સદીના આરંભથી પાંચ-છ દાયકા સુધી મહત્ત્વાકાંક્ષી લેખકોએ ગદ્યમાં પ્રાસાદિકતા અને સરળતાને નહિ પણ પાંડિત્ય અને ભવ્યતાને પ્રાધાન્ય આપ્યું હતું.

ચાર્લ્સના રાજ્યઅમલ દરમ્યાન એક તરફ ફ્રેન્ચ સાહિત્યનો પ્રભાવ અને બીજી તરફ ૧૬૬૨ની સાલથી વ્યવસ્થિત કામગીરી બજાવવા માંડેલી, ચાર્લ્સ બીજાએ સ્થાપેલી રોયલ સોસાયટી - એ બંનેની અંગ્રેજી ગદ્યસાહિત્યમાં અસર પ્રકટવા માંડી. રૉયલ સોસાયટી આમ તો વિજ્ઞાનની દિશામાં સંશોધનો માટે સ્થપાઈ હતી અને તેના સભ્યોએ સાવ સીધીસાદી અકૃત્રિમ લોકભાષામાં બોલવાનો નિયમ સ્વીકાર્યો હતો.[૧] એ નિયમ વિજ્ઞાનના ક્ષેત્રપૂરતો મર્યાદિત ન રહેતાં તત્ત્વજ્ઞાન, સાહિત્ય તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ વિસ્તર્યો. આમ, અંગ્રેજી સાહિત્ય અને તત્ત્વજ્ઞાન બંનેમાં સાદગી અને સરળતા તરફ ઝોક વધ્યો. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ટૉમસ હૉબ્સે (Thomas Hobbes - ૧૫૮૮-૧૬૭૮) વહેમનાં વળગણો ફગાવી દઈને વસ્તુ વિશે મુક્ત, નિર્ભય બૌદ્ધિક વિચારણાની હિમાયત કરી. આ ખ્યાલ ચાર્લ્સ તેમજ તેના અમીર-ઉમરાવ મિત્રોને-વિદ્વાનોને અનુકૂળ બની રહ્યો. હૉબ્સે નવી વિચારધારા રજૂ કરી કે માનવજીવન અને તેનું ચિત્ત સુધ્ધાં ભૌતિક પરિવર્તનોનું પરિણામ છે. આપણી ઈંદ્રિયો વિવિધ છાપ (impressions) ઝીલીને તે પ્રત્યેના પ્રત્યાઘાતો પ્રકટ કરે છે. અને એમાં અનુભવ તથા નીતિ (Morality)નો સરવાળો હોય છે. જો આપણે બધા આમ પ્રત્યાઘાતોને પ્રકટ કરતા જ રહીએ તો જીવનમાં અરાજકતા વ્યાપી જાય. એટલે કોઈ ને કોઈ પ્રકારનો અંકુશ આવશ્યક છે. હૉબ્સને સત્તરમી સદીનો એકહથ્થુ સત્તાવાદી (Totalitarian) ગણવામાં આવ્યો છે. એના 'લેવિઆથન' (Leviathan -૧૬૫૧) પુસ્તકમાં તેણે સમાજને અરાજકતામાંથી બચાવવા રાજકીય અંકુશની હિમાયત કરી છે. હૉબ્સની વિચારધારા આમ તો રેસ્ટોરેશન પૂર્વેની ગણાય, પરંતુ એમાં રહેલાં લાક્ષણિક વલણો રેસ્ટોરેશન યુગનાં વલણો સાથે સુસંગત છે. હૉબ્સ પછી જોન લોક (John Locke - ૧૬૩૨-૧૭૦૪) તત્ત્વજ્ઞાનક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એ હૉબ્સથી જરા જુદો પડે છે. એના મત મુજબ જ્ઞાન અનુભવ પર આધારિત છે એ વાત સાચી, પરંતુ અનુભવ પોતે ભૌતિક પ્રત્યાઘાતો સાથે એટલો બધો સંબંધક નથી. એના 'એન એસે કન્સર્નિંગ હ્યુમન અન્ડરસ્ટૅન્ડિંગ'. (An Essay Concering Human Understanding -૧૬૯૦) લખાણે તો ઈંગ્લૅન્ડમાં તેમજ અન્ય દેશોમાં ભારે પ્રભાવ પાડ્યો હતો. હૉબ્સ અને લોક બંનેનું અસંદિગ્ધ, સુસ્પષ્ટ ગદ્ય વિવેચકોએ વખાણ્યું છે. હૉબ્સનાં ગદ્યમાં એક વિલક્ષણ કઠોર સૌંદર્ય છે; લોકમાં પ્રસન્નકર નહિ પણ સુરેખ-સુસ્પષ્ટ ગદ્ય છે.

રેસ્ટોરેશન યુગના વિજ્ઞાનનો રસ માનવચિત્તના અભ્યાસમાં હતો પણ તેની સાથોસાથ માનવ પોતે પોતાની જાતમાં ય ઊંડો રસ અનુભવતો થવા માંડ્યો. પરિણામે રોજનીશી, આત્મવૃત્તાંત વગેરે પ્રકાશિત થવાં માંડ્યાં. રેસ્ટોરેશન અગાઉ વ્યક્તિગત અવાજ ક્યાંય ભાગ્યે જ સંભળાતો હતો, પણ કદાચ પહેલીવાર અંગ્રેજી ભાષામાં સફાઈદાર ગદ્યમાં માણસ પોતાના અંગત જીવનની વિગતોની ચર્ચા તેમજ રજૂઆત કરવા માંડ્યો. આ સંદર્ભમાં સૅમ્યુઅલ પેપીઝ (Samuel Pepys ૧૬૩૩-૧૭૦૩ નું નામ પ્રસિદ્ધ છે. સત્તરમી સદીના ઉત્તરાર્ધનો તે એક સમર્થ ગદ્યલેખક છે. એ રૉયલ સોસાયટીનો પ્રમુખ હોવા ઉપરાંત ઈંગ્લૅન્ડના ઈતિહાસમાં એક મહાનુભાવ તરીકે પંકાએલો હતો. એણે લખેલી ડાયરીમાં પોતાની ભીતર રહેલા પેપીઝને નિઃસંકોચ, નિર્ભયતાપૂર્વક પ્રકટ કર્યો છે. એના આનંદપ્રમોદ, મિથ્યાચાર, રોમિયાવેડા અને પ્રત્યેક દિનની નાનીમોટી ઘણીબધી વિગતો નોંધી છે. એમાં ૧૬૬૦થી ૧૬૬૯ સુધીનો દસ વર્ષનો હેવાલ રજૂ થયો છે. કહે છે કે પેપીઝની રોજનીશીમાં લેખક તરીકેની સચ્ચાઈ વિશ્વના ડાયરી સાહિત્યમાં વિરલ છે; અને કેટલીક ઐતિહાસિક ઘટનાઓ — ચાર્લ્સ બીજાનો રાજ્યાભિષેક, મરકીનો ઉપદ્રવ, લંડનમાં મોટી આગ — નાં વર્ણનમાં એની ગદ્યછટા બરાબર પ્રકટ થાય છે. જે જમાનામાં સત્ય માટેની કંઈક ઝંખના હજી જળવાઈ રહી હતી તેવા યુગનો પેપીઝ સાચો પ્રતિનિધિ છે. પેપીઝ ઉપરાંત એક અન્ય રોજનીશીલેખક જોન ઇવલીન (John Evelyn - ૧૬૨૦ - ૧૭૦૬) પણ ખ્યાતનામ છે. એ રૉયલ સોસાયટીનો સક્રિય સભ્ય હતો. એણે ૧૬૪૧ લગભગથી શરૂ કરેલી ડાયરીમાં એના મૃત્યુપર્યંતનો, ઇ.સ. ૧૭૦૬ સુધીનો, હેવાલ છે. ઈતિહાસકારો એના ચોક્કસ અને વિગતસમૃદ્ધ હેવાલના પ્રશંસક છે. એનાં પ્રવાસવર્ણનો સત્તરમી સદીની મધ્યના ફ્રાન્સ, ઇટલી અને હોલેન્ડ વિશેની માહિતીની ખાણ જેવાં છે; અને સ્ટુઆર્ટવંશના છેલ્લા રાજાઓના અમલ દરમ્યાન અંગ્રેજી પ્રજાજીવનને સમજવા માટે પણ એની ડાયરીનાં પાનાં અતિ ઉપકારક બને છે. એની શૈલી અલંકારના વૈભવ વિનાની સરળ અને અકૃત્રિમ છે.

પેપીઝ અને ઇવલીને પોતાના જીવનની ઘટનાઓ વર્ણવી, પણ એડવર્ડ હાઈડ, અર્લ ઑવ ક્લેરન્ડન (Edward Hyde, Earl of Clarendon - ૧૬૦૯-૧૬૭૪) લેખનપ્રવૃત્ત થયો ત્યારે તેની કલમ ઈંગ્લૅન્ડનો ઈતિહાસ લખવા તરફ વળી ગઈ. ચાર્લ્સ ૧લા અને પાર્લમેન્ટ વચ્ચેના ઝઘડામાં તે રાજાનો સલાહકાર હતો અને ચાર્લ્સ બીજાની સાથે તેણે પણ ફ્રાન્સમાં દેશવટો ભોગવ્યો હતો. ચાર્લ્સની સાથે જ તે પાછો ઈંગ્લૅન્ડ આવ્યો અને લૉર્ડ ચાન્સેલર બન્યો. આંતરવિગ્રહનો તે પ્રત્યક્ષ સાક્ષી હતો અને તેના 'હિસ્ટરિ ઑવ રિબેલિઅન' પુસ્તકમાં તેણે આંતરવિગ્રહનો હેવાલ આપતાં રેસ્ટોરેશન યુગમાં રાજકારણ અને ધર્મના ક્ષેત્રના જુસ્સાને પણ ગૂંથી લીધો છે. ઈતિહાસને તે ચિત્તમાં ઝડપાઈ જાય એવાં વિધાનો-વર્ણનોથી આલેખે છે. સત્યનિષ્ઠા કરતાં કલા સિદ્ધ કરવા તરફ તેનું વિશેષ વલણ છે. સત્યને ભોગે પણ પ્રયોજન સિદ્ધ કરવાની તેની વૃત્તિ છે. વિગ્રહનાં કારણોની ઊંડી પર્યેષણામાં તેને રસ નથી, ક્રાન્તિની ફિલસૂફી પણ તેને ત્યાજ્ય છે. માત્ર વિશાળ ફલક પર અંગત દૃષ્ટિકોણથી માહિતી રજૂ

૧. a class, naked, natural way of speaking

કરવાની તેની નેમ છે. ઇતિહાસમાં વ્યક્તિઓનાં રેખાચિત્રો આલેખવામાં તેની કલમની કમાલ છે.

રેસ્ટોરેશન યુગનું ગદ્યસાહિત્ય રચવામાં ઉપર્યુક્ત લેખકોએ યથાશક્તિ ફાળો આપ્યો છે. પણ જેને સાહિત્યિક ગદ્ય કહીએ તેવા રસપ્રદ, અસરકારક ગદ્યના ખેડાણ માટે તો કવિ-નાટ્યકાર ડ્રાયડનનું જ સ્મરણ કરવું પડે. આધુનિક ગદ્યકાર તરીકે ડ્રાયડનનું નામ પ્રથમ પંક્તિમાં આવે. તેણે શિષ્ટ, સફાઈદાર, અસંદિગ્ધ અને બૌદ્ધિકતાના ચમકાર દર્શાવતા ગદ્યના નમૂના પૂરા પાડ્યા. એનાં બે પુસ્તકો 'ધ એસે ઑવ ડ્રમૅટિક પોયેસિ' (The Essay of Dramatic Poesy' - ૧૬૬૮) અને 'પ્રીફેસ ટુ ધ ફેબલ્સ' (Preface to the Fables - ૧૭૦૦) એના સમર્થ ગદ્યના નમૂનારૂપ પુસ્તકો છે. રેસ્ટોરેશન યુગમાં અનુભવમૂલક જ્ઞાનનો અને વસ્તુની બુદ્ધિપૂર્વક તપાસનો, પૃથક્કરણવૃત્તિનો ઉદય થવા માંડ્યો હતો. ડ્રાયડનના ગદ્યમાં પણ ચિત્ત સહેલાઈથી ગ્રહણ કરી શકે તેવી પ્રાસાદિક અને સુસ્પષ્ટ ભાષા, વસ્તુને પૃથક્કરણથી સમજાવવાની કુશળતા વગેરે ધ્યાન ખેંચી રહે છે. ટૂંકાં, સચોટ વાક્યો દ્વારા તે પોતાનાં મંતવ્યો આસાનીથી અભિવ્યક્ત કરે છે. એની ગદ્યકાર તરીકેની સમર્થતા સમજવા 'પ્રીફેસ ટુ ધ ફેબલ્સ'માં ચૉસર અને ઓવીડ (Chaucer and Ovid) ની કવિત્વશક્તિની તુલના વાંચવી ઘટે.

રેસ્ટોરેશન યુગમાં નિબંધ, રોજનીશી, ઇતિહાસ, આત્મવૃત્તાન્ત, જીવનચરિત્ર, વિવેચન વગેરેમાં ગદ્ય નવી નવી તરાહો પ્રકટાવતું દેખાય છે. ડ્રાયડન ગદ્યને સરસ ઓપ આપે છે. તે સાથે ગદ્યની સાહિત્યના નવા લલિત પ્રકાર માટે પણ યજમાયશ થતી જોવા મળે છે. જોન બન્યન (John Bunyan - ૧૬૨૮-૧૬૮૮) 'ધ પિલગ્રીમ્સ પ્રોગ્રેસ' (The Pilgrim's Progress ૧૬૭૮)દ્વારા અંગ્રેજી નવલકથાની દિશામાં પગરણ માંડે છે. □

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Mouthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel, Darshan Printers, Computer Typesetting-PRINTOGRAPH 334, Salapas Raod, Ahmedabad-1
4. Publisher's Name & Nationality Address	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N.Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati

Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chembers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Rajivkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1991.

Sd. / A. B. Rawat, Publisher

લઘુકથા

નિર્વ્યાજ પ્રેમ

—ઈજ્જતકુમાર આર. ત્રિવેદી—

પૂરા ત્રણ માસની માંદગી ભોગવી દાદાજી ફરી સ્વસ્થ થયા. આજે કેટલાય દિવસ પછી દાદાજી મંદિરે દર્શન કરવા જવાના હતા. પોતાના ત્રણેય પુત્રોને પત્નીની ગેરહયાતી થવા છતાં બરાબર ભણાવી તેઓની લાયકાત મુજબ ગામમાં જ નોકરીધંધે ચડાવ્યા હતા. આજિ દિ' લગણ ઢસરડો કરીને પણ આ ઘરને ભર્યુંભાદર્યું બનાવ્યું હતું...

આજસુધી તો ત્રણે દીકરાઓની વહુવારુ એક જ ચૂલે રાંધતી હતી. દીકરાને ઘરે પણ દીકરા રમતા થયા છતાં દાદાજીની હાક એવી કે ઘડીક ચડભડ ભલે થતી પણ હજુસુધી કોઈ દીકરો નોખા થવાનું જાહેરમાં બોલી શક્યો નથી. 'લાકડાની ભારી' વાર્તાનો સાર દીકરાઓ રહેતા રહેતા આત્મસાત્ કરી લેશે તેવી શુભ નિષ્ઠાથી દાદાએ બધી મિલકત અને રોકડ હાથ ઉપર જ રાખી હતી, પણ આ છેલ્લી બીમારી દરમિયાન વહુઓએ જે બેદરકારી દર્શાવી હતી તેનાથી દાદા થોડા અસ્વસ્થ થઈ થયા હતા...

વહુવારુ તો ડોસા માંદા પડ્યા ત્યારથી જ તેના મરવાની રાહ જોતી બેઠી હતી. આજે જ્યારે દાદાજી સાજાસારા થઈને મંદિરે જવા તૈયાર થયા ત્યારે તે જોઈને મોટીવહુ મનોમન તો આમ જ બોલી, 'અગ્નિનો ચૂક્યો સો વરસ જીવે. આ ડોસો હવે હમણાં મરશે નહીં. નોખા રહેવાનાં મારાં શમણાં હવે સાચાં પડી રહ્યાં!' પણ દાદાજી સાંભળે તેમ મોટીવહુએ આમ જ કહ્યું, 'હાશ! અંતે ભગવાને મારી પ્રાર્થના સાંભળી ખરી, દાદાજી વગર મારો કાનીયો ભણવા બેસત જ નહીં.' કોટ પહેરતા પહેરતા દાદાજી આ સાંભળીને મૂછમાં હસ્યા. દાદાજીની માંદગી વખતે તેના મોત માટે માનતા રાખી બેઠેલી વચલીવહુને થયું કે આ તો બધો જશ મોટીવહુ લઈ જશે એટલે તેણે કહ્યું, "ભાભી! તમારા કાનીયાને તો ચોકલેટ આપીને પણ ભણવા બેસાડી શકાત, પણ મારો આ કાન્તિડો તો દાદાજી વગર માથું અફળાવી અફળાવીને મરી જાત..." દાદાજીએ માથા પર ટોપી મૂકતા મૂકતા મૃત પત્નીની તસવીરની સામે જોયું, 'હશે!' એમ કહીને દાદાજીને હંમેશાં શાન્ત-કરી દેતો પ્રત્યુત્તર દાદાજીને જાણે ફરી સંભળાયો. સૌથી નાની વહુ ભણેલી હતી તેથી દાદાજીની લાકડી હાથમાં લઈ પોતાની નાની દીકરી ઝીણીને આગળ કરતાં તે હજુ કશું બોલે તે પહેલાં દાદાજીએ ઝીણીને તેડી લેતા કહ્યું, 'બોલ, તને શું ગમે બેટા, હું જીવું તે કે હું મરી જાઉં તે?'

"દાદાજી! તમારા વગર મને ચોકલેટ કોણ લાવી આપે?" ઝીણીએ તરત જ કહી નાખ્યું.

"સ્વાર્થીલી!" ત્રણે વહુ એકસાથે બોલી ઊઠી, પણ દાદાજીએ ઝીણીના મોઢામાં એક ચોકલેટ મૂકતા હસતા હસતા જ દર્શન કરી આવ્યા... □

ઈશાવાસ્ય ઉપનિષદ

મંત્ર : ૯, ૧૦, ૧૧

આગળના આઠમા મંત્રમાં બ્રહ્મનું, ઈશનું મહિમાવન્તુ નિરૂપણ કર્યું. હવે પછીના ત્રણ મન્ત્રોમાં અવિદ્યા અને વિદ્યા દ્વારા કાર્ય અને કારણ બ્રહ્મની સમુચિત ઉપાસના તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે.

અન્ધન્તમઃ પ્રવિશન્તિ યેઽવિદ્યામુપાસતે ।
તતો ભૂય ઈવ તે તમો ય ઉ વિદ્યાયાં રતાઃ ॥ ૯ ॥
અન્યદેવાહુર્વિદ્યયા અન્યદાહુરવિદ્યયા ।
ઈતિ શુશ્રુમધીરાણાં યે નસ્તદ્ વિચચક્ષિરે ॥ ૧૦ ।
વિદ્યાં ચાવિદ્યાં ચ યસ્તદ્ વેદોભયં સહ ।
અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયાઽમૃતમશ્નુતે ॥ ૧૧ ॥

અન્ધમ્-ઘોર; તમઃ -અન્ધકાર; પ્રવિશન્તિ - પ્રવેશે છે; યે - જે, જેઓ; અવિદ્યામ્ - અવિદ્યાને; ઉપાસતે - ઉપાસે છે; તતઃ - તેના કરતાં; ભૂયઃ -અધિક, વધારે; ઈવ - એવા; તમઃ - અન્ધકાર; તે - તે, તેઓ; યે - જે; ઉ-ભારસૂચક શબ્દ; વિદ્યાયામ્ - વિદ્યામાં; રતાઃ - રત, આસક્ત.


ઘોર અન્ધકારમાં તે પ્રવેશે છે જે અવિદ્યાને ઉપાસે છે. જે માત્ર આહાર, નિદ્રા, ભય, મૈથુનમાં જ પશુમય જીવન ગાળે છે, જે ઈંદ્રિયોના વિષયોમાં જ રાચે છે. પરંતુ એથી યે વધુ અન્ધકારમાં તો તે પ્રવેશે છે જે વિદ્યામાં, (વિદ્યા બે અર્થમાં લઈ શકાય - ૧, કોઈ પણ વિષય, કલામાં નૈપુણ્ય પ્રાપ્ત કરાવનાર - ૨, દેવતા જ્ઞાન, અને એમને પ્રસન્ન કરવાની વિધિ. અહીં બીજા અર્થમાં એને લેવાની છે) - દેવતાને પ્રસન્ન કરી સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિમાં રમમાણ રહે છે, કારણ કે - 'તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ' ૯

તે (બ્રહ્મ) તો વિદ્યાથી જુદું જ કહેવાયું છે, અવિદ્યાથી પણ જુદું જ : એવું અમે ધીર, પ્રાજ્ઞ જનો પાસેથી સાંભળ્યું છે, જેમણે અમને વિશદતાથી તે સમજાવ્યું છે. ૧૦

વિદ્યા અને અવિદ્યા બન્નેને જે યથાતથ જાણે છે, અને જાણીને જે એનાથી ઉપર ઊઠે છે, તે અવિદ્યાથી - સ્થૂલ જગતમાં પ્રાપ્ત કર્મ નિષ્પૃહ ભાવે કરવાથી મૃત્યુને, દુઃખને, સર્વ અભાવને અતિક્રમી જાય છે અને વિદ્યાથી (ઉપરના શ્લોકમાં કી તે વિદ્યા અને અવિદ્યા - બન્ને ભેદભાવયુક્ત હોવાથી અવિદ્યા જ છે)- પ્રથમ શ્લોકમાં જે પ્રમાણે જીવન ઘડવાનો નિર્દેશ કર્યો, તે પ્રમાણે સર્વત્ર ઈશદર્શન, એણે આપ્યું તે જ ભોગવવું, કોઈના કશાની યે ઈચ્છા, લાલચ રાખવી નહીં ને આમ પ્રાપ્ત કર્મ કરવાથી તે અમૃતની, નિત્ય આનંદની મસ્તીમાં રહે છે. ૧૧.

અવિદ્યાને ઉપાસે તે પ્રવેશે તમસે ઘન,
વિદ્યાસક્ત રહે તે તો એથી યે ઘોર ધ્વાન્તમાં. ૯
કહ્યું વિદ્યાથી તે જુદું, અવિદ્યાથી જુદું કહ્યું,
અમે ધીર થકી સુણ્યું, દાખવ્યું જ્ઞાન જેમણે. ૧૦
બન્ને - વિદ્યા અવિદ્યા ને સંગ જાણે યથાર્થ જે
અવિદ્યાથી તરે મૃત્યુ, પામે વિદ્યાથી અમૃત. ૧૧

રાજેન્દ્ર શાહ



ક્રિકેટ-૮ સ્ક્વૅર-કટ અને લેટ-કટ • કુમારપાળ દેસાઈ

આ સદીના પ્રારંભ પૂર્વે ક્રિકેટમાં માત્ર સીધા બૅટથી ખેલાતા ફટકાઓ જ હતા. બૅટિંગનું શાસ્ત્ર માત્ર સીધા બૅટથી લગાવાના ફટકાઓ સુધી જ સીમિત હતું, આથી ઑફ સાઈડ પર પહેલો દડો ઑફ-બાજુ જ લગાવવામાં આવતો હતો. એવો કોઈ નિયમ નહોતો કે ઑફ-સાઈડનો દડો ઑફ-બાજુ જ મારવો. પરંતુ પરંપરાવાદી ઈંગ્લૅન્ડમાં જન્મેલી આ રમત એક જ ચીલે ચાલતી હતી. જૂનો ચીલો ચાતરવાનું કામ તો ડબ્લ્યુ. જી. ગ્રેસ અને રણજિતસિંહ જેવા ક્રિકેટની નૈસર્ગિક શક્તિ ધરાવનારા બૅટ્સમૅનોએ કર્યું. એમણે સીધા બૅટથી ખેલવાની શૈલી પર સીધેસીધો પ્રહાર કર્યો. દડો પડ્યો હોય એનાથી વિરુદ્ધ દિશામાં એને ફટકારવો. ઑફ-સાઈડ પરના દડાને ઊંચકીને સ્ક્વૅર લેગ બાજુ મોકલી આપવો- જેવી અરૂઢ પદ્ધતિ અજમાવી. પ્રારંભમાં આ પ્રકારની પદ્ધતિને વિચિત્ર માનવામાં આવતી હતી, પરંતુ આજે તો આ પ્રકારની બૅટિંગ ક્રિકેટનું અવિભાજ્ય અંગ બની ગઈ છે.

આ બૅટિંગમાં એક વાત તો નિશ્ચિત છે અને તે એ કે આ પ્રકારના ફટકાઓ સાહસિક અને જોખમી હોય છે. આ પ્રકારના તમામ ફટકાઓમાં સૌથી સુંદર ફટકો હોય તો તે 'કટ'નો છે. 'કટ' એટલે બૅટને સહેજ આડું રાખીને એની ધાર દડાને અડાડવી. ઑફ સ્ટમ્પની બહાર પડેલા દડાને એવી કુશળતાથી આડા બૅટની ધારથી વાળી દેવો કે દડો પોતાની ગતિને સહારે જ વિકેટની પાછળ દોડ્યો જાય. આજે કટનો ફટકો છટાદાર અને ઉપયોગી ગણાય છે. સામાન્ય રીતે બૅટ્સમૅન સખત વિકેટ પર 'કટ'ની વિશેષ અજમાયશ કરે છે. આજે ઑસ્ટ્રેલિઆની પિચ ઘણી સખત છે અને તેથી ઑસ્ટ્રેલિઆમાં આવો ફટકો ઘણા રન મેળવી આપે છે. સ્પિન ગોલંદાજી સામે આ ફટકો વધુ કારગત નીવડે છે, કારણકે કેઈ પણ પ્રકારની કટ લગાવવા માટે બૅટ અને દડાના મેળાપની યોગ્ય ક્ષણ અને દડા પરનો કાબૂ એ બે બાબતો આવશ્યક છે. જો બૅટ્સમૅન જોશથી કટ લગાવવા જાય તો એ દડા પરનો કાબૂ ગુમાવી બેસે તેવી શક્યતા છે. સામાન્ય રીતે આ ફટકો સુરક્ષિત લગાવવા માટે દડો ઘણો 'શૉર્ટ ઑફ લેન્થ' હોવો જોઈએ અને સ્ટમ્પથી દૂર પડેલો હોવો જોઇએ. 'ઇન સ્વિંગર' અને 'ઑફ સ્પિન' દડામાં 'કટ' લગાવવી વર્જિત જ ગણાય. ઊગતા ખેલાડીને નેટમાં પૂરેપૂરી તાલીમ લીધા પછી જ મોટી મૅચમાં આવા ફટકાની અજમાયશ કરવી જોઈએ. અનુભવી ખેલાડીઓ દાવની શરૂઆતને બદલે બરાબર 'સેટ' થઈ ગયા પછી જ આવો ફટકો લગાવતા હોય છે.

'કટ' લગાવવાની આદર્શ પદ્ધતિ તો એ છે કે જેમાં દડાને 'કટ' લગાવીને નીચો ખેલવામાં આવે છે, પરંતુ આજે વન-ડે ક્રિકેટના પ્રભાવને લીધે કેટલાંક સુંદર 'કટ' લગાવનારા ખેલાડીઓ દડાને નીચો કરવાને બદલે 'ગલી'ના સ્થાનેથી કુદાવે છે. મોટા ભાગના ખેલાડીઓ તો દડાને જોરથી ફટકારવાને બદલે એની દિશા બદલતા હોય છે. વૅસ્ટઇન્ડીઝનો ઓપનિંગ બૅટ્સમૅન ગોર્ડન ગ્રીનીજ આમાં અપવાદ જ ગણાય. એ ક્રિકેટની રમતનો સૌથી જોશભરી કટ લગાવતો ખેલાડી છે.

ભારતીય બૅટ્સમૅન જી. આર. વિશ્વનાથ એની છટાદાર સ્ક્વૅર-કટ માટે જાણીતો હતો. જે દડો ઑફ-સ્ટમ્પની બહારથી પસાર થતો હોય અને ટૂંકી પિચવાળો હોય તેને સ્ક્વૅર-કટ લગાવી શકાય. આ સમયે જમણો પગ બૅક ફુટ ડિફેન્સની માફક જ ક્રિસ અને સ્ટમ્પની વચ્ચે આવે તે રીતે પાછળ લઈ જવો. આ ફટકો સામાન્ય રીતે પૉઇન્ટની દિશામાં મારવામાં આવે છે. ઑસ્ટ્રેલિઅન ખેલાડી નૉર્મન ઓનિલ તો એવું સૂચન કરે છે કે ઓપનિંગ બૅટ્સમૅને અથવા તો એક યા બીજા ક્રમે રમવા આવતા બૅટ્સમૅન સ્ક્વૅર કટથી સાવધ રહેવું જોઇએ. આ ફટકો લગાવતી વખતે સ્લિપમાં બેથી વધુ ફિલ્ડરો હોય તો બહુ ડરવાની જરૂર હોતી નથી, પરંતુ સ્લિપમાં બેથી વધુ ફિલ્ડરો હોય અને ગલીના સ્થાને કોઈ ફિલ્ડર ઊભો હોય તો ખૂબ તકેદારીથી સ્ક્વૅર કટ લગાવવી

જોઇએ, કારણ કે સહેજ પણ ભૂલ થતાં વિકેટની પાછળ ઝડપાઈ જવાની પૂરેપૂરી શક્યતા રહે છે. આમાં દડાને ક્યારે 'કટ' કરવો તે પણ વિચારવું જોઈએ. દડો એના પૂરેપૂરા ઉછાળ સુધી પહોંચી ગયો હોય પછી એને 'કટ' લગાવવી જોઇએ. બેટને સામાન્ય કરતાં થોડું વધુ ઊંચે લઈ જવું જોઇએ અર્થાત્ બેક લિફ્ટ થોડી વધુ હોવી જોઇએ. કટ લગાવતી વખતે બેટ આડું હોવું જોઇએ. એ પણ જોવું જોઈએ કે દડાની ઉપર બેટ જવું જોઈએ. જો બેટ નીચે હોય અને દડો ઉપર હોય તો સ્લિપમાં કેચ પકડાઇ જવાની શક્યતા રહે.

'સ્ક્વૅર-કટ' કરતાં પણ 'લૅટ-કટ'માં શક્તિ કરતાં પણ દડા પરનો કાબૂ અને મેદાન પર દડાને યોગ્ય રીતે ફટકારવાની આવડત (Placing) મહત્ત્વની છે. લૅટ-કટ હંમેશાં બીજી કે ત્રીજી સ્લિપની દિશામાં મારવામાં આવે છે. લૅટ-કટનો અર્થ એટલો નથી કે ઑફ-સ્ટમ્પની બહાર બેટને વીંઝવું. ખરેખર તો સુંદર રીતે લગાવાયેલો લૅટ-કટ એ ઘણો વેધક અને રચનાત્મક ફટકો છે.પણ બધા ખેલાડીઓ આ સ્ટ્રોક ફટકારી શકતા નથી. માત્ર આ ફટકો લગાવવામાં દક્ષ હોય એનું જ આમાં કામ. સ્ક્વૅર-કટમાં બેટ્સમૅન દડો જ્યારે જમણા પગની સામે આવે છે ત્યારે એને ફટકારતો હોય છે, જ્યારે લૅટ-કટમાં એનું નામ સૂચવે છે તેમ ખેલાડીના શરીર પાસેથી દડો પસાર થઈ ગયા પછી છેક છેલ્લી ઘડીએ કમરની નીચે નમીને આ ફટકો લગાવવામાં આવે છે. આમાં ફટકો લગાવવા માટે પાછલો પગ ઑફ-સ્ટમ્પની બાજુ જતો હોય છે. કેટલાંક ખેલાડીઓ પોતાના પગને સેકન્ડ સ્લિપ બાજુ રાખીને પણ લૅટ-કટ લગાવતા હોય છે. લૅટ-કટને માટે આદર્શ દડો તો એ છે કે જેની ટપ ગુડલેન્થથી થોડી પાછળ હોય અને સ્ટમ્પની ઊંચાઈ સુધી દડો ઊછળ્યો હોય. સામાન્ય રીતે મધ્યમ ઝડપી ગોલંદાજો સામે આવો શૉટ લગાવવામાં આવે છે. સર ડોન બ્રેડમૅને તો એવું સૂચન કર્યું છે કે જો આ સ્ટ્રોક બેટ્સમૅન એની સંપૂર્ણ ટેક્નિકથી રમે તો આ ફટકો લગાવ્યા પછી બેટ જમીનને અડતું હોય છે. જો કે પાકિસ્તાનના ઑલ રાઉન્ડર ઈમરાનખાન પોતાના અનુભવને આધારે એમ કહે છે કે એમણે લૅટ-કટ બાદ કોઈનુંય બેટ આ રીતે જમીન પર અથડાતું જોયું નથી.

ભારતનો સુનિલ ગાવસ્કર અને ઈંગ્લૅન્ડનો વિકેટકીપર એલન નૉટ આબાદ રીતે આવી કટ લગાવતા હતા. એમાં એમનાં કાંડાંની તાકાત અને કરામત જોવા મળતી હતી. સુનિલ ગાવસ્કર તો એટલો બધો કુશળ ખેલાડી હતો કે એ ઑફ-સ્પિન કે ઈન-સ્વિંગ દડા સામે પણ લૅટ-કટ લગાવતો હતો. પણ આ વાત તો થઈ શક્તિશાળી ખેલાડીઓની. સામાન્ય ખેલાડીઓને માટે તો આ જોખમ જ ગણાય. એમ જોઈએ તો કીથ મિલર આવે સમયે પણ દડાને જોરથી ફટકારતા હતા. ઝડપી ગોલંદાજી સામે લૅટ-કટ લગાવાતી નથી. જ્યારે ઈંગ્લૅન્ડના યૉર્કશાયર પરગણામાં તો કેટલાક આવા કટના ફટકા જ લગાવવાની ના પાડે છે. કારણ કે આવા ફટકા સારો "બિઝનેસ" આપતાં નથી એટલે કે એમાં રન ઓછા છે અને જોખમ વધુ છે. જો કે કટના ફટકા એ ક્રિકેટની કલાત્મકતાના સૂચક છે. એમાં પણ ભારતના જામ રણજીતસિંહે આ લૅટ-કટની શોધ કરી હતી અને એને કલાત્મકતાની ચરમ સીમાએ પહોંચાડી હતી. એમણે આ રમતને લેગ-ગ્લાન્સ કે લેગ-ગ્લાઈડ નામનો નવો જ ફટકો આપ્યો. જેના કાંડામાં લોખંડી કૌવત ન હોય અને સાથોસાથ વીજળી જેવી ત્વરિતતા ન હોય તે આવો ફટકો ખેલી શકે નહીં.

ઝડપી ગોલંદાજીને ફાવટ આપતી પિચ પર, ઝડપી ગોલંદાજ સામે આ ફટકો લગાવી શકાય છે. ગ્લાન્સ ખેલવા માટે તૈયારી તો રક્ષણાત્મક ફટકા જેવી જ કરવાની હોય છે, પરંતુ બેટ અને બૉલના સંગમના ખરા સમયે બેટને લેગ બાજુ ઘુમાવી દેવામાં આવે છે. આ રીતે લેગ સ્ટમ્પની બહાર પડેલા અથવા તો બ્રેક થઈને લેગ તરફ આવતા દડામાં ગ્લાન્સ લગાવી શકાય છે. માત્ર એટલું ખ્યાલમાં રાખવું જોઈએ કે લેગ સ્ટમ્પની લાઈનમાં પિચ પડતાં લેગ બ્રેક કે આઉટ સ્વિંગ દડામાં ગ્લાન્સ ગલાવવા જોખમી બને છે.

ફૉરવર્ડ લેગ ગ્લાન્સમાં જમણો પગ ઑફ સ્ટમ્પની સહેજ બહાર કાઢવામાં આવે છે, જેથી દડો ચૂકી જવાય તો પણ પૅડના બહારના ભાગને અથડાય.

બૅકવર્ડ લેગ ગ્લાન્સમાં જમણો પગ પાછળ લઈ જઈ સ્ટમ્પની દિશામાં ત્રાંસો રાખીને ફટકો મારવામાં આવે છે. બેટ અને બૉલનો મેળાપ જમણા પગની નજીક થવો જોઈએ. આમાં પણ ફટકો મારતી વખતે બેટને લેગ બાજુ ફેરવવું જોઈએ. દડો જો લેગ સ્ટમ્પની બહાર હોય તો જ આ પ્રકારે ગ્લાન્સ લગાવવો અને સામાન્ય રીતે ઝડપી અથવા મધ્યમ ઝડપી દડામાં આવો ગ્લાન્સ લગાવવો, કારણકે આ ફટકો મારતાં થોડી પણ ભૂલ થાય તો એલ.બી.ડબ્લ્યુ થવાનો ભય રહે છે. □

અનુસંધાન] સંભવામિ યુગે યુગે [પૃ.૧૨૦ પરથી

'મહારાજ!' સારથિએ અત્યંત વિનમ્ર ભાવે કહ્યું, 'વજ્રને ઇન્દ્ર મહારાજ સિવાય કોઈ દેવ પણ સાહી શકતા નથી. આપ પૃથ્વી પર સુલભ હોય તેવા બધા જ પદાર્થો ઇચ્છામાત્રથી પ્રાપ્ત કરી શકશો.'

'તો પછી હું પરશુ જ ધારણ કરીશ.' મેં કહ્યું, 'મહારાજ! આપ ખરે જ અત્યારે પૃથ્વીને નક્ષત્રી કરવા ઉદ્યમશીલ બનેલા પરશુરામ સમા શોભી રહ્યા છો.'

'અંબારામ! હું ભદ્રંભદ્રને બદલે પરશુભદ્રના નામથી ઓળખાવા માગું છું. મારી આ પરશુથી તમામ નર્મદાવાળાઓના શિરચ્છેદ કરી, પૃથ્વીને નર્મદાવાળાઓના ત્રાસથી મુક્ત કરીશ.'

'મહારાજ! ભદ્રંભદ્ર નામ બધા દેવોને પસંદ આવી ગયું છે. નવા નામથી કોઈ દેવ કોપાયમાન થાય તો આપણા કાર્યમાં વિઘ્ન આવવા સંભવ છે.'

'તારો તર્ક બુદ્ધિયુક્ત જણાય છે. ભદ્રંભદ્ર નામનો ત્યાગ કરવાનું ઇષ્ટ નથી, પણ હે વત્સ! તને પસંદ શબ્દની જગ્યાએ દેવભાષાનો શબ્દ પ્રસન્ન યોજવાની સૂચના મેં આપેલી છે તેનું વિસ્મરણ થવું ઘટિત નથી.'

'અપરાધ માટે ક્ષમા પ્રાર્થું છું, મહારાજ!' મેં દીનભાવે કહ્યું.

- અમારો રથ કર્ણાવતી નગરના ભદ્ર નામે ઓળખાતા વિસ્તારમાં આવી પહોંચ્યો. અમને પૃથ્વીતલે મૂકી, ભદ્રંભદ્રને વંદન કરી, સારથિએ પુનઃ સ્વર્ગલોક પ્રતિ પ્રયાણ કર્યું. (ક્રમશઃ)

ચામડીના રોગો દાદર અને તેના ઉપચાર

દાદર પણ ચામડીનો રોગ છે. તેને દદ્રુ પણ કહે છે. જે વ્યક્તિઓ ગરમ ખાનપાન લે છે તેમને પરસેવો ખૂબ થાય છે. તેમનો પરસેવો તીવ્ર હોય છે. તેમને સાથળનાં મૂળ, ગુપ્ત ભાગ, કમર અને બગલમાં પરસેવો થઈને એ પરસેવો સુકાય છે. એ સુકાએલા પરસેવાને અને શરીર પરના મેલને બરાબર ઘસીને ગરમ પાણીથી દરરોજ સાફ કરવામાં આવે તો ચળ આવતી નથી; પરંતુ જો આવી કાળજી ન લેવામાં આવે તો પછી ચળ આવે છે. અને દરરોજ ચળ આવી એ ભાગ લૂખો, રૂક્ષ તથા ખરબચડો થાય છે. ત્યાર પછી લાલ કુંડાળાં વળી દાદર થાય છે. લાંબા સમયને અંતે એ ભાગ કાળો થઈ કાળી દાદર પણ થાય છે. આ ઉપરાંત લોહીના બગાડને કરણે પણ દાદર થાય છે. દાદર થએલા ભાગની ચામડી બાળી નાખવા એ ભાગ પર લીંબુનો રસ ચોપડવો. તેમજ કુંવાડિયાંનાં બી છાશમાં વાટીને ચોપડવાં. કુંવાડિયાંને દદ્રુઘ્ન (દાદરનો નાશ કરનાર) કહેવાય છે. શરૂઆતમાં થયેલી દાદર તેનાથી મટે છે.

સર્વસામાન્ય દાદરના ઉપાયો

(૧) તુલસીના મૂળનો ક્વાથ કરીને પીવાથી દાદર મટે છે.

(૨) દિવેલ ઘીમાં મેળવીને પીવાથી દાદરમાં ફાયદો થાય છે.

(૩) શંખાવળીનાં પંચાંગ (પાન, ફૂલ, ફળ, મૂળ અને છાલ)નો ક્વાથ કરી પીવાથી લોહીશુદ્ધિ થઈ દાદર મટે છે.

દાદરમાં લેપાદિ

(૧) તુલસીનાં પાનનો રસ અને લીંબુનો રસ એકત્ર કરી, દાદર પર લેપ કરવાથી કે ઘસવાથી તે મટે છે.

(૨) બાવચીનાં પાનનો રસ દાદર પર ચોપડવાથી દાદર મટે છે.

(૩) કુંવાડિયાંનાં કુમળાં પાન અને લીમડાનાં પાન સરખે ભાગે લઈ, તેનો રસ કાઢી ચોપડવાથી દાદર મટે છે.

(૪) કુંવાડિયાંનાં મૂળને લીંબુના રસમાં ઘસીને ચોપડવાથી દાદર મટે છે.

(૫) કુંવાડિયાંનાં બી અને કણજીનાં બી ભેગાં બારીક વાટીને દાદર પર ચોપડવાથી તે મટે છે.

(૬) કુંવાડિયાંનાં બીનું ચૂર્ણ, ખાટી છાશમાં, લીંબુના રસમાં અથવા તેના પાનના રસમાં (ત્રણ પૈકી ગમે તેમાં) કાલવીને ચોપડવાથી ગમે તેવી દાદર મટે છે. (જો તેમાં થોડો ગંધક મેળવ્યો હોય તો એ વધારે ગુણકારી બને છે.)

(૭) કુંવાડિયાંનાં બી, બાવચીનાં બી, ગંધક, સિંદૂર અને ફુલાવેલ ટંકણખાર એ બધાંનું બારીક ચૂર્ણ કરી, સરસિયા તેલમાં મેળવી દાદર પર ચોપડવાથી ગમે તેટલી જૂની અને ફેલાએલી દાદર મટે છે. માત્ર કુંવાડિયાંનાં બી એકલાં જ છાશમાં વાટીને ચોપડવાથી પણ દાદર મટે છે.

(૮) કણજીનું તેલ લીંબુના રસમાં મેળવી, ખૂબ હલાવી એકરસ કરીને ચોપડવાથી દાદર મટે છે.

(૯) લીંબુના રસમાં આમલીનો કચૂકો ઘસીને ચોપડવાથી દાદર મટે છે.

(૧૦) સરગવાના મૂળની છાલને પાણીમાં અથવા ગાયના મૂત્રમાં ઘસીને લેપ કરવાથી દાદર મટે છે.

(૧૧) કરેણનાં પાનને દ્રાક્ષના કે શેરડીના સરકામાં પીસીને ચોપડવાથી દાદર મટે છે.

(૧૨) ગુવારનાં પાનનો રસ અને લસણનો રસ એકત્ર કરી દાદર પર ચોપડવાથી દાદર મટે છે.

સર્વ પ્રકારના ચામડીના વિકારો

(૧) પંદર-વીસ ગ્રામ મધ ઠંડા પાણીમાં (મેદવાળી વ્યક્તિઓએ થોડા ગરમ પાણીમાં) મેળવી રોજ સવારમાં ત્રણ-ચાર માસ પીવાથી દાહ, ખંજવાળ, ફોડલીઓ જેવા ચામડીના વિકારો મૂળમાંથી નષ્ટ થાય છે.

(૨) બાવચીનાં બીની બે-ત્રણ ગ્રામ ભૂકી સાકરમાં મેળવી ખાવાથી લોહી વિકારથી થતા ચામડીના રોગો મટે છે.

ખટાશ, ખારાશ અને તીખાશવાળા પદાર્થો તેમજ દૂધ, દહીં, ગોળ, તલ અને અડદ ચામડીના રોગોમાં અપથ્ય છે. માટે એ સર્વ બંધ કરવું. □

'કુમાર'ના જૂના ગ્રાહકોને

૧૯૮૭ના જૂનથી 'કુમાર'નું પ્રકાશન સ્થગિત કરવું પડેલું. આથી તે વર્ષે જેમનાં લવાજમો મળ્યાં હતાં તેમને તે લવાજમ પેટે બાકીના અંકો ઑગસ્ટ ૧૯૯૦થી મોકલવાના શરૂ કર્યા છે. સંભવત: તેવા જૂના બધા ગ્રાહકોનાં લવાજમ આ અંક સાથે પૂરાં થાય છે. સૌ જૂના ગ્રાહકોને 'કુમાર'નું નવું લવાજમ રૂ. ૭૫-૦૦ મોકલી આપવા વિનંતી છે. અમને શ્રદ્ધા છે કે સહુ જૂના ગ્રાહકોનો સહકાર-સદ્ભાવ જારી રહેશે.

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગે યુગે

રતિલાલ બોરીસાગર

પૃથ્વીપ્રવેશ

ભદ્રંભદ્રના આગમનનો સંદેશો મળતાં ચિત્રગુપ્ત સ્વયં ભદ્રંભદ્રનું સ્વાગત કરવા કાર્યાલયના પ્રમુખ દ્વાર પાસે આવ્યા.

'ચિત્રગુપ્તના કાર્યાલયમાં આપનું સ્વાગત હો.' ચિત્રગુપ્તના પ્રિયવચનના શ્રવણથી ભદ્રંભદ્ર પ્રસન્ન થયા. આસન ગ્રહણ કર્યા પછી કલ્પવૃક્ષનાં ફળો અમારી સમક્ષ ધરવામાં આવ્યાં ત્યારે ભદ્રંભદ્રની પ્રસન્નતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ. આમ છતાં, સ્વર્ગના પ્રત્યેક ભોજન વખતે ભદ્રંભદ્રને પૃથ્વીલોકનું લાડુનું ભોજન અચૂક સ્મરણમાં આવતું. આજે પણ એમણે કહ્યું, 'વત્સ! કલ્પવૃક્ષનાં ફળો અત્યંત મધુર છે, કિંતુ પૃથ્વીલોકના બ્રહ્મભોજનમાં પીરસાતા લાડુની તુલનામાં તો ન જ આવે. તારો આ અંગે શો અભિપ્રાય છે?'

'આપના અભિપ્રાય સાથે અસહમત થવાનો ઘોર અપરાધ મારાથી કદાપિ થયો નથી.' મેં નમ્રતાથી કહ્યું.

'તારી મારા પરત્વેની નિષ્ઠા અનન્ય છે. શ્રીરામના અનન્ય સેવક તરીકે જેમ શ્રીહનુમાનનો યશ ત્રિલોકમાં પ્રસર્યો તેમ મારા અનન્ય સેવક તરીકે તારો યશ ત્રિલોકમાં વ્યાપી રહેશે.'

'આ અનુગ્રહ માટે કૃતકૃત્યતા અનુભવું છું.'

ભોજન વખતે ભદ્રંભદ્ર લાંબો સંવાદ ન કરતા. ભોજન ચાલુ હોય ત્યારે તો એ સંપૂર્ણ મૌન ધારણ કરતા. ભોજન સમયે વાણીવ્યવહાર કરવાથી ઉદર અને મુખની મધ્યમાં વાયુનાં પડ બંધાઈ જાય છે, જેથી પર્યાપ્ત માત્રામાં ભોજન લઈ શકાતું નથી એવો ભદ્રંભદ્રનો મત હતો. આટલો સંવાદ પણ ચિત્રગુપ્ત 'આવું છું' કહી અંદરના કક્ષમાં ગયા એ સમયપટમાં જ થયો. ચિત્રગુપ્ત આવતાં જ ભદ્રંભદ્રે સંવાદ અટકાવી પૂર્ણ લક્ષ ભોજન પર જ કેન્દ્રિત કર્યું.

ચિત્રગુપ્ત પાસેથી પૃથ્વીલોકગમનનો અનુમતિપત્ર પ્રાપ્ત કરી અમે ઇન્દ્રલોકમાં ગયા. સ્વર્ગમાં દરેક દેવના અલગઅલગ લોક છે. અમે પહેલવહેલા સ્વર્ગમાં આવ્યા ત્યારે સ્વર્ગની વ્યવસ્થા અંગે પ્રતિભાવ વ્યક્ત કરતાં ભદ્રંભદ્રે કહેલું, 'અંબારામ! અમદાવાદમાં જેમ સરખેજ, પાલડી, કોચરબ, વટવા, નરોડા, રખિયાલ આદિ અલગ અલગ ગામો છે તેમ અહીં પણ ઇન્દ્રલોક, વાયુલોક, વરુણલોક આદિ વિભાગો જણાય છે.'

ઇન્દ્રલોકમાં સ્વયં મહારાજ ઇન્દ્રે અમારું સ્વાગત કર્યું. પોતાની રાજસભામાં આવવાની કૃપા ભદ્રંભદ્ર કેમ કરતા નથી એવી પૃચ્છા કરી. 'અપ્સરાઓનાં વિલાસી નૃત્યો ચાલતાં હોય ત્યાં ચરણ ધરવાનું ભદ્રંભદ્ર માટે નિષિદ્ધ છે' એમ ભદ્રંભદ્ર વારંવાર કહેતા. આજે પણ તે જ પ્રત્યુત્તર આપવાની તત્પરતા મેં એમના મુખમંડળ પર જોઈ. એમના આવા પ્રત્યુત્તરથી નર્મદારક્ષાના અમારા મહાન ધ્યેયમાં વિઘ્ન આવવાનો સંભવ હતો એટલે મેં જ ભદ્રંભદ્ર વતી પ્રત્યુત્તર આપ્યો, 'મહારાજ! આર્યધર્મના સદોદિત યશઃપૂર્ણ વિજય અંગેના ચિંતનમાં નિમગ્ન રહેતા ભદ્રંભદ્ર માટે અન્ય કાર્યો અર્થે અવકાશ પ્રાપ્ત કરવાનું અતિકઠિન છે.

અમારા પૃથ્વીલોકગમનના પ્રયોજન વિશે મેં ઇન્દ્રમહારાજને વિજ્ઞપ્ત કર્યા હતા તેમ છતાં, સ્વયં ભદ્રંભદ્રના શ્રીમુખેથી પૃથ્વીલોકગમન-પ્રયોજન વિશે જાણવાની ઉત્કંઠા ઇન્દ્રમહારાજ રોકી શક્યા નહીં. ઇન્દ્રમહારાજની વિનંતી સાંભળી ભદ્રંભદ્રે ગંભીર મુખમુદ્રા ધારણ કરી કહ્યું, 'મહારાજ! પૃથ્વીલોકમાં નર્મદાવાળાઓના અનાચાર અત્યંત વધી ગયા છે. ભારત દેશની પુરાણપ્રાચીન નર્મદા નદી પર વિશાળ બંધ બાંધી નર્મદાનાં પાણીને ઈચ્છિત દિશામાં વાળવાનો ઘોર અપરાધ નર્મદાવાળાઓ કરી રહ્યા છે. આ બંધ બાંધવા તેઓ જંગલોનો વિનાશ કરશે. પહાડો ખોદી તેઓ નહેર બનાવશે. નર્મદામાતાનાં પાણીને લોહપટ્ટિકામાં બદ્ધ કરી દૂરસુદૂર લઈ જશે અને એમ કરીને શિવતનયા નર્મદાને ગૂંગળાવશે. પહાડો અને જંગલોમાં વસતા આદિવાસીજનોને વિસ્થાપિત કરી, નગરજનોની સમીપ વસાવશે. આમ થશે એટલે આદિવાસીજનોને નગરની ભ્રષ્ટ સંસ્કૃતિનો સ્પર્શ થશે. આદિવાસીજનો અદ્યાપિ માત્ર લંગોટીભેર રહી આર્યસંસ્કૃતિઆભૂષણ તપસ્વી જીવન જીવી રહ્યા છે તેઓ નગરજનોના સામીપ્યને કારણે પશ્ચિમના લોકો જેવો પોશાક પરિધાન કરવાના મોહમાં પડશે. એટલે હે ઇન્દ્રમહારાજ! નર્મદાવાળાઓ સામે યુદ્ધે ચડવા હું પૃથ્વીલોકમાં જવા ઈચ્છું છું અને આ મહાન ધ્યેયમાં આપના અનુગ્રહ માટે પ્રાર્થું છું.'

ભદ્રંભદ્રની વાક્ધારા શમી તેથી અપૂર્વ રાહતનો અનુભવ કરી, ઇન્દ્રમહારાજ બોલ્યા, 'આપના કાર્યમાં આપને યશ મળે એવો અભિલાષ પ્રકટ કરું છું. મારો સારથિ આપને આપ ઇચ્છશો ત્યાં મૂકી જશે. સ્વર્ગલોકની સીમા પાર કર્યા પછી આપે આ કદી મલિન ન થતાં સ્વર્ગનાં વસ્ત્રોનો ત્યાગ કરી, પૃથ્વીલોકનાં ઇચ્છિત વસ્ત્રો ધારણ કરવાં પડશે. રથમાં હશો ત્યાં સુધી આપ સ્મરણ કરશો તે તે સઘળા પદાર્થો આપની સમક્ષ ઉપસ્થિત થશે. પૃથ્વીલોકનું આપનું પ્રયોજન સમાપ્ત થાય ત્યારે આપ મારું સ્મરણ કરજો. આપનો સંદેશ મળતાં જ હું આપને માટે દિવ્યરથ મોકલવાનો પ્રબંધ કરીશ.'

ઇન્દ્રમહારાજના અનુગ્રહનો સ્વીકાર કરી અમે રથ પર આરૂઢ થયા. રથની બેઠક પર સ્થાન ગ્રહણ કરવાને બદલે ભદ્રંભદ્ર ઊભા જ રહ્યા. એમને ઊભેલા જોઈ મેં એમને વિનંતી કરી. 'મહારાજ! સ્થાન ગ્રહણ કરવા કૃપા કરો.' 'નહીં, વત્સ!' ભદ્રંભદ્રે પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'હું ઊભો જ રહીશ. નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનાર્થે જઈ રહેલો એવો હું અત્યંત ત્વરાથી પૃથ્વીલોકમાં પહોંચવા માગું છું' રથમાં બેસવાને બદલે

ઊભા રહેવાથી પૃથ્વીલોક મધ્યે ત્વરાથી કેમ પહોંચાય તે મૂઢમતિ એવો હું સમજ્યો નહીં, પણ ગુરુનું કાર્ય વિવેચનથી પર હોઈ હું મૂંગો રહ્યો ને એમની સમીપમાં ઊભો રહ્યો. મને એમની સમીપમાં ઊભેલો જોઈ ભદ્રંભદ્ર અતીવ પ્રસન્ન થયા અને બોલ્યા, 'મારી ભાવનાનો તારામાં આવિર્ભાવ થયેલો જોઈ હું પ્રસન્નતાનો અનુભવ કરું છું.'

રથ વાયુવેગે પૃથ્વીલોક પ્રત્યે ધસી રહ્યો હતો. જોતજોતામાં અમે સ્વર્ગલોકની સીમા પાર કરી. સારથિએ કહ્યું, 'મહારાજ! આપને પૃથ્વીનાં જે વસ્ત્રો, પદાર્થો ને દ્રવ્યની આવશ્યકતા હોય તેનું સ્મરણ કરો. હવે તુરંત કર્ણાવતી આવશે.'

'અમારે અમદાવાદ જવું છે, કર્ણાવતી નહીં.' ભદ્રંભદ્રે કહ્યું. એકાએક મારી સ્મરણશક્તિ સતેજ થઈ. મેં કહ્યું, 'મહારાજ! સારથિ આપણને યોગ્ય સ્થાને જ લઈ જાય છે. કર્ણાવતી અમદાવાદનું નૂતન નામાભિધાન છે.' આટલું સાંભળતાં ભદ્રંભદ્ર અતીવ પ્રસન્ન થયા; બોલ્યા, 'અંબારામ! અમદાવાદનું કર્ણાવતી નામાભિધાન કરવાનો શુભવિચાર તો સ્વયં મને પણ નહીં આવેલો. આવા આર્યધર્મપ્રિયજનો આ નગરમાં હવે વસ્યા છે તે જાણી હું પ્રસન્ન થયો છું. એ આર્યધર્મપ્રિયજનોની સુજ્ઞતાથી અમદાવાદ નામના ઉચ્ચારણથી થતા ઘોર અપરાધમાંથી હવે હું ઊગરી જઈશ. વર્ષો સુધી કર્ણાવતીના નામનું દૂષિત ઉચ્ચારણ કરવાથી લાગેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરી, પછી જ આપણે સ્વર્ગમાં પાછા ફરીશું. અંબારામ! આ શુભ સમાચાર આપવામાં વિલંબ કરવાનું તને ઘટિત નહોતું.' 'મહારાજ! કર્ણાવતી નામ હજુ નગરજનોમાં પ્રચાર ન પામ્યું હોઈ, મને એનું વિસ્મરણ થયું. આ ઘોર અપરાધ માટે ક્ષમા યાચું છું.' 'કર્ણાવતી નામ પ્રચારમાં ન આવ્યું તે પરથી સુધારવાળાઓ હજુ નિર્બળ નથી થયા એ સિદ્ધ થાય છે. નર્મદાવાળાઓને પરાજિત કર્યા પછી કર્ણાવતી નામાભિધાનના કર્તાઓની સહાયથી સુધારવાળાઓ સામે ફરી યુદ્ધે ચડીશ.'

'મહારાજ! કર્ણાવતી નામાભિધાનના કર્તાઓ પણ નર્મદાયોજનાના અપરાધમાં જોડાયેલા છે.' 'તો એ આર્યત્વના અપરાધીઓને હું ક્ષમા નહીં અર્પું. પ્રાચીનતાના પૂજારીઓ પણ નર્મદાવાળાઓના પ્રચારથી ભ્રમિત થઈ ગયા એ જાણી હું ખિન્નતાનો અનુભવ કરું છું.'

'મહારાજ!' સારથિ બોલ્યો, 'કર્ણાવતી હવે સમીપમાં જ છે. આપ પૃથ્વીલોકને અનુરૂપ વસ્ત્રો ધારણ કરો ને ઇચ્છિત પદાર્થો તથા દ્રવ્યાદિ પ્રાપ્ત કરો.' સારથિની વિજ્ઞપ્તિથી પ્રેરાઈ ભદ્રંભદ્રે કહ્યું, 'અંબારામ! આવશ્યકતાથી વધારે કશું આપણે લઈ જઈશું નહીં. દ્રવ્યસંચયને શાસ્ત્રમાં દુઃખનું કારણ ગણવામાં આવ્યું છે. છ માસની અવધિપર્યંત આપણે પૃથ્વીલોકનિવાસ કરવાનો છે. પ્રતિમાસ દશ-દશ રૂપિયા પર્યાપ્ત ગણાય.'

'મહારાજ! ભારતવર્ષમાં અત્યારે ચીજવસ્તુઓનું મૂલ્ય અત્યાધિક છે. દશ રૂપિયામાં એક દિવસનું શાક ખરીદવા પણ પ્રજાજનો અસમર્થ છે. નર્મદા જેવી પુરાણપ્રાચીન નદી પર બંધ બાંધવાના ઘોર અપરાધના દંડ રૂપે આ મૂલ્યવૃદ્ધિ થઈ છે. આપણા મહાયુદ્ધ પછી નર્મદાનો મોક્ષ થશે ને પછી વસ્તુઓનાં મૂલ્યમાં ન્યૂનતા આવશે.'

ભદ્રંભદ્રનો તર્ક મને સમજાયો નહીં. પણ મેં પ્રતિવાદ ન કર્યો. ભદ્રંભદ્રે કહ્યું, 'અંબારામ! આવશ્યક દ્રવ્યાદિની ગણતરીની કઠિન સમસ્યાનો ઉપાય વિચાર.' ભદ્રંભદ્રની મૂઝવણ જોઈ સારથિએ કહ્યું, 'મહારાજ! તમારા સંયમથી હું પ્રસન્ન થયો છું. હું પહેલાં કુબેર મહારાજનો સારથિ હતો. કુબેર મહારાજે મને એક દિવ્ય પેટી આપી છે. આપના પૃથ્વીતલનિવાસકાલપર્યંત આ પેટી આપની પાસે રાખજો. આપને જ્યારે જેટલા દ્રવ્યની આવશ્યકતા હોય તેટલા દ્રવ્યની ગણતરી કરી આપ પેટી ઉઘાડજો એટલે આવશ્યકતાનુસારનું દ્રવ્ય આપને મળી રહેશે.' સારથિની વાતથી ભદ્રંભદ્ર અતિ પ્રસન્ન થયા અને બોલ્યા; 'આ આર્યશ્રેષ્ઠે આપણને ચિંતામુક્ત કર્યા છે. હવે માત્ર વસ્ત્રોને આભૂષણોનો પ્રશ્ન રહ્યો. મારા પૃથ્વીતલનિવાસકાલ પ્રસંગે જેવાં વસ્ત્રો હું ધારણ કરતો હતો તેવાં વસ્ત્રો ને આભૂષણો હું ધારણ કરીશ. તું પણ એમ જ કરજે.' કહી ભદ્રંભદ્ર આંખો મીંચી ગયા. મેં પણ આંખો મીંચી. મારે તો તદ્દન સાદાં વસ્ત્રો ધારણ કરવાનાં હતાં. મેં તુરંત આંખો ખોલીને જોયું તો ભદ્રંભદ્ર એમના આદિસ્વરૂપમાં દેદીપ્યમાન લાગી રહ્યા હતા. મેં કહ્યું, 'મહારાજ! આપ દિવ્ય રૂપે શોભી રહ્યા છો. ચક્ષુઓ ઉઘાડો.'

'ના વત્સ! પહેલાં તું મારા દિવ્ય રૂપનું વર્ણન કર જેથી કંઈ ક્ષતિ રહી ગઈ હોય તો ચક્ષુઓ ઉઘાડ્યાં પહેલાં સંશોધન માટે અવકાશ રહે.'

'મહારાજ! શ્રીકૃષ્ણના વિરાટ રૂપનું દર્શન કરી અર્જુને જે અહોભાવ અનુભવ્યો હતો તેવો જ અહોભાવ હું અત્યારે અનુભવી રહ્યો છું. આપે પગમાં પાવડીઓ પહેરી છે, કટિ પર ધોતિયા પર મૃગચર્મ બાંધ્યું છે; ઓઢેલા ધોતિયાની કોર પર ચપરાસીના પટા માફક ભગવા રંગની પટી ટાંકી છે; ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરી છે; હથેલીઓ પર શંખ, ચક્ર, ગદા, પદ્મ ઈત્યાદિ ચીતર્યાં છે; ગાલ પર આડી-ઊભી લીટીઓ કાઢી, ખાનાંઓમાં એક ગાલે 'શિવ', 'શિવ' એ શબ્દો લખ્યા છે અને બીજે ગાલે 'રામ', 'રામ' એ શબ્દો લખ્યા છે; કપાળે સુખડની અર્ચા કરી છે અને કપાળને એક છેડે ગણપતિનું ચિત્ર કાઢ્યું છે અને બીજે છેડે સૂર્યનું ચિત્ર કાઢ્યું છે. એક હાથમાં ગૌમુખી શોભે છે અને બીજા હાથમાં કુહાડી શોભે છે. પાઘડીમાં તુલસીની ડાળીઓ ખોસેલી છે. મહારાજના આવા દિવ્ય ભવ્ય રૂપને મારાં કોટિ કોટિ વંદન હો!'

'અંબારામ! મારા દિવ્ય રૂપના તારા વર્ણનથી મારા વિશે મારા પોતાના મનમાં પણ અહોભાવ જાગ્યો છે. તારા વર્ણનમાં રહેલી એક ક્ષતિ માટે મારે તારું ધ્યાન આકર્ષિત કરવાનું છે. મારા હાથમાં શોભી રહેલી પરશુ માટે કુહાડી એવું તુચ્છ નામાભિધાન શોભતું નથી.' 'અપરાધ માટે ક્ષમા યાચું છું, મહારાજ! અને ચક્ષુઓ ઉઘાડવા વિનંતી કરું છું.'

'સારથિ!' ભદ્રંભદ્રે ચક્ષુઓ બંધ રાખીને જ કહ્યું.

'હું ઇન્દ્રનું વજ્ર ધારણ કરવા માગું છું. વજ્રના એક જ પ્રહારથી હું નર્મદાબંધને ધરાશાયી કરી દઈશ.'

(અનુસંધાન પૃ. ૧૧૭ પર)

કલાવાર્તા

ડૉ. પ્રભા અત્રે

સંગીતક્ષેત્રે પોતાની વિશિષ્ટ પ્રતિભા દાખવનાર ડૉ. પ્રભા અત્રેને ભારત સરકારે ૧૯૯૦ના વર્ષના પદ્મશ્રીના એવૉર્ડથી નવાજ્યાં છે તે સર્વથા ઉચિત છે. સંગીતના ક્ષેત્રે તેઓ સંગીતકાર હોવા ઉપરાંત એક અચ્છા સંગીતશિક્ષક પણ છે. એમણે વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખામાંથી સ્નાતકની ઉપાધિઓ પ્રાપ્ત કરવા ઉપરાંત સંગીતમાં પીએચ.ડી.ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી છે. આકાશવાણીમાં દસ વર્ષ સુધી સહાયક નિર્માત્રી તરીકે સેવાઓ આપ્યા પછી હાલ તેઓ મુંબઈમાં શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી મહિલા વિશ્વવિદ્યાલયમાં સંગીત વિભાગનાં અધ્યક્ષ અને અધ્યાપક છે. વળી, શાસ્ત્રીય સંગીતને વરેલી સંસ્થા 'સ્વરશ્રી'માં તેઓ પ્રોડ્યૂસર ડિરેક્ટરપદ પણ સંભાળે છે.

ઈ. ૧૯૮૪માં એમણે 'સ્વરમયી' નામનું સંગીતનું પુસ્તક પ્રકટ કર્યું છે, જે સંગીતની દુનિયામાં સારો આવકાર પામ્યું છે. આ પુસ્તકને ૧૯૮૯નો મહારાષ્ટ્ર સરકારનો એવૉર્ડ પણ મળ્યો હતો. આકાશવાણી અને દૂરદર્શન પરથી રજૂ થતા એમના સંગીતના કાર્યક્રમો ઉપરાંત ભારત અને વિદેશમાં એમણે સંગીત વિશે જે સદૃષ્ટાંત વ્યાખ્યાનો આપ્યાં છે તે ખૂબ વખણાયાં છે.

એમણે સંગીતની તાલીમ સ્વ. સુરેશબાબુ માને પાસેથી 'ગુરુકુળ' પદ્ધતિએ અને એમનાં વિખ્યાત સંગીતકાર બહેન હીરાબાઈ બરોડેકર પાસેથી કીરાણા ઘરાનાની રીતે લીધી છે. ભારતના વિખ્યાત સંગીતકારો અમીરખાન અને બડે ગુલામઅલીખાન પાસેથી તેઓ હંમેશાં પ્રેરણા મેળવતાં રહ્યાં છે.

ડૉ. પ્રભા અત્રેમાં સંગીતકલા અને સંગીતની ઊંડી સમજનો સમન્વય થયો છે. કલા પ્રત્યેની એમની સંનિષ્ઠા અને સંવેદનશીલતા એમના વિચારો અને સંગીતમાં તરત જ પરખાઈ આવે છે. તેઓ ખયાલ, તરાના, ઠુમરી, દાદરા, ગઝલ કે ભજન ગમે તે ગાતાં હોય તેમાં તેમની વિશેષતા પ્રકટ્યા વગર રહેતી નથી. સ્વભાવે તેઓ ધીર ગંભીર છતાં મળતાવડાં અને ડોળદમામ વગરના સરલ ગાયક છે. એમના સંગીતને માણવું એ એક અજબનો લહાવો છે.

- જયન્ત સિદ્ધપુરા



—પ્રસંગ—પરિમલ—

પ્રજાને ખાતર

પશ્ચિમ જર્મનીના બેવેરિયા રાજ્યની રાજકુમારી સોફી શાર્લોટ ફ્રાન્સમાં આવેલા એલેનડોનના જાગીરદાર સાથે સને ૧૮૯૮માં લગ્નગ્રંથિથી જોડાઈ હતી.

સને ૧૮૯૭ના મે મહિનાની એ ચોથી તારીખ હતી. પેરિસના એક વિશાળ મેદાનમાં અનાથ-નિરાધાર લોકોના લાભાર્થે એક આનંદબજારની યોજના કરવામાં આવી હતી.

આનંદબજારનું ઉદ્‌ઘાટન ઉમરાવજાદી-ડચેસ સોફી શાર્લોટે કર્યું હતું. આનંદબજારના મેદાનમાં આગે એકાએક દેખાવ દીધો. ખુલ્લા વિશાળ મેદાનમાં જોરથી ફૂંકાતા પવને અગ્નિને સાથ આપ્યો. જવાલાઓએ કાગળનાં સુશોભનોને આંબી લીધાં. આનંદમેળાની દુકાનોની પાતળી આડશો પણ સળગી ઊઠી.

ગણતરીની મિનિટોમાં તો આનંદમેળાનું મેદાન અગ્નિલોક સમાન બની ગયું. એકાએક ભયથી હેબક ખાઈ, બહાર જવાના દ્વાર તરફ દોડી જઈ બહાર નીકળવાનો પ્રયત્ન કરવા જતાં ઘણાં સ્ત્રી-બાળકો સખત ભીડમાં કચરાઈ ગયાં.

નજીકના સ્થળે કામ કરતાં કારીગર-મજૂરો વગેરે વહારે દોડી આવ્યા. તેમણે કચરાઈ ગયેલાં સ્ત્રી-બાળકોને બચાવી લઈ મંડપમાંથી બહાર કાઢી લઈ જવા માટે અગ્નિ-જવાલાઓમાં પણ ધસી જઈ માની ન શકાય તેવી અને તેટલી અદ્‌ભુત વીરતા બતાવી.

મદદ માટે દોડી આવેલામાંના કેટલાક ડચેસ પાસે પહોંચી ગયા, પણ ડચેસ તો તેના સ્ટોલની પાછળનાં ભાગમાં જરાય ખળભળી ઊઠ્યાં સિવાય, પેટનું પાણી પણ હલ્યાં વિના બેબાકળાં બન્યાં સિવાય અચળ અને અડગ બેઠાં હતાં.

ડચેસે બચાવ કરવા આવેલાની વાત કાને ધરી નહિ, અને એ બોલ્યાં, 'આ મંડપમાં સૌથી પહેલો પ્રવેશ મેં કર્યો હતો, મારા પદને કારણે! હવે આ મંડપમાંથી સૌથી છેલ્લી બહાર પણ હું જ જઈશ, મારી પ્રજાને ખાતર! મારી પ્રજાને કારણે!"

ડચેસ ત્યાં જ સ્થિર ઊભાં રહ્યાં અને બીજા સવાસો જીવ, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો સાથે એ પણ દાઝી ગયાં, અને ભડથું થઈ ગયાં!

- ઉપેન્દ્ર ર. ભટ્ટ

કંકાવટી

(મહિલાઓ માટેના આ વિભાગમાં મહિલાઓને ઉપયોગી શ્રદ્ધેય સામગ્રી આવકાર્ય છે.)

ઉનાળામાં ઘરગથ્થુ પેય

ચીકુનો ગર, દૂધ અને થોડી ખાંડને એકરસ કરીને બનાવેલા પેયનો સ્વાદ તો લગભગ બધાંએ લીધો હશે. આ જ રીતે પાકી કેરી, પપૈયાં, કેળાં વગેરે ગરવાળાં ફળનાં પેય પણ બની શકે છે. આ બધાં પેય જેમ વધુ ઠંડાં તેમ વિશેષ રુચિકર લાગે છે. બાફેલી સેવ ઉમેરીને તેનો ફાલુદો પણ બની શકે. કાચા દૂધ કરતાં ઉકાળીને ઠંડું કરેલું દૂધ આવા પેયમાં વધુ સારું લાગે છે. કસ્ટર્ડ પાઉડર, જિલેટિન કે કોર્ન ફ્લોર ઉમેરવાથી એ વધુ ઘટ્ટ બને છે. દૂધની મલાઈ પણ તેમાં નાખી શકાય. ઈલાયચી કે એસેન્સ નાખી તેને વધુ સોડમયુક્ત બનાવી શકાય. કેળાં જેવાં ફળના પેયમાં થોડો ચોકલેટ પાઉડર પણ ઉમેરી શકાય. ફ્રીઝની સગવડ હોય તો આમાં આઇસક્રીમ પાઉડર વગેરે નાખીને લહેજતદાર આઈસ્ક્રીમ પણ બનાવી શકાય. સામયિકો અને પુસ્તકોમાં ઓછાવધતા ફેરફાર સાથે આવાં પેય બનાવવાની અનેક રીતો આવતી જ રહે છે, પણ તે બનાવવામાં પાયાની રીત ખ્યાલમાં હોય તો કલ્પનાશીલ ગૃહિણી આવી અનેક ઓછાવધતા ફેરફાર સાથેની વાનગી આપમેળે બનાવી શકે. ફ્રીઝની સગવડ ન હોય તો બરફનો ઉપયોગ પણ થઈ શકે. આવાં પેય જેમ ઠંડાં તેમ વધુ સ્વાદિષ્ટ લાગે છે.

ફળો સિવાયનાં ત્રણેક ઘરગથ્થુ પેય આપણે અહીં જોઈએ :

૧. કોલ્ડ કૉફી . બે થી ત્રણ ચમચી કોફી પાવડર અને છ-સાત ચમચી ખાંડ લઈ તેમાં સહેજ પાણી ઉમેરી ખૂબ ફીણ વળે ત્યાં સુધી ફીણો. પછી તેમાં પાંચેક ગ્લાસ બરફનું ઠંડું પાણી રેડી સારી પેઠે એકરસ કરો. ત્યારબાદ એને ગ્લાસમાં કાઢી તેમાં એકએક ચમચો ક્રીમ કે ઉકાળીને ઠંડું કરેલું ઘટ્ટ દૂધ તથા બરફના ગાંગડા નાખી પીરસો. આમાં સોડમ માટે લીંબુ કે નારંગીનો થોડો-શો રસ પણ ઉમેરી શકાય. ઘણા લોકો તૈયાર કોફીને ફ્રીઝમાં ઠંડી કરીને કે બરફનો ઉપયોગ કરીને પણ કોલ્ડ કોફી બનાવે છે.

(અનુ. પૃ. ૧૨૩ પર)

ચરિત્ર અભિનેત્રી નૂતન

નૂતન એટલે નૂતન, સદાનૂતન! ફિલ્મ જગતની સદાબહાર અભિનેત્રી. સૌમ્ય, સુશીલ, સંકોચશીલ, અને શરમાળ એવી નૂતન, પુત્રી, પ્રિયતમા, પત્નિ અને પ્રૌઢા દરેક પાત્રના અભિનયમાં અનોખી ભાત પાડી પોતાની આગવી કલાથી ફિલ્મક્ષેત્રે અમરત્વ પામી ગઈ. પાત્ર સાથે ઓતપ્રોત થઈ જવાની તેની તત્પરતા દાદ માંગી લે તેવી. તે પોતે તો પાત્ર સાથે સંપૂર્ણ એકતા સાધી લે એટલું જ નહીં પણ પ્રેક્ષક વર્ગના સમગ્ર ચિત્ત પર સાંગોપાંગ છવાઈ જાય. અનોખું વ્યકિતત્વ ધરાવતી અને અભિનય-કલામાં નિપૂણ એવી આ કલાધાત્રી દૂરદૂરના પ્રવાસે ઊપડી ગઈ, સહુને મૂકીને શૂન્યાવકાશ પાથરી ગઈ.

હાસ્યમૂર્તિ નૂતનના નેત્રોમાં ચમકતી આભાથી અને નેત્રો દ્વારા વ્યકત થતી ભાવના, કરુણા અને વેદનાના વશીકરણ મંત્રથી તે સહુનને મુગ્ધ કરતી. અભિનયમાં અગ્રગણ્ય અભિનેત્રીઓ જેવી કે મીનાકુમારી,' અને નરગીસની હરોળમાં તે આવી શકે. રામરાજ્ય ચિત્રની મુંબઈમાં સુપર ટોકીઝમાં સુવર્ણજયંતિ ઉજવાએલી તે ફિલ્મની નાયિકા શોભના સમર્થની નૂતન સમર્થ પુત્રી બનીને ફિલ્મજગતને ભર્યું ભર્યું કરી ગઈ.

૧૯૩૬માં ચોથી જુને મુંબઈમાં તેનો જન્મ થએલો અને તેનું નામ રાશિ પ્રમાણે જ પાડવામાં



આવેલું જે તેણે સાર્થક કરી બતાવ્યું. પિતાનું નામ કુમારસેન સમર્થ, જેઓ કવિ અને ફિલ્મોના દિગ્દર્શક હતા. જયારે તે નાની હતી ત્યારે તેનાં માતાપિતા છૂટાં પડી ગયાં. પણ તે તેના પિતાને અવારનવાર મળતી હતી. તેની અગિયારમી વર્ષગાંઠે પિતા તરફથી તેને મળેલી.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'ની ભેટ તેને મન મહામૂલી હતી. નાનપણથી તે મજબૂત ઈચ્છાશકિત ધરાવતી. અઢી વર્ષની ઉંમરે તેણે તાજમહાલ હૉટલમાં પ્રથમ વાર નૃત્યનો પ્રોગ્રામ આપી બ્રિટિશ એક્સાઈઝ કમિશનરને આનંદવિભોર કરેલા. બાળકલાકાર તરીકે તેણે 'હમારી બેટી'માં પ્રથમવાર અભિનય કરેલો.

'નળ દમયંતી' ફિલ્મમાં તેણે નાનકડી ભૂમિકા ભજવેલી. આમ 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ તેણે સાબિત કરી બતાવેલું. તેણે સ્વિટ્ઝર્લૅન્ડમાં અભ્યાસ કર્યો હતો. ખ્યાતનામ અભિનેતા મોતીલાલ તેના કલાગુરુ હતા. તેનાથી છ વર્ષ નાની બહેન તનુજા પણ ફિલ્મક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવે છે. આ બહેનોને ગળથૂથીમાંથીજ અભિનયકળાનો વારસો મળેલો.

તેણે લગભગ ૧૦૦ ફિલ્મોમાં કામ કરેલું 'નગીના' ફિલ્મમાં અભિનય આપ્યો ત્યારે તે પુખ્ત ઉંમરની નહોતી અને તે સમયે નિયમોના કડક પાલનને લીધે તે ફિલ્મ પુખ્ત વયના માટે હોવાથી ખુદ નૂતનને થીએટરમાં દાખલ થવા દેવામાં આવી નહોતી. ત્યારબાદ ઘણી ફિલ્મોમાં તેણે ભૂમિકા ભજવી પણ ૧૯૫૫માં 'સીમા' ચિત્ર પર તો પ્રેક્ષકો વારી ગયા અને તેણે શ્રેષ્ઠ અભિનેત્રીનો ફિલ્મફેર એવૉર્ડ પ્રાપ્ત કર્યો. 'અનાડી', 'કનૈયા' અને 'સુજાતા' આ ત્રણ ફિલ્મોથી તો નૂતનનું નામ ફિલ્મજગતમાં રોશન થઈ ગયું. 'સુજાતા'માં ફરીથી શ્રેષ્ઠ અભિનય માટે ફિલ્મફેર એવૉર્ડ તેના ફાળે જ ગયો.

૧૯૬૦માં ભૂતપૂર્વ નેવિ કમાન્ડર રજનીશ બહલ સાથે તેણે પ્રભુતામાં પગલાં માંડ્યાં પણ પેલા ફિલ્મક્ષેત્રને તે અલવિદા કરશે એવી લોકોની શંકાને તેણે ખોટી પાડી. ૧૯૬૩માં 'બંદીની'માં સર્વશ્રેષ્ઠ ભૂમિકા માટે ફરીથી ફિલ્મફેરના એવૉર્ડની પાત્રતા મેળવી ગઈ.

૧૯૬૪માં 'ખાનદાન'માં આદર્શ પત્નીની ભૂમિકા ભજવી પ્રેક્ષકોનાં દિલ તે જીતી ગઈ. ૧૯૭૭-૭૮માં 'મૈં તુલસી તેરે આંગનકી'માં ફિલ્મફેર એવૉર્ડ મેળવવાની, તે જ અધિકારી બની તો છેલ્લે 'મેરી જંગ'માં પણ ફિલ્મફેર એવૉર્ડ માટેનું મેદાન મારી ગઈ. 'હમારી બેટી', 'છબીલી', 'પેઈંગ ગેસ્ટ', 'યાદગાર' અને 'મયૂરી' ચિત્રોમાં ગીતો ગાઈ તેણે પુરવાર કરી આપેલું કે તે એક સારી ગાયિકા છે. કૉમેડિ હોય કે ટ્રૅજીડિ, ગમે તે ભૂમિકા હોય પણ નૂતન તેના પાત્રને અનુરૂપ ન્યાય આપતી, પાત્રમાં પોતે સમગ્રપણે ઓગળી જતી, પાત્રમય બની તેમાં સમાઈ જતી. તેણે ટી.વી. સીરિઅલ 'ખજાના' અને 'મુજરીમ હજીર હૈ'માં પણ શ્રેષ્ઠ અભિનય આપ્યો. આમ, 'હમારી બેટી'થી વિશાળ પડદા પર અભિનય કરવાની તેની યાત્રા નાનકડા પડદા સુધી ચાલી, અને દરેક રીતે તે દરેક પડદે ખીલી ઊઠી, મહોરી ઊઠી. તેણે અશોકુમાર, દેવઆનંદ, દિલીપકુમાર, રાજકપુર, બલરાજ સહાની, સુનિલદત્ત વગેરે ખ્યાતનામ કલાકારો સાથે યાદગાર ભૂમિકા ભજવી. નરગીસ, મીનાકુમારી અને નૂતન ફિલ્મજગતના ગૌરવ સમી હતી. 'દિલ્હીકા ઠગ' નામની ફિલ્મમાં નૂતને બીકીને પહેરી પચીસવર્ષ પહેલાં સનસનાટી મચાવી દીધેલી. છતાંય આ જાજરમાન અભિનેત્રી પોતાના જાજરમાન અભિનયથી, નેત્રોની ચમકદમકથી અને પોતાની કલા તથા આગવી સૂઝથી લોકો પર છવાઈ ગઈ. અભિનય એ એને મન શોખ કે સમય પસાર કરવાનું સાધન નહીં પણ સાધના હતી. નારીહૃદયની ભાવનાઓને તેણે 'સીમા'ની અનાથ યુવતીમાં, 'સુજાતા'ની અછૂત કન્યામાં, 'મિલન'ની ગૃહિણીમાં, 'બંદિની'ની કેદી યુવતિમાં અને 'સરસ્વતીચંદ્ર'ની કુમદની સહનશીલતામાં સુપેરે વ્યકત કરી છે, અને એટલે જ ચિત્રજગતમાં તે ઑલરાઉન્ડ તરીકે ઓળખાતી હતી. ૧૯૬૨માં જન્મેલા તેના પુત્ર મોહનિશ બહલે હાલ માતાનો અભિનયવારસો જાળવવાનું શરૂ કર્યું છે. તેણે 'મૈંને પ્યાર કિયા' અને 'બાગી'માં અભિનય આપ્યો છે. નૂતનને મોહનિશ પ્રત્યે ખૂબ વ્હાલ હતું પણ નસીબે મૃત્યુ સામયે માદીકરાનો મેળાપ અશકય બનાવ્યો. કારણ ઊટીમાં મોહનિશ શુટિંગમાં વ્યસ્ત હોવાથી થોડો મોડો પડ્યો. મૃત્યુ સુધી પુત્રના નામનું તે રટણ કરતી રહી એ તેનો અગાધ પુત્રપ્રેમ પ્રકટ કરે છે. ૧૯૯૦ની ૧૪મી ઓક્ટોબરે તે અમદાવાદને આંગણે ચોપન વર્ષની ઉંમરે ગરબે ઘૂમી હતી ત્યારે સહુ તાજુબ થઈ ગયેલાં.

ફિલ્મજગતની આ એક અજોડ અને અવિસ્મરણીય અભિનેત્રી ૨૧-૨-૧૯૯૧ના રોજ બપોરે બાર વાગે કેન્સરની બીમારીથી મુંબઈમાં નશ્વરદેહનો ત્યાગ કરી લાંબી સફરે ઊપડી ગઈ. વસંતઋતુનું આગમન તો થયું પણ એક મઘમઘી રહેલું ફૂલ કાળરૂપી પાનખરે જતાં જતાં ખેરવી લીધું. પ્રભુપ્યારના સાગરમાં તે એક બુંદ બની સમાઈ ગઈ અને આપણે એ બુંદના પ્યાસા રહી ગયાં. આપણને ગમ આપી એ 'ગમોંકિ દુનિયાં' છોડીને ચાલી ગઈ. 'બંદીની'ની નાયિકાએ બધાં જ બંધનો તોડી પરલોકની વાટ પકડી અને આપણે જોતાં રહી ગયાં. એ ચંદનશા બદનની મહેક, ચંચલ ચિતવન અને મધુર મુસકાન આપણાં ચિત્ત પર અંકિત કરી ગઈ. ઘણું બધું એ આપણને આપી ગઈ પણ આપણે તો અશ્રુઅંજલિ નીચેના શબ્દોમાં અર્પીએ એ જે યોગ્ય ગણાશે:

"Age Cannot Wither her nor Her infinite variety."

- **કમલા પરીખ**

અનુસંધાન] ઘરગથ્થું પેય [પૃ. ૧૨૨ પરથી

૨. વરિયાળીને રાતભર પાણીમાં પલાળીને તેમાં ખાંડ ઉમેરી ગાળીને તેનું શરબત પણ ઘણાં બનાવે છે. અહીં તેની એક જુદી રીત જોઈએ. સો ગ્રામ વરિયાળીને સાફ કરી જરા કુટીને રાતભર એકાદ લીટર પાણીમાં પલાળી રાખવી. બીજે દિવસે સવારે પાંચસાત મિનિટ તેને ઉકાળી, વરિયાળીને બરાબર ચોળી તેનો રસ એ પાણીમાં જ કાઢવો. અને એ પાણી ગાળીને ઠંડું કરવું. (આ માટે માટીનું વાસણ વધુ અનુકૂળ છે, પણ ફ્રીઝની સગવડ હોય તો તેનો યા બરફનો ઉપયોગ થઈ શકે.) પીરસતી વખતે તેમાં જલજીરા પાઉડર, ખાંડ અને રુચિ મુજબ લીંબુનો રસ તેમજ સહેજ મીઠું નાખીને આપવું. લીલી દ્રાક્ષના થોડા આખા દાણા તેમાં નાખવાથી ઓર લિજજત આપશે.

૩. ગુલકંદ, દૂધ અને થોડી ખાંડને મિક્સરમાં એકરસ કરીને પણ એક સ્વાદિષ્ટ શરબત બનાવી શકાય. પીરસતી વખતે તેના પર સૂકા મેવાની ઝીણી કતરી તથા તાજાં ગુલાબની પાંદડી નાખવાથી ઓર લિજજત આપશે. □

અડકો દડકો

(શિશુ અને કિશોરો માટેનો વિભાગ)

હલકાને હવાલદારી

સુશીલા ઝવેરી

એકવાર જંગલમાં વનરાજને એક સસલું મળી ગયું. મનમાં ને મનમાં તે ગભરાઇ ગયું, પણ જયારે સામસામા થઈ જ ગયાં તો બીક મનમાં દબાવી ખૂબ વિનયથી વાંકા વળીને સિંહને તેણે કહ્યું, 'નમસ્કાર, મહારાજ ! આ સેવકને લાયક કંઇ કામકાજ હોય તો ફરમાવો.'

વનરાજનું પેટ ઠસોઠસ ભરેલું હતું ને ખુશમાં હતા. એમણે કહ્યું, 'મેં એક સસલાની ફોજ બનાવી છે. એમાં એક ખૂટે છે. તું એ ટુકડીનો સરદાર બની જા.' સસલો તો મનોમન ખુશ થઇ ગયો. વિનયથી બોલ્યો, 'ભલા, આપની આજ્ઞા કદી ટાળી શકું. ? આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે.'

એ વનરાજનું માન જાળવતો, પણ બીજા સસલાં પર ભારે રૂઆબ જમાવતો. એનો રૂઆબ પડે જ, કારણ એણે તો દરજીને ત્યાં જઇને કહ્યું, 'મને લાલ વેલ્વેટની સોનેરી લેસને મોતી મૂકેલી શેરવાની સીવી આપ. માથે ઊભી ટોપીને લાલ રંગની જ ઇજાર.' દરજી : કહે, 'એક મહિનો લાગશે.' સસલો કહે, 'હું વનરાજની ફોજનો સરદાર છું, જાણે છે-'

રાજાને લઈ આવું છું,
પછી વલે કરાવું છું.
તાંબૈયાના ત્રણ-
દરજી મળે પણ.
વટ્ટ મારો જો જાય,
તારી વલે થાય.
આધુંપાછું જોઉં ના-
રડાવું પણ રોઉં ના.

દરજી કહે, 'ભલે ભાઈ, ભલે. નારાજ ન થા. કાલે ને કાલે તને સીવી દઇશ. બસ.' બીજે દિવસે છ વાગ્યાનો સમય હતો. ને સસલા રાણા તો પાંચ વાગ્યે આવીને ઊભા રહ્યા ને દરજીને ધમકાવવા લાગ્યા. દરજી કહે 'માબાપ ! તમે રહ્યા ટુકડીના સરદાર', સિલાઇ બરાબર સફાઇથી કરવી જોઇએ ને ? 'સસલાએ તો કપડાં તૈયાર થયા એટલે અંદર જઇ પહેરી લીધાં. લાલ વેલ્વેટની શેરવાની ને લાલ ઇજાર ને લાલ ઊભી ટોપી ! શું એનો વટ્ટ પડે ! દરજીને ત્યાંથી જતાં રસ્તામાં એક લુહારની ભઠ્ઠીમાં તલવારો બનતી હતી. એણે રૂઆબથી કહ્યું, 'અરે કોણ છે અહીં ? બહાર આવો.' લુહાર તો સસલા ને જોતો જ રહી ગયો. 'કહો, ભાઈ ! શું કામ છે ? ત્યાં તો સસલાએ રૂઆબમાં જ કહ્યું, 'અરે આ મારો ડ્રેસ જો. તલવાર વિના અધૂરો લાગે છે. મને એક તલવાર આપ' લુહારે તો તાજી જ બનેલી એક નાનકડી તલવાર લાવીને તેની કમરે લટકાવી આપી.

લુહારે અચકાતાં અચકાતાં પૈસા માગ્યા ત્યારે એણે રૂઆબ દેખાડયો.

'રાજાને લઇ આવું છું,
પછી વલે કરાવું છું.
તાંબિયાની ત્રણ-
તલવાર મળે પણ,
વટ્ટ મારો જો જાય,
તારી વલે થાય.
આધુંપાછું જોઉં ના-
રડાવું પણ રોઉં ના.'

લુહાર હસીને કહે : 'એ શું બોલ્યાં? તમારે પહેલાં જ કહેવું હતું ને કે તમે રાજાના સૈનિક છો, અમે તો કૂતરાના રોટલાનું ફંડ જુદું કાઢી જ રાખીએ છીએ. અને વળી તમે તો ટુકડીના સરદાર રહ્યા. કેમ બોલ્યા નહીં ?' સસલો પેલી કૂતરાના રોટલા વાળી વાત સમજ્યો નહીં. 'પણ તમે તો ટુકડીના સરદાર રહ્યા' એ વાત પર ગળામાંથી ઘોઘરો અવાજ કાઢી બોલ્યો' 'હું..... હવે સમજ્યો. 'લુહાર મનમાં ગણગણ્યો.' 'બધું હમજેલાં જ છીએ ને ભૈ?

પણ સસલારાણાનું નસીબ વાંકું તો થોડે ગયો ને સામું શિયાળ મળ્યું. એ તો સસલાનો રૂઆબ જોઇ ઠરી જ ગયું. ઘડીભર તો બોલી જ ના શક્યું. મનોમન

ઉખાણાં

(આજકાલ ઉખાણાં ભુલાતાં જાય છે ત્યારે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પીરસતાં ઉખાણાં અહીં આપ્યાં છે.)

(૧)
કાળી સોટી તેલે ન્હાય,
વળે ખરી પણ ભાંગી નવ જાય.

(૨)
ભમે ભમે પણ ભમરો નહિ,
કોટમાં જનોઈ પણ બ્રાહ્મણ નહિ.

(૩)
બે બહેનો રહે પાસે પાસે,
રૂએ ખરી પણ ભેળી નવ થાશે.

ભોંઠપ દબાવી હસીને ધીરેથી બોલ્યું, 'તમે તો રાજાથીય વધુ સરસ લાગો છો.' સસલું કહે, 'ના ના. ના ના. એવું બોલશો જ નહીં. કયાં રાજા ને કયાં હું ?' શિયાળ કતરાતી નજરે જોતું જોતું ગયું. સસલું તો મનોમન ફુલાયું, શિયાળ આગળ વટ્ટ પડ્યો એથી.

પછી એણે આખી ટુકડી પર રૂઆબ છાંટવા માંડ્યો. એ લાલ શેરવાની, ટોપી ને ઇજારમાં સુંદર લાગતો ને પાછું તલવારનું તૂત. પછી પૂછવું જ શું ? જાણે વાંદરાએ દારૂ પીધો.

એ બધાંને ખબર આપતો : 'પરેડ છે.' બધાં ભેગાં થાય. થોડીવાર બેસાડી રાખે. પછી ખુરશી પર પગભર પગ ચડાવી બેઠો ને રાહ જોવડાવી કહે, 'આજે નહીં, કાલે પરેડ કરશું.' બધા મનોમન ખૂબ ગુસ્સે થતાં ને પછી પાછળ ખૂબ બબડતાં. પણ એના રૂઆબ આગળ કંઇ કહેવાની હિંમત ચાલતી નહીં.

એક સસલું અંદર શિયાળ સાથે મળેલું હતું. તે બધી બાતમી શિયાળને પહોંચાડતું.

એક દિવસ છૂટી બધાંએ ફરિયાદ વનરાજ પાસે પહોંચાડી કે.... 'સરદાર અમને બહુ રંજાડે છે.' લાગ જોઈ શિયાળ વનરાજને મનગમતી થોડી ભેટ લઈને પરિવાર સાથે બેઠેલા વનરાજ પાસે પહોંચ્યું.

'સલામ, વનરાજસાહેબ !' વનરાજે કતરાતી આંખે જોઈ આવકાર આપ્યો : 'આવો, આવો, શિયાળભાઇ ! બહુ દિવસે ભૂલા પડ્યાં ?'

શિયાળ : 'મને થયું, રાજાને બહુ દિવસથી સલામ નથી ભરી.'

વનરાજ : 'ભલે, ભલે, બોલો. શાનાથી તમારું સ્વાગત કરું ? શા નવીન સમાચાર છે ?'

શિયાળ : 'નહીં રાજા, સ્વાગત નહીં. પણ તમે સમાચાર પૂછ્યા તો થાય છે કે, કહું કે ના કહું ? પણ થાય છે મામલો બીચકે એ પહેલાં કહીજ દઉં.' વનરાજ : 'હા હા, જરૂર. વાત શી છે ?' શિયાળ અચકાતાં અચકાતાં બોલ્યું : 'તમારી સૈનિક ટુકડીનો સરદાર આજકાલ બહુ ફાટ્યો છે. ને કહે છે એ વનરાજ તો નામના, ખરો રાજા તો હું જ છું. ને શું ફાંકડો ડ્રેસ પહેરે છે ! માફ કરજો, પણ તમે એની પાસે કયાંય ઝાંખા પડી જાવ!'

વનરાજે ત્રાડ પાડી, . . .ને ત્રાડથી શિયાળ ગભરાઇ ગયું. પણ આખરે તો ખંધું. આવેલી તક જવા દે એમ નહોતું. બોલ્યું : 'આ તો તમારું મનમાં ઘાઝે એટલે કહ્યું. આવું તો કયાંય ભાળ્યું નથી કે રાજાથી સરદારનો રોફ સવાયો હોય, ને પાછો કહેતો ફરે કે ખરો રાજા હું જ છું અને પાછો ડર બતાવે પળેપળે-

'રાજાને લઇ આવું છું.
પછી વલે કરાવું છું.
વટ્ટ મારો જો જાય.
તારી વલે થાય.
આઘુંપાછું જોઉં ના-
રડાવું, પણ રોઉં ના.'

સિંહ કહે 'અચ્છા, તમે જઇ શકો છો.' શિયાળને લાગ્યું કે પોતે માન ભંગ થયું છે. એટલે એ તો સસલા સરદારને જઇ મળ્યું ને કહેવા લાગ્યું : 'સંભાળજો, સરદારજી ! રાજાનો ગુસ્સો તમારી પર ઊતરે એવું લાગે છે. 'આ તમારો ડ્રેસ ને રૂઆબ વનરાજથી ખમાતા નથી. આ તો તમારી સાથે સંબંધ એટલે કહું છું.' એવો ગભરાવ્યો કે એ પોતાના બચાવની વેતરણમાં પડ્યો.

એણે ટુકડીના બધાંની સાથે અંગત વાતો કરી ને રાત્રે એણે મિજબાની ગોઠવી બધાંને સરસ સરસ ભોજન કરાવ્યું.

વનરાજે બીજે દિવસે આખી ટુકડી બોલાવી- સરદાર સિવાય બધાંને પૂછ્યું. તમારા સરદાર કેમ વર્તે છે ?' બધાંએ કહ્યું, 'સારી રીતે' સસલારાણા તો પેલા ડ્રેસમાં આવ્યા. વનરાજને સંદેશો મોકલ્યો, સસલાને બોલાવવા. નમસ્તે કર્યાં. વનરાજે પૂછયું : 'આ હૉટલના વેઇટર જેવું શું પહેર્યું છે ? ઉતારી નાંખો.'

વનરાજે એનો ડ્રેસ ઉતરાવી લીધો. ત્યાં તો શિયાળ આવ્યું પોતાની ટોળી સાથે. બધાં સાથે મળી બોલ્યાં. :

'મળી હલકાને હવાલદારી !
ચાલી ગૈ કેવી સરદારી !
ફરતો તો વટ્ટમાં,
ચાકરી ગૈ ચટ્ટમાં.
શિયાળની ઝપટમાં,
ફાવ્યો ન ખટપટમાં.

સસલું સમજી ગયું કે આ કરતૂત શિયાળનાં જ હોવાં જોઇએ. પણ એને શીખવા મળ્યું કે ગમે તે સ્થાને હોઇએ પણ ખોટો રૂઆબ ન કરીએ, હલકાને હવાલદારી મળી એમ. કોઇ કહે તો નહીં.

ઉખાણાના ઉત્તરો
૧. વાળ
૨. રેંટિયો
૩. આંખો

બાને પૂછું

આંગણામાં મધુમાલતી લૂમેઝૂમે,
ફૂલ-ફૂલોથી ફાલતી આ લૂમેઝૂમે.
ફૂલો ઉપર તડકો આ લૂમેઝૂમે,
તડકાનો એ ટુકડો આ લૂમેઝૂમે.
ટુકડા ઉપર પતંગિયું આ લૂમેઝૂમે,
કોણે એને રંગિયું આ લૂમેઝૂમે.
રંગરંગનો દરિયો આ લૂમેઝૂમે,
કોણે એને ભરિયો ? આ લૂમેઝૂમે.
દરિયા જેવું ઘૂઘવે આ લૂમેઝૂમે,
કોણ મને તો મૂંઝવે? આ લૂમેઝૂમે.
બાને પૂછું ઝૂમી આ લૂમેઝૂમે,
હસતી ભરતી ચૂમી ત્યાં લૂમેઝૂમે.
તેડી ભરતી બાથે આ લૂમેઝૂમે,
હાથ ફેરવે માથે આ લૂમેઝૂમે.

યોસેફ મેકવાન

કુ. આકાંક્ષા ગિરિ

ખેલકૂદના ક્ષેત્રે છોકરીઓ પણ હવે ગુજરાત રાજ્યમાં નામ કાઢવા લાગી છે. એવી એક રાયફલ શૂટિંગની સ્પર્ધામાં આજે અમદાવાદની કુ. આકાંક્ષા પ્રદીપચંદ્ર ગિરિ ખૂબ આગળ છે. માઉન્ટ કાર્મેલ કોન્વેન્ટ હાઈ સ્કૂલમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી આકાંક્ષાએ તેર વરસની ઉંમરમાં જ આ ક્ષેત્રે ઘણી વિરલ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન, ખાનપુર, દ્વારા તેણે રાયફલ ટ્રેનિંગ લીધી છે. ૧૯૮૭માં આંતરશાળા શૂટિંગ સ્પર્ધામાં પ્રથમવાર ભગ લીધો અને સુવર્ણચંદ્રક મેળવ્યો. એનો ઉત્સાહ વધ્યો. એમાં માતાપિતા અને ભાઈએ પણ રસ દાખવ્યો. એનો મોટો ભાઈ મનિષ ગિરિ પણ ૧૭૭ એર રાઈફલ શૂટિંગમાં રાષ્ટ્રિય ચેમ્પિયન છે, એ જ એનું પ્રેરકબળ બની રહ્યો. પિતાજીએ એની કોચિંગની વ્યવસ્થા કરી. નવાઈની વાત તો એ છે કે પોતાના ફ્લેટમાં જ બે બેડરૂમ વચ્ચે shooing range બનાવી સતત પ્રેક્ટિસ કરી! અને એમ 'મન હોય તો માળવે જવાય' એ કહેવત અનુસાર એણે આ કળામાં પ્રભુત્વ મેળવ્યું.

મહેનત, લગન અને નિષ્ઠાથી આજે એ પરાકાષ્ઠાએ પહોંચી છે. છેલ્લાં ત્રણ વરસથી એર રાયફલમાં સબજૂનિઅર વિભાગમાં તથા મહિલાઓના ખુલ્લા વિભાગમાં ગુજરાત રાજ્યકક્ષાએ તે ચેમ્પિયન બની. તેમાં તેણે પાંચ સ્વર્ણપદક અને બે રજતચંદ્રક મેળવ્યા.

તેત્રીસમી રાષ્ટ્રિય શૂટિંગ ચેમ્પિયનશિપની સ્પર્ધા મદ્રાસમાં ૧૯૮૯-૯૦માં સબ જૂનિઅરોની થઈ. તેમાં એક સુવર્ણપદક મેળવ્યો. મહિલાઓના ખુલ્લા વિભાગમાં એક રજતચંદ્રક મેળવ્યો. એમ તે રાષ્ટ્રિય ચેમ્પિયન બની.

દિલ્હીમાં ૨૬ ડિસેમ્બર થી ૭ જાન્યુઆરી ૧૯૯૧માં ૩૪મી રાષ્ટ્રિય શૂટિંગ સ્પર્ધામાં ગુજરાત રાજ્ય તરફથી જવાનું થયું. તેમાં ૧૭૭ Air Rifle સબ જૂનિઅર મહિલા વિભાગમાં સુવર્ણપદક મેળવ્યો અને રાષ્ટ્રિય ચેમ્પિયન બની.

આકાંક્ષાની આકાંક્ષા એ છે કે આંતરરાષ્ટ્રિય કક્ષામાં ભાગ લેવો અને સિદ્ધિનું નવું શિખર સર કરવું!તેને અભિનંદન આપતાં ઇચ્છીએ કે તેની તે આકાંક્ષા પૂરી થાય.



સાહિત્યસંપર્ક

નૉથ્રોપ ફ્રાઈની વિદાય



ઈ. ૧૯૧૨માં કિવબેકમાં શેરબ્રુક ખાતે જન્મેલા કેનેડિઅન વિવેચક નૉથ્રોપ ફ્રાઈનું કૅન્સરની બીમારીથી ૭૮ વર્ષની વયે ટૉરૉન્ટોમાં ૨૩મી જાન્યુઆરી ૧૯૯૧ના રોજ અવસાન થયું. ૧૯૫૭માં 'ઍનૅટોમિ ઑફ ક્રિટિસિઝમ' નામના એમના ગ્રંથપ્રકાશનથી વિવેચક તરીકે એમણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. આ પુસ્તકની એક લાખથી પણ વધારે નકલો વેચાઈ હતી. નૉથ્રોપ ફ્રાઈનું આખું નામ હરમન નૉથ્રોપ ફ્રાઈ. ૧૯૩૬માં યૂનાઈટેડ ચર્ચ ઑફ કેનેડામાં એ મિનિસ્ટર થયા તે પૂર્વે એમણે ટૉરૅન્ટો યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો અને પછીથી એ જ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર તરીકે ૧૯૬૭માં જોડાયા હતા. તે પૂર્વે ૧૯૩૯માં ટૉરૅન્ટોમાં અંગ્રેજીના વ્યાખ્યાતા અને વિક્ટોરિઆ કૉલેજમાં ૧૯૪૭માં પ્રૉફેસર તરીકે જોડાએલા. ૧૯૪૭માં એમનો પ્રથમ અભ્યાસગ્રંથ 'ફિઅરફુલ સિમેટ્રિ : અ સ્ટડિ ઑફ વિલિયમ બ્લેઈક' (જેમનું પૅરેડાઈઝ લૉસ્ટ'માંના એક પ્રસંગનું સુંદર જલરંગી ચિત્ર આ અંકમાં મુખચિત્ર તરીકે પ્રકટ કર્યું છે.) ૧૯૪૭માં પ્રકટ થયો હતો. એમની વિવેચનામાં એમણે મુખ્યત્વે સાહિત્યિક મોડેલો અને સ્વરૂપો વિશે સઘનતાથી અને વિશદતાથી ચર્ચાઓ કરેલી છે. ફ્રાઈએ સાહિત્યને પુરાકલ્પનની રીતે ચાર ઋતુઆધારિત વિભાગોમાં વહેંચી બતાવ્યું છે : કૉમેડિ (વસંત), રોમાન્સ (ગ્રીષ્મ), ટ્રૅજેડિ (પાનખર) અને આયરનિ (હેમન્ત). શેક્સ્પિયર વિશે એમણે આદ્યસ્વરૂપગત (archetypal) વિવેચન 'અ નેચરલ પર્સ્પેક્ટિવ' (૧૯૬૫)માં અને 'ફુલ્સ ઑફ ટાઈમ' (૧૯૬૭)માં કર્યું છે. મિલ્ટન અને એલિયટ વિશેની એમની વિવેચના ધ્યાનાર્હ બની છે. ૧૯૬૩માં એમણે ' ફેબલ્સ ઑફ આઈડેન્ટિટિ', ૧૯૭૦માં 'ધ સ્ટબોર્ન સ્ટ્રકચર', ૧૯૭૧માં 'ધ ક્રિટિકલ પાથ', ૧૯૭૬માં 'ધ સેક્યૂલર સ્ક્રિપ્ચર' આદિ વિવેચનના લેખોના ગ્રંથો પ્રકટ કર્યા હતા. આ સદીના ઉત્તરાર્ધના કેટલાક અસરકારક વિવેચકોમાં ફ્રાઈની પણ ગણના થાય છે. **ધી. પ.**

સાહિત્યિક સંજ્ઞાઓ

૧. સ્ટ્રકચર/સંરચના

સામાન્ય વ્યવહારમાં કોઇ માણસનો બાંધો સારો હોય તો તેનું સ્ટ્રકચર સારું છે એવું આપણે સાંભળીએ છીએ. આથી આગળ સ્ટ્રકચર શબ્દનો ઉપયોગ ઇજનેરી બાંધકામ, કોઈ મકાન, કોઈ ઇમારતના સંબંધમાં થતો જોઈએ છીએ. સિમેન્ટ કોન્ક્રીટનું બાંધકામ હોય તો તેની ભીતરમાં પડેલું ખીલાસળીનું જે માળખું હોય, જેને આધારે સિમેન્ટનું આખુંય ક્લેવર ખડું હોય તે તેનું, તેના પાયામાં પડેલું મૂળભૂત સ્ટ્રક્ચર છે એવો આપણને ખ્યાલ રહે છે.

અત્યારની વૈચારિક આબોહવામાં હવે આ સ્ટ્રકચર સંજ્ઞા વધુ ને વધુ વખત, અને વધુ ને વધુ અર્થપૂર્ણ રીતે વપરાતી જોવામાં આવે છે. સાહિત્યિક વિવેચનના ક્ષેત્રમાં અને તેથી આગળ ' વધી અત્યારે જેને સાહિત્યિક પદ્ધતિ તરીકે ઓળખાય છે તે સમગ્ર નવી દિશામાં આ સ્ટ્રકચર સંજ્ઞાને પાયાની ગણવામાં આવે છે. આ સંજ્ઞા અને તેનાં વિવિધ પાસાંઓનો કંઇક પરિચય મેળવવા પ્રયાસ કરીએ.

સ્ટ્રકચર સંજ્ઞા ભાષાવિજ્ઞાનમાં ઉપયોગમાં લેવાતી જોવા મળે છે. જેમ કે અંગ્રેજી જેવી ભાષા શીખવી હોય તો પહેલાં તો તેનાં સ્ટ્રકચર જાણવાં પડે. આમ, કર્તા+ક્રિયાપદ+કર્મ એ સમીકરણ એવું છે જે પરથી એક આખુંય વાક્ય બને. આવું સમીકરણ એ જાણે કે અંગ્રેજી ભાષાના પાયામાં પડેલું એક મહત્ત્વનું સ્ટ્રકચર છે, જે પરથી વિવિધ અને અનંતવિધ વાક્યરચનાઓ બની રહે છે. ભાષામાં વાક્યો કેવી રીતે પેદા થાય છે, જનરેટ થાય છે તેનો કંઈક ખુલાસો તેની અંદર પાડેલાં આ અને આવાં સમીકરણો, આવી સંરચનાઓ ખોલવાથી મળી રહે.

નૃવંશશાસ્ત્રમાં પણ આ રીતે વિચારાયું છે. વિવિધ સમાજો છે. દરેક સમાજને પોતપોતાની સાંકેતિક સામગ્રી છે. આમાંની એક સામગ્રી એ જેને મિથ (myth) કહીએ, એટલે કે કથાકુલો કહીએ , જેમકે રામના કે કૃષ્ણના નામની આસપાસ ગૂંથાએલું વિશાળ કથાસંકુલ- તે છે. તો વિવિધ સમાજો, અને વિવિધ સંસ્કૃતિઓમાં વિસ્તરતાં આ જુદાં જુદાં કથાસંકુલો આમ તો પૃથક્ પૃથક્ છૂટાં છૂટાં છે. પણ - અને અહીં લેવી સ્ટ્રોસ (Levi strauss) નામના વિચારકનું ઘણું મોટું પ્રદાન ઊપસી આવે છે. આ પ્રત્યેક સંસકૃતિ/સભ્યતા એટલે કે કલ્ચરમાં પ્રસરતા આ પૃથક્ પૃથક્ કથાસંકુલને ઝીણવટથી તપાસીએ તો, અને ખાસ કરીને એક કલ્ચર અને બીજી કલ્ચર વચ્ચે તુલનાત્મક દષ્ટિએ તેમને એકમેક સાથે જાણે એક જ સ્થળના પરિમાણમાં પ્રસરતાં જોઇએ તો તે વ્યાકરણ ઊકલતું લાગે. આમ તો અનેકાનેકવિધ લાગતાં આ કથાસંકુલોને તેમના મૂળભૂત ઘટકોમાં વિખેરી નાખીએ તો આ આખીય જટાજાળ હવે વધુ તર્કસંગત લાગે. તે મૂળ તો પાયામાં રહી કામ કરતાં અમૂક ચોક્કસ સંખ્યાનાં ગણી શકાય તેવાં, સ્ટ્રકચરની જ લીલા લાગે. જે પહેલાં વિપુલ, વૈવિધ્યભર્યું પણ અવ્યવસ્થિત લાગતું હતું તે હવે નિયંત્રિત સુગ્રથિત એવું વિશ્વ દેખાય છે.

આ સૂઝનો સાહિત્યિક વિવેચનમાં ઘણો મોટો પ્રભાવક પડઘો પાડનાર કેનેડિયન વિવેચક નૉથ્રોપ ફ્રાઈ હતા, જેમનું તાજેતરમાં અવસાન

થયું. 'એનેટૉમિ ઑફ ક્રિટિસિઝમ', 'વિવેચનનું કલેવર' એ અર્થના શીર્ષકવાળા તેમના ગ્રંથમાં એમણે એ પ્રસ્તાવ મૂક્યો કે સાહિત્યને, સકલ સાહિત્યને, સાહિત્યની-સર્વ ભાષાઓમાં વિહરતી, વિખરાતી સાહિત્યકૃતિઓના સમગ્ર કલાપને- આપણે આનુપૂર્વી પ્રમાણે કાલક્રમે નહીં, એટલે કે અઢારમી સદી, પછી ઓગણીસમી સદી, પછી વીસમી સદી એમ નહીં પણ, એકસાથે જાણે સ્થલના પરિમાણમાં પથરાએલો જોઈએ. તો સાહિત્ય નામની જડ બની ગએલી વિભાવના હવે ઘણી બધી બદલાશે. સાહિત્યના યુગો, સાહિત્યનાં સ્વરૂપો, સાહિત્યની સંજ્ઞાઓ, એ બધું હવે આપણને નવે જ સ્વરૂપે દેખાશે.

આથી એક મોટો ફેરફાર એ થયો કે છાપકામ શરૂ થયું, અને પછી લિખિત સામગ્રીમાં ઢાળેલી શબ્દબધ્ધ કૃતિઓ એટલે સાહિત્ય એવી જે સમજ રૂઢ થઈ ગઈ હતી તે ખૂલી ગઈ, કહો કે તે અધ્યાસ છૂટી ગયો. હવે કૃતિકૃતિ વચ્ચે તુલના કરવાનાં નવાં ઓજારો મળ્યાં અને મોટો ફાયદો તો એ થયો કે સાહિત્યથી પણ આગળ, તેનાં પહેલાં, પ્રાક્-સાહિત્યિક કલ્પનોત્થ સમગ્ર વિશ્વ- પેલું કથાકુલ, પેલું મિથ-સંકુલ- તેને અને 'માદામ બોવારી' કે 'બ્રધર્સ કારામાઝોવ' કે એવી ખચિત સાહિત્યમાં ખપેલી કૃતિઓ વચ્ચે સંધાન થયું, કેમ કે આ બાઈબલ કે રામાયણ કે મહાભારત કે એવી કોઈ પણ નક્ષત્ર-નક્ષત્રમાં સમાએલી અનંત કથાસામગ્રી અને હવે હમણાં હમણાં એક શેક્સપિયર કે એક સર્વેન્ટીસ કે એક ડિકન્સ કે એક ગોવર્ધનરામ કે એક રમણભાઈ નીલકંઠે સર્જેલી આ કે તે કૃતિ કે આ પાત્ર- આમ તો એક જ વેલની વિવિધ પાંદડીઓમાત્ર હતાં. આખરે સ્ટ્રકચર, અંદર પડેલાં પેલાં સમીકરણો, સંરચનાઓ તો એક જ હતાં.

તો સમગ્ર સભ્યતા, કલ્ચર, જેનું સાહિત્ય એક ઉપાંગ છે, તેને તેનાં આ મૂળ ઘટકોમાં, તેનાં આ પાયાગત સ્ટ્રકચર્સમાં વિશ્લેષિત-વિભાજિત કરીએ, તો આપણે એ બધા વિષે વધુ અર્થપૂર્ણ, એટલે સંરચના, અને તેની સાથે જોડાએલી આખી સંરચનાવાદી વિચારસરણીની પાછળ કંઈક આવી સૂઝ પડેલી છે. એ અભિગમથી સાહિત્ય-વિવેચનમાં તેમ જ અન્ય શાસ્ત્રોમાં નવી જ દિશાઓ ખૂલી છે. □

દિગીશ મહેતા

શબ્દકથા

પળી

તોલ-માપ માટે મેટ્રિક પધ્ધતિ અમલમાં આવ્યા પહેલાં આપણે ત્યાં પ્રવાહીના માપ માટે 'પાવળું', 'અધોળિયું', 'પળી', 'શેર' જેવાં માપનો ઉપયોગ થતો. આમાંથી 'પળી' એ ઘણું જૂનું માપ હોવાના અભિલેખીય પુરાવા સાંપડે છે. પહેલાં તેનો 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' પ્રમાણેનો અર્થ જોઈએ :

પળી સ્ત્રી. (સં. પલ = પ્રવાહીનું એક માપ; પ્રા. પલિઅ) = કુલ્લા કે બરણીમાંથી ઘી-તેલ કાઢવાનું લોઢાનું એક સાધન.

પલ: = પ્રવાહી પદાર્થને માપવાનું એક માપ.

('સંસ્કૃત - હિન્દી કોશ'. વી. એસ. આપ્ટે, આમ, મૂળ 'પલ' (સં) એટલે 'પ્રવાહી પદાર્થને માપવાનું એક માપ' પરથી એટલું માપ (વર્તમાન માપ પ્રમાણે લગભગ ૧૨૫ ગ્રામ) દર્શાવતું જે ચોક્કસ માપિયું પ્રચલિત થયું તેને 'પળી' નામ આપવામાં આવ્યું તેમ તારવી શકાય. 'પળી' શબ્દની વ્યુત્પત્તિ આમ દર્શાવી શકાય- સં પલ પલિકા - પલ્લિકા; પ્રા. પલિઅ; જૂ.ગુ. પલી-પળી.

આપણે ત્યાં ગુજરાતના અભિલેખોમાં આ શબ્દ પ્રયોજાયાનું જાણમાં નથી, પણ રાજસ્થાનના પ્રાચીન અભિલેખોમાં તેનો બહોળો ઉપયોગ થયાનું જોઈ શકાય છે. કેટલાંક ઉદાહરણ નોંધીએ:

(૧) નાડલાઈ સ્થિત આદિનાથ મંદિરમાંથી મળી આવેલ રાયપાલના વિ.સં. ૧૧૮૯ (ઇ.સ. ૧૧૩૩) ના સંસ્કૃત ગદ્ય લેખમાં "પ્રત્યેક તૈલીએ બે પળી (પલ્લિકા) તેલ નાડલાઈ કે બહારના જતીઓને દાનમાં આપવું" એવો ઉલ્લેખ છે: પલિકા દ્રયં ઘાણકં પ્રતિ ધર્માય દત્તં (સંદર્ભ : દુર્ગાલાલ માથુર સંપાદિત 'રાજસ્થાન કે ચૌહાણ અભિલેખ' પૃ. ૨૮-૨૯)

(૨) વિ.સં. ૧૨૦૦માં લખાએલ રાયપાલના જ નાડલાઈના અન્ય એક લેખમાં પણ 'પલિકા' શબ્દ પ્રયોજાએલ છે: સમસ્ત તૈલિકાનાં ઘાણકં પ્રતિદિનં ધર્માર્થ હેતો તૈલપલિકા પ્રદત્તા: (સંદર્ભ: એ.ઈ.વો. ૧, પૃ.૧૭૭). આ લેખમાં 'પાઈલા' શબ્દ પણ પ્રયોજાએલ છે. (ડૉ. ભાંડારકર તેનો અર્થ આ રીતે કરે છે: "Which seems to signify a certain kind of wight".)

(૩) ક્યારેક તૈલી પાસેથી પ્રતિમાસ તેલ-પળી લેવાતી : તૈલિક શ્રેબ્યા પ્રતિ કોલ્લૂ માસિ માસિ તૈલ પલિકા દાતવ્યે (એ.ઈ.વો. ૧, પૃ.૧૬૦).

હસમુખ વ્યાસ

પુસ્તક-પરિચય

શ્રદ્ધેય અને બહુમૂલ્ય સંદર્ભગ્રંથો

ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રદીર્ઘ કારકિર્દીમાં 'ગુજરાતી સાહિત્યકોશ'ના બે ખંડ એણે તૈયાર કર્યા છે તે તેનું શકવર્તી પ્રદાન છે. આપણે ત્યાં આ પ્રકારની પ્રવૃત્તિ છૂટક છૂટક થએલી ખરી, પણ વ્યવસ્થિત અને શ્રદ્ધેય કામ કદાચ આ પહેલવહેલું જ હશે. એનો પ્રથમ ખંડ મધ્યકાલને આવરી લે છે. ઇ.સ.ની ૧૨મી સદીથી ઇ.સ.૧૮૫૦ સુધીના ગાળાને આ ખંડમાં આવરી લેવામાં આવ્યો છે. વળી, ૧૮૫૦ પૂર્વેની પાશ્ચાત્ય પ્રભાવ તળે લખાવેલી કૃતિઓને તે આ સમયગાળામાં આવતી હોવા છતાંય આ ખંડમાં નહિ પરન્તુ તેની વસ્તુસામગ્રીની દૃષ્ટિએ તેને બીજા ખંડમાં સમાવવામાં આવી છે. કેવળ સર્જનાત્મક સાહિત્ય જ નહિ પણ અન્ય વિદ્યાશાખાની કૃતિઓ મધ્યકાલના પ્રવાહમાં લખાઈ છે તેને અને તેના કર્તાને પણ અહીં સ્થાન અપાયું હોવાથી આ સાચા અર્થમાં વ્યાપક સાહિત્યકોશ બની રહે છે. મુખ્યત્વે અગાઉની મુદ્રિત સામગ્રીના આધારે આ ગ્રંથનું નિર્માણ થએલું છે, પરન્તુ મુદ્રિત હકીકતોની ચકાસણીનું કામ પણ સંપાદકોએ પૂરી જહેમતથી કર્યું હોઈ

આ કોશ અદ્યાપિ કોશોમાં મોટામાં મોટો અને શ્રદ્ધેયમાં શ્રદ્ધેય બની શક્યો છે. અધિકરણ-લેખકોનો શ્રમ અને સૂઝ આમાં અછતાં રહેતાં નથી. કર્તા-કૃતિઓ વિશેની અધિકૃત માહિતીઓ અહીં ઉપલબ્ધ થતી હોવાથી આ એક પ્રમાણભૂત સાહિત્યકોશ બન્યો છે. જ્યાં જ્યાં કર્તા-કૃતિ સંદેહયુકત છે ત્યાં-ત્યાં તે પ્રમાણેના નિર્દેશો પણ કરાયા છે, એ સંશોધનની દિશાનો અહીં કોશગત પુરુષાર્થ છે. આ પ્રથમ ખંડના મુખ્ય સંપાદકો છે : સર્વશ્રી જયંત કોઠારી અને જયંત ગાડીત. ૫૩૨ પૃષ્ઠના ડબલ ડિમાઈ કદના, નેચરલ શેડના કાગળ પર સુઘડ રીતે મુદ્રિત પાકા પૂંઠાના આ ગ્રંથની કિંમત છે. રૂ ૪૦૦-૦૦

ગુજરાતી સાહિત્યકોશના બીજા ખંડમાં ૧૮૫૦ થી ૧૯૫૦ વચ્ચે જન્મેલા સર્જકો અને તેમનાં સર્જનોનો અધિકૃત પરિચય આપવામાં આવ્યો છે. આ ખંડના મુખ્ય સંપાદક છે શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા. અહીં અર્વાચીન સાહિત્યના કવિતા, નવલકથા, નિબંધ, ટૂંકી વાર્તા, નાટક ચરિત્ર વગેરે સાહિત્ય-સ્વરૂપોની પ્રમુખ કૃતિઓનો પણ મિતાક્ષરી પરિચય આપવામાં આવ્યો છે. અનેક અધિકરણ-લેખકોનો આ ખંડને લાભ મળ્યો છે. અધિકરણ-લેખનની શૈલીમાં સામાન્ય રીતે એકવાક્યતા જળવાઈ છે એ લેખકોની અને સંપાદક- મંડળની શ્રમસિદ્ધિ છે. આ ખંડ પણ ડબલ ડિમાઇ કદના ૬૬૦ પૃષ્ઠોનો નેચરલ શેડના ભારે કાગળ પર સુઘડ છપાઈમાં અને પાકા પૂઠાની મજબૂત બંધાઈમાં તૈયાર થયો છે. આ ખંડની કિંમત છે. રૂ ૪૦૦-૦૦

કુલ રૂપિયા ૧૫,૪૯,૫૭૧ના ખર્ચે તૈયાર થએલા આ બન્ને ખંડો એની સામગ્રી અને સ્વરૂપ જોતાં કિંમતની દૃષ્ટિએ ખૂબ જ વાજબી ગણી શકાય તેવા છે. ગુજરાતી ભાષાના સામાન્ય વાચક-વિદ્યાર્થીથી માંડીને સંશોધક-અભ્યાસી સુધીના સહુને આ હાથવગો અમૂલ્ય સંદર્ભગ્રંથ બની રહે તેમ છે. શાળા-મહાશાળાઓ અને નાનાં-મોટાં ગ્રંથાલયોમાં તો આ સંદર્ભગ્રંથો અવશ્ય હોવા જ જોઈએ. આવા ભગીરથ પુરુષાર્થથી વર્ષો સુધી અદ્વિતીય રહેવા સર્જાએલા આ સાહિત્યકોશના પ્રકાશનથી ગુજરાતી સાહિત્ય પરિષદ ખરેખર ધન્યવાદને પાત્ર છે! (પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯)

નવું સાહસ

હાસ્યરસના લેખકોમાં છેલ્લા બે દાયકામાં શ્રી વિનોદ ભટ્ટનું પ્રદાન વિપુલ અને વૈવિધ્યપૂર્ણ રહ્યું છે. 'ભૂલ ચૂક લેવી દેવી' એમનો હાસ્ય -વ્યંગના ૨૫ લેખોનો લઘુસંગ્રહ છે. સાંપ્રત બનાવોને ઉપયોગમાં લઈને અને ક્યારેક મનુષ્ય-સમાજની સાંપ્રત મનોદશાને લઈને એમણે સર્જેલા આ લેખો સાંપ્રતની સીમામાંથી નીકળી જઈ સર્વકાલીન સમૃદ્ધિ બની રહે છે. એમની પાસે નર્મમર્મ બન્નેની પ્રશસ્ય શકિત છે, અને એ શક્તિનો સૂઝપૂર્વક વિનિયોગ કરવાની ત્રેવડ પણ છે. એમની અભિવ્યક્તિ ક્યારેક મુખર બની જાય છે તો ક્યારેક ધ્વન્યાત્મક. બુદ્ધિના ચમકારા સાથે ક્યારેક ચાટૂકિતઓ પણ તણાઈ આવે છે. લેખમાં પ્રસંગોને- દૃષ્ટાંતોને સહજ રીતે ગૂંથી લેવાની શ્રી વિનોદ ભટ્ટ પાસે અચ્છી ફાવટ છે. અને તેથી આ લખાણો નરી ઉપલક હાસ્યની લપસણીઓ બની જતાં નથી. અભિવ્યક્તિની નવી નવી તરાહો અને નવા નવા વિષયોનો વ્યાપ આ સંગ્રહને તાજપ બક્ષે છે, અને જો કોઈને કંઈ ઓછપ વર્તાય તો ભૂલચૂક લેવી દેવી! (પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૩૪, રૂ. ૨૧)

પ્રાપ્ત પ્રકાશનો

ગ્રેટ શોમૅન જ્યોર્જ બર્નાર્ડ શો : વિનોદ ભટ્ટની હળવી કલમે પણ પૂરી ગંભીરતાથી આલેખાએલ આ સદીના મહાન અંગ્રેજ નાટ્યસર્જક બર્નાર્ડ શૉનું વ્યક્તિચિત્ર (પ્રકા. આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૧૫)

ઇંગિત : ડૉ. ઉષા ઉપાધ્યાયના ૧૩ સ્વાધ્યાય લેખોનો સંગ્રહ તેમની અભ્યાસનિષ્ઠા અને સાહિત્યિક સૂઝનો દ્યોતક છે. (વિતરક : પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૨૫)

સાચી જોડણી શીખીએ

છેલ્લા કેટલાય વર્ષોથી ઉચ્ચ શિક્ષણક્ષેત્રે અને સરકારી અર્ધસરકારી વહીવટક્ષેત્રે માતૃભાષાનો મહિમા થવા લાગ્યો છે તે આનંદપ્રદ ઘટના છે. આપણા સમૂહ માધ્યમોની પણ હવે બોલબાલા વધી છે ત્યારે આપણે ગુજરાતી ભાષાની જોડણીની જે યાદચ્છિક બેહાલી જોઈએ છીએ તેનાથી કોઈપણ ભાષાપ્રેમીને ઉદ્વેગ થયા વગર રહેશે નહિ. ચાલો, કમ સે કમ આપણે સાચી જોડણી તો શીખીએ. અહીં દર વખતે જોડણી વિશે વાત કરવા ધાર્યું છે.

જરા ધ્યાન આપવામાં આવે તો જોડણીનો પ્રશ્ન દેખાય છે તેટલો મૂંઝવનારો નથી. આપણી ભાષામાં સંસ્કૃતમાંથી જે શબ્દો સીધેસીધા વપરાશમાં આવ્યા છે તેને તત્સમ કહે છે. આ તત્સમ શબ્દોની જોડણી મૂળ સંસ્કૃત પ્રમાણે જ કરવામાં આવે છે. આ માટે સંસ્કૃતનું જ્ઞાન આવશ્યક બને છે. પરંતુ મૂળ સંસ્કૃતમાંથી કાળાંતરે રૂપાંતર પામી જે શબ્દો આપણી ભાષામાં ઊતરી આવ્યા છે તેને તદ્‌ભવ કહે છે.

આ તદ્‌ભવ શબ્દોમાં હ્રસ્વ 'ઇ' અને દીર્ઘ 'ઈ' તથા હ્રસ્વ 'ઉ' અને દીર્ઘ 'ઊ' ભારે મૂંઝવે તેવાં છે. સામાન્ય રીતે એકાક્ષરી શબ્દો અનુસ્વાર વગરના હોય ત્યારે તે દીર્ઘ જ લખાય છે : જેમ કે, છૂ, જૂ, ભૂ, લૂ, ઘી, શી, જી વગેરે. જ્યારે એકાક્ષરી શબ્દો અનુસ્વાર સાથે આવે ત્યારે સામાન્ય રીતે તે હ્રસ્વ જ લખાય છે: જેમ કે, શું, હું, તું, છું, વગેરે. પરંતુ ખૂં, ચૂં, ફૂં જેવા રવસૂચક શબ્દોમાં અપવાદે દીર્ઘ 'ઊ' આવે છે. હ્રસ્વ 'ઇ'વાળા એકાક્ષરી શબ્દો આપણે ત્યાં નથી. આથી 'ઇ' વાળા એકાક્ષરી શબ્દો બધા દીર્ઘ થાય છે.

સ્મરણશકિત

સારી સ્મરણશકિત મનુષ્યનું શ્રેષ્ઠ ભૂષણ છે. તેને લીધે માણસનું વ્યકિતત્વ સોળેકળાએ દીપી ઊઠે છે.

સ્મરણશકિત ખરેખર શું છે અને કેવી રીતે કાર્ય કરે છે તે હજુ કોઇ જાણી શક્યું નથી. કેટલાક કહે છે કે તે અતિસૂક્ષ્મ માનસિક ક્રિયા (Subtle Psychological Process) છે; જ્યારે બીજા કહે છે કે તે ઇન્દ્રિય અને મન વડે ચૈતન્યમાં થયેલો વિશિષ્ટ સંસ્કાર છે.

કેટલાક લોકોની સ્મરણશકિત ઘણી સારી હોય છે, જ્યારે કેટલાકની ખૂબ મંદ હોય છે, તેનું કારણ શું? કેટલીક બાબતો આપણેને બરાબર યાદ રહી જાય છે, જ્યારે કેટલીક આપણે સમૂળગી ભૂલી જઇએ છીએ. આનું પણ શું કારણ?

આપણે ચોકકસ જાતના વિચારો, ઇચ્છાઓ, માન્યતાઓ અને પૂર્વગ્રહો ધરાવતાં હોઇએ છીએ. આ સર્વનું વલણ આપણી સ્મરણશક્તિ પર અસર કરતું હોય છે. જે બાબતો આપણા આ માનસિક વિચારોના વર્તુળમાં બંધબેસતી હોય છે તે આપણને સહેલાઇથી યાદ રહી જાય છે, અને જેનો મેળ મળતો નથી તે ભૂલી જવાય છે.

સ્મરણશકિતની બાબતમાં આપણે ઘણી ખોટી માન્યતાઓ ધરાવીએ છીએ. કેટલાક એમ માને છે કે જેમ વધુ માહિતી પોતાના મગજમાં ભરી હશે તેમ બીજી કોઈ બાબતો યાદ રાખવી અઘરી થઈ પડશે. પણ માનસશાસ્ત્રોએ બતાવી આપ્યું છે કે જેમ આપણે વધારે બાબતો જાણતા હોઇએ છીએ તેમ બીજું વધુ જ્ઞાન મેળવવું વધારે સહેલું બને છે. વળી બીજા કેટલાક લોકોની એવી માન્યતા છે કે અમુક એક હદ પછી વધારાની કોઇ વાત યાદ રાખીએ તો તેના બદલામાં બીજી કોઇ વાત ભૂલી જઇએ. પરંતુ આ માન્યતા પણ તદ્દન નાપાયાદાર છે. વિજ્ઞાનની શોધ પ્રમાણે તો મનુષ્યની સ્મરણશકિતને કોઇ હદ કે મર્યાદા જ નથી. મનુષ્ય કોઇપણ નવો

અતીતમાં અવગાહન

અનુભવ કે નવી માહિતી શીખે તો તે બાબત તેના અજાગૃત મગજ પર વિના વિલંબે કોતરાઈ જ જાય છે. માત્ર તેને ફરી યાદ કરવાની આપણી પદ્ધતિમાં દોષ હશે તો જ તે વાત આપણને યાદ નહીં આવે.

સ્મરણશકિત સુધારી શકાય કે નહીં? એવો પ્રશ્ન સ્વાભાવિકરીતે ઘણાને થશે. તો તેનો જવાબ એ છે કે પ્રયત્નથી સ્મરણશકિત જરૂર સુધારી શકાય, પણ તેને માટે ધીરજ અને ખંતની જરૂર છે. નીચે લખેલી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે તો તમારી સ્મરણશકિત સુધરતા વાર ન લાગે.

૧. સ્મરણશકિત કેળવવામાં પ્રથમ સ્થાન એકાગ્રતાને આપવું પડશે. એકાગ્રતાપૂર્વક વાંચેલી કે સાંભળેલી વસ્તુ આપણને તરત યાદ રહી જાય છે.

૨. જે વાંચો તે સમજપૂર્વક વાંચો. જે વસ્તુ યાદ રાખવાની હોય તેને વિષે સ્પષ્ટ કલ્પના તમારા મનમાં હોવી જોઇએ. અસ્પષ્ટ વિચારો કે પ્રસંગો તમે કેવી રીતે યાદ રાખી શકો! સ્મરણશકિત સુધારવા ઇચ્છનારે દરેક બાબતમાં સ્પષ્ટતા તથા ચોકસાઇ કેળવવાં જોઇએ.

૩. જે વસ્તુ આપણે સમજપૂર્વક વાંચી હોય તેને આપણા મનમાં બરાબર ગોઠવવી જોઇએ. જેમ ગણિતના આંકડા ૧, ૨, ૩, ૪, ૫.... એમ બરાબર ક્રમથી ગોઠવેલા હોય છે તેમ સમજેલી વસ્તુને બરોબર ગોઠવતાં આવડવી જોઇએ. આપણા મગજમાં જુદાં જુદાં ખાનાં કલ્પીને યોગ્ય ઠેકાણે જો આપણે મૂકતા જઇશું તો દરેક બાબત આપણને યાદ રહી જશે.

૪. જેમને પેટ સાફ હોતું નથી તેમની સ્મરણશકિત મંદ રહે છે. માટે કબજિયાત ન થવા દેવાની અને પેટ સાફ રાખવાની દરેકે ખાસ દરકાર રાખવી જોઇએ.

૫. સ્મરણશક્તિ એ એક સ્નાયુ જેવી છે, જેમ સ્નાયુ (શરીર)ને કસરત આપવાથી તે વધે છે અને મજબૂત બને છે તેમ સ્મરણશક્તિ સુધારવા માટે પણ કસરતની આવશ્યકતા છે. એક તજજ્ઞે સ્મરણશક્તિની ચાર કસરતો શોધી કાઢી છે, જે રોજ ૧૫થી ૩૦ મિનિટ અત્યંત ધ્યાનપૂર્વક કરવામાં આવે તો થોડા જ વખતમાં સ્મરણશક્તિમાં આશ્ચર્યકારક ફરક પડશે: (અ) થોડી મિનિટો સુધી તમારા વિચારોને ફાવે તેમ ભટકવા દો. પછી છેલ્લેથી તે બધા વિચારો યાદ કરવા પ્રયત્ન કરો. દાત. તમે આકાશમાં ઊડતા કોઈ પંખીને જોયું તેને જોતાં જ તમને તમે કરેલી વિમાનની મુસાફરી યાદ આવી. આથી જ્યાંથી તમે વિમાનની મુસાફરી કરેલી તે મુંબઈ તમારી આંખ આગળ આવ્યું અને તરત જ ત્યાં રહેતો તમારો એક જિગરજાન દોસ્ત તમને યાદ આવી ગયો. આવતી કાલે બેસતું વર્ષ હોવાથી તેને એક અભિનંદન કાર્ડ મોકલવું જોઈએ એમ તમને લાગ્યું. તે પરથી એક દુકાને ઘણું સરસ અભિનંદન કાર્ડ તમારા જોવામાં આવ્યું હતું તે યાદ આવ્યું. પણ સાંજ થઈ ગઈ હોવાથી તે દુકાન બંધ થઈ ગઈ હશે એ વિચારી તમે નિરાશ થયા. હવે ઊલટા ક્રમમાં આ બધી બાબતો યાદ કરવાનો પ્રયત્ન કરો. શરૂઆતમાં થોડી

દારિદ્રય માનવ તણું

આજે ક્ષયિષ્ણુ જગ જ્યાં નિજ ઘોર ખોદે
ને માનવી જ ખુદ માનવતા વિલોપે,
જ્યાં ભવ્ય દિવ્ય બનતું બધું ભૂમિશાયી,
ગાવા ઘણું તલપતું મન ગાય ક્યાંથી?
જામ્યાં તિરસ્કૃતિ તણા થર વિશ્વવ્યાપી
ને કાલજિહ્વ ગગને અડતી કરાલી
સ્વાર્થાગ્નિઝાળ પડ ભીતરનાં વિદારી
સૌ સ્નિગ્ધ, ત્યાં હૃદયભોમ કહીં રસાળી?
દારિદ્રય માનવ તણું જગજિષ્ણુ કેરું
નગ્નસ્વરૂપ અહ ભૂતલમાં પ્રકાશ્યું :
નાથ્યાં વરાળ-વીજળી, મન તો અનાથ્યું,
આંબ્યા ગ્રહો, નિજનું અંતર તો અજાણ્યું.
આ માનવોદ્ભવ તણી મહતી પ્રવૃત્તિ,
તું ગીત એ ગણીશ વા કરુણ પ્રશસ્તિ?,

અશોક હર્ષ
('કુમાર' અંક ૨૭૭માંથી)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૩ મુંબઈના પ્રસિધ્ધ દૈનિક 'બૉમ્બે ક્રોનિકલ' ની સ્થાપના ૧૯૧૩
તા. ૪ ગાંધી-અર્વિન કરારથી હિંદી રાષ્ટ્રિય લડતની તહકૂબી, ૧૯૩૧
તા. ૮ મરાઠી નવલસમ્રાટ હરિ નારાયણ આપટેનો જન્મ, ૧૮૬૪
તા. ૧૪ જગતમાં આજે વિકસેલા સમાજવાદ અને સામ્યવાદની વિચારણાના આદિ જનક, જર્મન ચિંતક કાર્લ માર્ક્સનું મૃત્યુ, ૧૮૮૩
તા. ૧૫ રોમન સરમુખત્યાર જૂલિઅસ સીઝરનું ખૂન, ઇ. સ. પૂ. ૪૪
તા. ૨૦ અમદાવાદના મીલમજૂરોની માલિકો સામેની લડતમાં સફળતા, જેને પરિણામે વિખ્યાત મજૂર મહાજનની સ્થાપના, ૧૯૧૯
તા. ૨૪ સ્વામી શ્રદ્ધાનંદજીએ હરદ્વારનું ગુરુકુલ ખોલ્યું, ૧૯૦૨
તા. ૨૫ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈનું અવસાન, ૧૮૯૮
તા. ૨૭ નાસિકની ભોંસલે લશ્કરી શાળા ખુલ્લી મુકાઈ, ૧૯૩૮
તા. ૨૯ દખ્ખણ ધ્રુવની શોધમાં કેપ્ટન સ્કૉટ આખી ટુકડી સાથે બરફમાં ગારદ થયો (તેની ડાયરીમાં એ છેલ્લી તારીખ છે), ૧૯૧૨
'કુમાર' અંક ૨૭૯ માંથી)

અનુસંધાન] બલરામ પાઠક [પૃ. ૧૩૫ પરથી
પ્રતિભાનું દર્શન કરાવ્યું હતું. સિતારને છેડવાની એમની શૈલી પણ પોતીકી જ હતી. આવા પંડિત વિશે દેબુ ચૌધરી કહે છે: 'એમની એક આગવી છાપ હતી અને પોતીકી શૈલી હતી.' જાણીતા કલાકાર ઉમાશંકર મિશ્રા કહે છે : 'બીજા બલરામ પાઠક હવે જન્મવાના નથી.' આવા મહાન સંગીતકારને કોઈ જ માન-અકરામથી નવાજાયા નહોતા એ વિધિની વક્રતા નહિ તો બીજું શું ? તેઓ એમની પાછળ અશોક, વિનોદ, વિનય અને પ્રમોદ એમ ચાર કલાકાર પુત્રોને મૂકતા ગયા છે. વિનોદ પાઠક તબલાવાદક છે, વિનય પાઠક બંગાળી સિનેસૃષ્ટિમાં સંગીતકાર છે અને પ્રમોદ પાઠક શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં નામના ધરાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એમના સંગીતની ભુરકી ભુલાઈ ગઈ હતી તે હવે તેમના નિધનથી શું ભૂંસાઈ જશે ?

મુશ્કેલી નડશે, પણ તે વગર બીજો રસ્તો નથી. (બ) તમે સારી રીતે પરિચિત હો એવો કોઈ ઓરડો કે ખંડ તમારા માનસચક્ષુ આગળ ખડો કરો. બારીબારણાં, તેના સરસામાનની ગોઠવણી, દીવાલ પરનાં ચિત્રો ઇત્યાદિ દરેક વસ્તુ ક્યાં છે, કેવી રીતે આવેલી છે, તે બરાબર નક્કી કરો. પછી તમે ફરી તે ખંડમાં જાઓ, ત્યારે કઈ કઈ વિગત તમે ભૂલી ગયા તે સરખાવી જુઓ. (ક) ગયા છેલ્લા કલાકમાં તમે શું શું કર્યું, ક્યાં ક્યાં ગયા, શા શા વિચારો તમારા મનમાં આવ્યા વગેરે બાબતો ઝીણવટભરી રીતે યાદ કરો. જેટલી ચોકસાઈથી તે કરશો તેટલું વધુ સારું (ડ) ટ્રેન અગર બસમાં પાસે બેઠેલા કોઈ માણસનો ચહેરો ધ્યાનપૂર્વક જોઈ ઘેર કોઈ મિત્ર આગળ તેનું વર્ણન કરો. અથવા દિવસ દરમ્યાન કોની સાથે તમે શી વાત કરી તે સાંજના એક કાગળ પર લખો. વાંચેલી કોઈ વસ્તુઓ, શ્લોકો તથા કવિતાઓને ફરી યાદ કરવાનો પ્રયત્ન કરો. આ ચાર પ્રકારની કસરતો કાળજીપૂર્વક રોજ થોડાંક અઠવાડિયાં સુધી કરશો તો તમારી સ્મરણશક્તિમાં ખૂબ મોટો ફેર પડશે અને નામ તથા ચહેરા યાદ કરવાની તમારી શક્તિ ખૂબ તેજ થશે.

સારી સ્મરણશક્તિ કેળવ્યા વગર કોઈ પણ મનુષ્ય સમાજમાં ઊંચે પદે પહોંચી શકતો નથી. જીવનની સફળતાનું એક અમોલું સાધન તીવ્ર સ્મરણશક્તિ છે. (કુમાર અંક ૨૮૮માંથી)

અથાણું

ગામડીઓ (ફોટોગ્રાફરને) - મારી સબી તૈયાર થઇ ?
ફોટોગ્રાફર - હા જી, આ રહી.
ગામડીઓ - (ફોટો સૂંઘીને) મેં તો અંતર ચોપડીને સબી પડાવીં'તી, ને આમાં ગંધ કાં ન આવે ?


*

એક સ્વયંસેવક ગરીબો માટે ફંડ ઉઘરાવતો હતો. એક પૈસાદાર પાસે જઈ તેણે કહ્યું, 'શેઠ, ઝોળીમાં કંઇક નાખો.'
પૈસાદાર- મારી પાસે કાંઇ છે નહિ, તો આપું શું ?
સ્વયંસેવક - તો પછી આ ઝોળીમાંથી થોડું લ્રઇ લો. એ ગરીબો માટે જ છે.

*

કોયલાનો વેપારી - દોડો દોડો મારા કોયલામાં આગ લાગી !
એક ઘરાક- તેં ગઇ કાલે મને જે માલ આપ્યો તેવો એ હોય તો ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી.
('કુમાર' અંક ૨૦માંથી)

૧. નીચે દર્શાવી છે તે બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકાએ ૧૫ સેન્ટની બહાર પાડેલી ટપાલ ટિકિટ એના પરના અંગ્રેજી લખાણમાંની શાંતિપ્રતિજ્ઞાથી આજે કેટલી બધી પ્રસ્તુત છે!



૨. જપાનની ત્રણ ટિકિટો : ૮૦ અને ૧૨૦ યેનની અહીં આપેલી બે ટપાલ ટિકિટો જપાને ૧૯૯૦ના ઑક્ટોબરની ૫મીએ આંતરરાષ્ટ્રિય પત્રલેખન સપ્તાહ નિમિત્તે પ્રકટ કરી હતી. ૧૯૫૭માં વિશ્વ ટપાલ પરિષદનું ૧૪મું અધિવેશન ભરાયું હતું ત્યારે વિશ્વશાંતિના પ્રચારાર્થે વિશ્વમાં લોકો આ ટિકિટોના ઉપયોગ દ્વારા શાંતિ અને સંસ્કૃતિનો વિનિમય સાધે એ એની પાછળની ઉદાત્ત ભાવના છે. ૧૯૫૮થી પ્રત્યેક વર્ષે આ પ્રકકારની ટપાલ ટિકિટો જપાન બહાર પાડે છે. મૂળ કિંમત ઉપરાંત જવાબી ટપાલખર્ચ મોકલવાથી આ ટિકિટોTokyo Central Post Office, Philetelic Section, C.P.O. Box 888, Tokyo 100-90, Japan' એ સરનામેથી પ્રાપ્ય થઈ શકે છે. આ ચતુરંગી ટિકિટ ૪૫x૩૩ mm કદની છે.

૧૦૦ યેનની ઊભી ટપાલટિકિટ જપાન ટિકિટોત્સવ ૧૯૯૧ નિમિત્તે બહાર પાડવામાં આવી છે. આ ઉત્સવમેળો ૬ નવેમ્બર ૧૯૯૧થી ૨૪ નવેમ્બર ૧૯૯૧ સુધી ટોકિઓમાં યુઓન્કુમાં હારુમી આંતરરાષ્ટ્રિય ઉદ્યોગ મેળા કેન્દ્ર દ્વારા યોજાશે. આ પ્રકારના મેળા ૧૯૭૧ અને ૧૯૮૧માં ભરાઈ ગયા હતા. આ એ પ્રકારનો ત્રીજો મેળો હશે. આ એક રીતે ટપાલ ટિકિટનો ઑલિમ્પિક ઉત્સવ છે, જેમાં વિશ્વભરના ટિકકિટસંગ્રાહકો પાસેથી અદ્‌ભુત ટિકિટ-નમૂનાઓ રજૂ થશે. આ ટિકિટ પર જમણી બાજુ ઊભેલો યુવાન ડાબે ઊભેલી લાંબા કેશવાળી સુંદરીને પત્ર આપી રહ્યો છે. એ સુંદરીની બાજુમાં એક કન્યા છે જેના હાથમાં ફૂલોથી છલકાતી ટોપલી છે. ષટ્‌રંગી આ ટિકિટનું કદ ૩૦x૪૨ mm નું છે. જપાની શૈલી રંગરેખાથી આ ટિકિટો કલાત્મક અને આકર્ષક બની છે. □








વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતાં લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર' નું વાર્ષિક લવાજમ હાલમાં રૂ. ૭૫-૦૦ પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા. કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્ર વ્યવહારનું સરનામું

કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧



હો રંગ ઊડે પિચકારીએ
કેસૂડે કામણ ઘોળ્યાં:
લ્યો લ્યો કેસૂડાં!
હો પાસેવાળાં પડી રહ્યાં
આધાને રંગે રોળ્યાં:
લ્યો લ્યો કેસૂડાં! -બાલમુકુન્દ દવે

પાલીતાણાનું સંગ્રહાલય


દેરાસરોના દેશ જેવું પાલીતાણા નગર અત્યંત પ્રાચીન નગર છે. તેના તળેટી વિસ્તારમાં ચોતરફ નજર ઘુમાવીએ તો એક તરફ શેત્રુંજા પર બિરાજમાન આદીશ્વર ભગવાન અને તળેટી-વિસ્તારમાં અત્રતત્ર સર્વત્ર બસ દહેરાસરો જ



શ્રી પાર્શ્વ-ધરણેન્દ્ર-પદ્માવતી (૫x૧૦ ઈંચનું એક જ હાથીદાંતમાંથી બનાવેલું શિલ્પ)

દાદુરની દુનિયા

૧. ચના ટાઈગ્રિના



કરોડસ્તંભવાળાં પ્રાણીઓને પૃષ્ઠવંશી કહે છે. પ્રાણીઓના આવા પૃષ્ઠવંશી સમુદાયમાં એક વર્ગ ઉભયજીવી છે. ઉભયજીવીનો અર્થ જ બે જગ્યાએ જીવનારાં. ઉભયજીવી પ્રાણી પાણીમાં અને જમીન ઉપર એમ બંને જગ્યાએ જીવે છે. દેડકો આવા ઉભયજીવી વર્ગના પ્રાણીઓનું વિશિષ્ટ પ્રતીક છે.

જીવની ઉત્પત્તિ પાણીમાંથી થઈ છે. ઉદ્વિકાસના ક્રમમાં પાણીમાંથી કદમ ઉઠાવીને જમીન પર મૂકવાનું માન દેડકા જેવા ઉભયજીવીઓને ફાળે જાય છે. નવું કદમ ઉઠાવવામાં સંઘર્ષ તો વેઠવો પડે જ. ઉભયજીવીઓનું જીવન પણ સંઘર્ષપૂર્ણ રહ્યું છે. જળજ (પાણીના) અને સ્થળજ (જમીનના) વાતાવરણને પહોંચી વળવા માટે દેડકાંઓને તેમની શરીરરચના અને જીવન જીવવાની પદ્ધતિમાં ફેરફારો કરવા પડ્યા છે. અહીં તેમની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ જોઈએ :

ચામડી ભીંગડારહિત અને ગ્રંથિયુકત હોઈ લીસી, ચીકણી અને ભીની હોય છે.

શરીરનો આકાર તરવા માટે અનુરૂપ છે.

આંગળીઓયુકત સાંધાવાળાં અગ્ર ઉપાંગ અને પશ્ચ ઉપાંગ હોય છે. અગ્રઉપાંગ પશ્ચઉપાંગ કરતાં ટૂંકાં હોય છે.

અગ્રઉપાંગ ચાર આંગળીઓ અને પશ્ચ ઉપાંગમાં પાંચ આંગળીઓ એ એમની વિશિષ્ટતા છે.

પ્રશ્ચ ઉપાંગની આંગળી ચામડીના પડદાથી જોડાએલી હોઈ હલેસા જેવું કાર્ય કરી પ્રાણીને તરવામાં મદદ કરે છે.

(અનુ. પૃ. ૧૩૫ ઉપર)

દહેરાસરો ! તળેટી રોડની તદ્દન સમીપે શ્રી વિશાલ જૈન કલા સંસ્થાનું બેઠા ઘાટનું વિશાળ સંગ્રહાલય આવેલું છે. મ્યુઝીયમના પ્રેરક માર્ગદર્શક છે જૈન સાધુ વિશાલસેનસૂરીશ્વરજી, (શ્રી વિરાટ) મહારાજસાહેબ. બાળપણથી જ કલાદૃષ્ટિ અને સૂઝ ધરાવતા આ જૈન સૂરિ હંમેશાં મનોમન વિચારતા: આપણી સંસ્કૃતિના કલાનમૂનાઓ આપણે એક જગા પર એકત્ર કરીએ તો કેવું ! આખરે કલાદૃષ્ટિ ધરાવતા કલારક્ષકોની પાસે એમણે વાત મૂકી અને પોતાના અથાક પ્રયત્નોથી વિશાળ મ્યુઝીઅમનું નિર્માણ થયું. વિશાળ ખંડો ધરાવતા આ મ્યુઝીઅમમાં પ્રાચીન કલાકૃતિઓનું, સ્થાપત્યોનું જતન થાય છે. સદીઓજૂની ખંડિત-અખંડિત પાષાણ-પ્રતિમાઓ, તોરણો, દ્વારપાલો, ગવાક્ષો, સ્તંભો, ઉંબરા, ટોડલા, પૂતળીઓ, જાળીઓ, શિલાલેખો, બારશાખો વગેરે નમૂનાઓ અહીં સંગૃહીત થયેલા છે.

આ કલાકૃતિઓ એટલે દેવદેવીઓ, પશુપંખી, વરઘોડો, સમવરણ, શ્રમણીઓ, ચૌદ રાજલોક, ચોવીશી ઋષિમંડળ, વર્ધમાન વિદ્યા, શિલાંગરથ, દીપકો, સ્વસ્તિકો, અષ્ટાપદ આદિ પટો, ભાતીગળ ડિઝાઈનો, બોર્ડરો, અષ્ટમંગળ વગેરે સંગ્રહાયેલા જૂના વિનયપત્રો, વિજ્ઞપ્તિપત્રો, પૂર્વાચાર્યોના હસ્તાક્ષરોમાં લખાયેલા કાગળપત્રો કે તાડપત્રો, પદકો, નકશાઓ, દસ્તાવેજો છે. આ કલાકૃતિઓ આપણી ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા અને ભવ્યતાનાં સંગીન પ્રમાણપત્રો છે.

આ સંગ્રહાલયમાં મેળવવામાં આવેલી શિલ્પ અને સ્થાપત્યની મૂલ્યવાન નમૂનાકૃતિઓ, ખોદકામ કરતા કે જૂના ભંડારોમાંથી મળી આવેલી છે. ક્યાંકથી સોના, ચાંદી, તાંબા, પીત્તળ વગેરે મૂલ્યવાન ધાતુનાં ઉપાસનાનાં કલાત્મક ઉપકરણો મળ્યાં છે, તો ક્યાંકથી હસ્તલિખિત પત્રો અને તાડપત્રો પણ મળ્યા છે.

આપણી પાસે ઘણી કલાસંસ્કૃતિ હતી અને છે; પણ આપણી પાસે કૃતિઓને સાચવવાની જગાનો અભાવ, સારસંભાળની બેદરકારી, પૈસાનો લોભ ને અન્ય કારણોસર આપણે મૂલ્યવાન કલાકૃતિઓ ખોઈ બેસીએ છીએ. કેટલીક અમૂલ્ય અનન્ય કલાકૃતિઓ પરદેશીઓના શોખને પોષવા આપણે નજીવી કિંમતે વેચી દઈએ છીએ. આજે દૂર દેશાવરના મ્યુઝીઅમોમાં અને ખાનગી ઘરોમાં અમૂલ્ય કૃતિઓ જઈ પડી છે, એ દુઃખદ વાસ્તવિકતા છે.

'જૈન કલા વિશાલ સંસ્થાન'માં અમૂલ્ય પાષાણકૃતિઓ ૫૦૦ વર્ષ પ્રાચીન મરોડદાર અક્ષરોમાં સોનાની શાહીથી લખાયેલું અનુપમ કલ્પસૂત્ર, પ્રાચીન લિપિમાં લખાયેલ સુવર્ણ ચિત્રમય બારસા સૂત્ર (૩૫૦ વર્ષ પ્રાચીન) અખંડ કાષ્ઠના શિલ્પના ઉત્કૃષ્ટ નમૂના જેવા દુર્લભ પાર્શ્વ પ્રતિમા (૫૧ ઈંચમાં), અતિ દુર્લભ સ્ટોન-વૉટરકલરમાં આલેખાયેલો શ્રી સિદ્ધાચલગિરિનો પટ, અદ્ભુત ને અજોડ કોતરણીવાળું સુખડનું દહેરાસર, માતૃત્વમાં પદ્માવતી દેવીનાં પ્રાચીન ચિત્રો, રત્ને જડેલું જરીના કસબનું પાંઠું, જે પ્રાચીન વ્યાખ્યાન પદ્ધતિનું ચમકતું પ્રમાણ છે. રત્નોની વિભિન્ન નવકારાવળીઓ જે મંત્રની દુનિયાનો રંગપ્રભાવ પ્રકટ કરે છે, માત્ર આભૂષણધારી પાષાણશિલ્પો, સમુદ્રની મોટીમોટી છીપોમાં કોતરાએલ શ્રી પાર્શ્વ ધરણ - પદ્માવતી મૂર્તિઓ, વિરાટ પુરુષ ત્રિલોક દર્શન (એક અતિ દુર્લભ કૃતિ), ૫x૧૦ ઈંચના વનપીસમાં હાથીદાંતનું અદ્ભુત શિલ્પ શ્રી પાર્શ્વ - ધરણ - પદ્માવતી, ૫x૧૦ ઈંચના વનપીસમાં હાથી દાંતના સપરિકર શ્રી આદિનાથ ભગવાન, તાડપત્ર પર કોતરેલું ૧૦૦૦ વર્ષ જૂનું કન્નડ લિપિમાં સંસ્કૃત ભાષામાં શ્રીતત્વાર્થ સૂત્ર, ભગવાન મહાવીર પ્રભુનું ચ્યવન તથા પાવાપુરીમાં નિર્માણ આદિ પટો, ૮x૧૦ ઈંચની હાથીદાંતની સ્લાઈડ પર કોતરેલું આખું બારસા સૂત્ર, બૃહત્ સંગ્રહણી સં. ૧૭૬૭માં લખાએલ નિરાળી લેખપદ્ધતિ, તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિશાલરાજસૂરિ પ્રસાદે જિન-જયગણી અર્થે જિનસૂરગણિએ સં. ૧૪૦૯માં લખેલ સાવસૂરિશ્રી દશવૈકાલિક સૂત્ર, જે અજોડ ખૂબીઓથી ભરેલું છે. આ ઉપરાંત અનેક કાષ્ટ શિલ્પકૃતિઓ અનન્ય અને નયનરમ્ય છે.

કલાસંસ્કૃતિને માટે સરકારી મ્યુઝીઅમો ઉપરાંત આવી સ્વાયત્ત સંસ્થાઓનું પ્રદાન અનેરું ગણાવી શકાય. મ્યુઝીઅમોનું રક્ષણ, જતન તથા સતત સંવર્ધનની પ્રવૃત્તિઓ કઠિન છે છતાં લોકસહકાર, કલાદૃષ્ટિ ધરાવતા કલાવિદો, દાતાઓ દ્વારા જ મ્યુઝીઅમો સચવાય છે.

મ્યુઝીઅમો સંસ્કૃતિના રક્ષકો સમાં છે, આપણા ભવ્ય ભૂતકાળનાં પ્રમાણપત્રો સમાં છે, આપણી ભાવિ પેઢી માટે ભૂતકાળના ઈતિહાસ સમાં છે.

આ કલાસંસ્થાના પ્રેરક માર્ગદર્શક શ્રી વિશાલસેનસૂરીશ્વરજી મહારાજ સાહેબ ભારતના ખૂણે ખૂણે ફરી અનન્ય કૃતિઓ આ સંગ્રહાલય માટે મેળવી છે. પંન્યાસ પ્રવર શ્રી રાજશેખર વિજયજી ગણિવર્ય પણ સતત આ મ્યુઝીઅમની કલાકૃતિઓના જતન માટે રચ્યાપચ્યા રહે છે.

-લલિતકુમાર પ્ર. ગજ્જર

સપરિકર શ્રી આદિનાથ (૫x૧૦ ઈંચનું એક જ હાથીદાંતમાંથી બનાવેલું શિલ્પ)



બલરામ પાઠકની વિદાય



એક વખતના જાણીતા સિતારવાદક બલરામ પાઠકનું તાજેતરમાં જ હૃદયરોગના હુમલાથી અવસાન થયું. ૧૯૨૬માં ગયા જિલ્લાના ઈસરપુર ગામમાં એમનો જન્મ થએલો. એમના પૂર્વજમાં ગોપાલ નાયક સંગીતકાર થઈ ગયા. તેમના સંસ્કારો પંડિત બલરામ પાઠકમાં વિકસ્યા હતા. એમના એક કાકા રામેશ્વર પાઠક પણ અચ્છા સિતારવાદક હતા અને પિતા રામગોપાલ પાઠક પણ સિતારના જ્ઞાતા હતા. આમ, એઓ પાઠક ઘરાનાના ફરજંદ હતા. એમના પિતાએ એમને સંગીતની તાલીમ આપેલી અને ત્રીશીના અંત ભાગે પંડિત બલરામ પાઠકે સંગીતની દુનિયામાં નામ કાઢેલું. કલકત્તામાં ત્યારે સંગીતના એક જલસામાં એમણે પોતાની કલાનું હીર બતાવેલું. કાસીમ બજારના રાજાએ એમને રાજગવૈયા તરીકે નિયુક્ત કર્યા હતા અને એ રાજવીનાં પુત્રી દેવીકાદેવી એમનાં શિષ્યા બન્યાં હતાં. વળી, જ્યોતિ તિવારી, સીમા કિરણ જેવાં બીજાં ભારતીય શિષ્યો ઉપરાંત જપાનના ખોજી હોરીના ઉચી પણ એમના શિષ્યમંડળમાં હતા. એમના સુપુત્ર અશોક પાઠકે પણ પિતા પાસેથી સંગીતનો અણમોલ વારસો પ્રાપ્ત કર્યો છે. આજે જ્યારે અનેક સિતારવાદકો એક યા બીજી રીતે સિતારના વિશ્વવિખ્યાત કલાકારો પંડિત રવિશંકર અને વિલાયતખાનની અસર નીચે આવ્યા હોય છે ત્યારે પંડિત બલરામ પાઠકે એક આગવી

(અનુ. પૃ. ૧૩૧ પર)

અનુસંધાન] દાદુર [પૃ. ૧૩૩ પરથી

પશ્ચ ઉપાંગ લાંબાં હોવાને લીધે દેડકો કૂદતો કૂદતો ચાલે છે.

દેડકામાં એંશી ટકા શ્વસન ચામડી દ્વારા થતું હોવાથી, ચામડી સતત ભીની રહેવી જરૂરી છે. તેથી જ દેડકો પાણીની નજીક રહેવાનું પસંદ કરે છે. આથી તે વારંવાર પાણીમાં પડી ચામડી ભીની રાખે છે.

પ્રજનન અને ગર્ભવિકાસ પાણીમાં થાય છે.

ગર્ભવિકાસ દરમિયાન ડિમ્ભ ઉત્પન થાય છે. ડિમ્ભાવસ્થામાં માછલી જેમ ઝાલર એટલે કે ચૂઈ દ્વારા શ્વસન કરે છે.

ડિમ્ભાવસ્થામાં માછલીની જેમ મીનપક્ષની મદદથી તરે છે.

આ રીતે દેડકો જલીય અને જમીનના વાતાવરણને અનુકૂળ થઈ જીવે છે.

દુનિયામાં દેડકાંઓની ઘણી જાતો જોવા મળી છે. આ શ્રેણીમાં પ્રથમ આપણે ભારતીય દેડકાનો પરિચય કરીએ.

દેડકાની બીજી જાતોની જેમ ભારતનો દેડકો પણ પાણીમાં કે પાણીની નજક રહે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પોતાના જલીય નિવાસથી તે દૂર પણ જાય છે. તે મુખ્યત્વે ચામડી દ્વારા શ્વસન કરતો હોઈ વારંવાર પાણીમાં પડી ચામડી ભીની રાખવા માટે પાણીની નજીક રહે છે.

દેડકો જીવંત ખોરાક ખાવાનું પસંદ કરે છે. તેના ખોરાકમાં વંદા કિટકો, કરોળિયા, ગોકળકાય, ડિમ્ભ અને પોતાની જાતનાં નાનાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. તેમનો મુખ્ય દુશ્મન છે માણસજાત, જે બહોળા પ્રમાણમાં પ્રયોગશાળામાં તેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત સાપ, સમડી, કાગડા, કેટલીક માછલીઓ, ઉંદર, બગલાં વગેરે મુખ્ય દુશ્મનો છે. તેઓ વાતાવરણને અનુરૂપ રંગ બદલવાની શક્તિ ધરાવે છે. રંગો બદલી પોતાનું રક્ષણ કરે છે. તેના રંગો ઘેરાલીલા, ભૂખરા કે કથ્થઈ હોય છે. તેની ચામડી ઉપર ઘેરા રંગનાં મોટાં ટપકાં અને પટ્ટા જોવા મળે છે. દેડકાં શીતરુધિર પ્રાણીઓ છે. (જે પ્રાણીઓના શરીરનું તાપમાન વાતાવરણના તાપમાનની સાથે ઊંચું કે નીચું જાય તેવા પ્રાણીઓને શીતરુધિર પ્રાણીઓ કહે છે) તેથી ખૂબ ઠંડીમાં અને ખૂબ ગરમીમાં આ પ્રાણીઓ જમીનમાં ઊંડે ઊંડે દટાઈ જઈ ઠંડી-ગરમી સામે રક્ષણ મેળવે છે. શિયાળામાં જમીનમાં રહેવાની પધ્ધતિને શીતનિદ્રા અને ઉનાળામાં જમીનમાં રહેવાની પધ્ધતિને ગ્રીષ્મનિદ્રા કહે છે. શીતનિદ્રા અને ગ્રીષ્મનિદ્રા દરમિયાન પોતાના શરીરમાં રહેલ અનામત ખોરાકનો જથ્થો અને મેદકાયનો ઉપયોગ કરી પોષણ મેળવે છે. ચોમાસુ આ પ્રાણીઓની પ્રજનનઋતુ છે. નર પ્રાણીઓમાં એક વિશિષ્ટતા છે. આ પ્રાણીઓમાં ગરદન તો હોતી નથી. પરંતુ જ્યાં શીર્ષ અને ધડ ભેગાં થાય છે ત્યાં શીર્ષની નીચે સ્વરકોથળીની મદદથી ડ્રાઊં, ડ્રાઊં, ડ્રાઊં...... અવાજ કાઢી સમૂહગાન દ્વારા માદાને પ્રજનન માટે આકર્ષે છે. દેડકી પાણીમાં ઈંડાં મૂકે છે. અને ફલન પાણીમાં જ થાય છે. દેડકાં પોતાના જેવાં બચ્ચાંને જન્મ આપતાં નથી. પરંતુ પાણીમાં થતા ગર્ભવિકાસ દરમિયાન નાના નાના ડિમ્ભ ઉત્પન્ન થાય છે. ડિમ્ભ જુદી જુદી અવસ્થા-ઓમાંથી પસાર થઈ પુખ્ત દેડકામાં પરિણમે છે. આ ઘટનાને રૂપાંતરણ કહે છે. આ રીતે દેડકાઓમાં રૂપાંતર-ણની એક વિશિષ્ટ ઘટના પણ જોવામાં આવે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

(નીચે : સંપૂર્ણ કૂદકો લગાવતાં પૂર્વે દેડકાની વિવિધ અવસ્થાઓ)



બુરા જો દેખન મૈં ચલા બુરા ન મિલિયા કોય,
જો દેખૂં દિલ આપના મૂજસા બુરા ન હોય.
—કબીર—

યુધ્દ અને તેને માટેની તૈયારીઓ ધૃણાસ્પદ અને ત્રાસદાયક છે. એક વાર વિશ્વના એક મહાન લેખક ચીન ગયા હતા. ત્યાંની જગપ્રસિધ્દ દીવાલ જોવાની તેમની ઇચ્છા હતી. આથી તેમને એક ખાસ વિમાનમાં બેસાડી ઉડાડવામાં આવ્યા. પરંતુ વિમાનમાંથી નીચે એમણે કવાયત કરતા લશ્કરને જોયું. આ દ્દશ્યથી એમને એટલી બધી નફરત થઈ કે તેમણે પાયલોટને વિમાન પાછું હંકારી જવાની સૂચના આપી અને દીવાલ જોવાનું માંડી વાળ્યું. આ લેખક તે આ સદીના પ્રસિધ્દ નાટ્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉ.

¤

તમે જાણો છો કે દુનિયામાં સૌથી વધુ ઝડપે બોલાતી ભાષા ફ્રેન્ચ છે?

¤

આજે ખાવાની વાનગી તરીકે ખૂબ પ્રચારમાં આવેલો શબ્દ સેન્ડવિચ કઈ રીતે પ્રચલિત થયો છે તે તમે જાણો છો? સેન્ડવિચ નામનો એક અઠંગ દ્યૂતકાર હતો. તે આખો દિવસ દ્યૂત રમવામાં એટલો બધો રત રહેતો કે ખાવાનું પણ ભૂલી જતો! આથી તેના માણસો તેને પોષણ મળી રહે તે માટે પાંઉના બે ટુકડા વચ્ચે માંસાદિ ભરીને દ્યૂત દરમિયાન ખાવા આપતા. આ રીતે પાંઉના બે ટુકડા વચ્ચે માંસ ઉપરાંત પછીથી ચટણી, શાકભાજી, ચીઝ, આલુમટર વગેરે ભરીને સેન્ડવિચની વાનગીનો વિસ્તાર થયો.

¤

દેડકો તેની લંબાઈ કરતાં ૩૫૦ ગણો લાંબો કૂદકો મારી શકે છે.

¤

ઉનાળામાં માથે ધોળી ટોપી કે ધોળી પાઘડી કે ધોળું ફાળિયું કે ધોળો રૂમાલ બાંધવો તે વૈજ્ઞાનિક છે, કારણ કે તેથી સૂર્યનાં કિરણો પરાવર્તિત થાય છે અને માથા પર ઓછી ગરમી લાગે છે.

¤

જોડણીભેદે અર્થભેદ

પાણી - જળ; પાણિ - હાથ

¤

લીંબુ અને આદુનો રસ મેળવીને માથામાં લગાડવાથી જૂનો નાશ થાય છે. દહીં સાથે ડુંગળીનો રસ મેળવીને માથામાં લગાડવાથી પણ જૂ નાશ પામે છે.

¤

મિઠાઈ કે ખાંડમાં કીડીઓ ચડી ગઈ હોય તો તેના પાત્રમાં થોડા કપૂરની પડીકી મૂકી રાખવાથી કીડીઓ આપોઆપ નીકળી જશે.

¤

લસણ-ડુંગળી ખાધા પછી મોંમાંથી તેની વાસ આવે છે તેને દૂર કરવા થોડો ગોળ ખાવો.

¤

લગ્ન માટેના વિચિત્ર પોષાકની આ વાત છે. આજથી ૮૫-૯૦ વર્ષ પહેલાં અમેરિકાના એક નગરમાં એક વધૂએ લગ્ન માટેનો ગાઉન ટપાલ ટિકિટોથી શણગાર્યો હતો. આમાં દુનિયાના લગભગ બધા જ દેશોની ટિકિટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેને ગાઉન પર શણગારવામાં મહિનાઓ લાગ્યા હતા. ગાઉનની વચ્ચે ટિકિટોથી બાજપક્ષીની આકૃતિ અને તેની ફરતે નીલા રંગની ટિકિટોથી ગ્લોબ બનાવાયો.

ગણીતગમ્મત

કોઈપણ બે આંકડાની રકમ લો અને તેને ઉલટાવીને જે રકમ આવે તેને મૂળ રકમમાંથી બાદ કરો. હવે જે બાદબાકી આવશે તેને ૯ વડે નિઃશેષ ભાગી શકાશે. જેમકે -

૭૫ - ૫૭ = ૧૮ ને ૯ વડે ભાગો

૬૨ - ૨૬ = ૩૬ ને ૯ વડે ભાગો

- મનુભાઈ દેસાઈ

¤

ઈરાકના પાટનગર બગદાદના એક ખલીફાનો એક મુખ્ય વજીર હતો ઈબ્ન મોકલાહ. એનો જમણો હાથ કોઈ કારણસર કાપી નાખવો પડેલો. પરન્તુ આથી નાસીપાસ ન થતાં તેણે તે હાથના કાંડા પાસે કલમ ભેરવીને લખવાનું શરૂ કર્યું, અને સમય જતાં તે સૌથી પારંગત લહિયો બન્યો હતો.

¤

હરક્યૂલસ મોથ નામનું એક ફૂદું તેની બંને પાંખો પહોળી કરતાં ૧૪ ઈંચ લાંબું થાય છે. ૧૪ જ દિવસની તેની આવરદામાં એ કંઈ પણ ખાતુંપીતું નથી.

¤

'કેમ, પછી તમે મેં લખી આપેલા નુસખાને અનુસર્યા કે નહિ?' ડૉક્ટરે કહ્યું.

'ના રે, એને અનુસરીએ તો તો મારી ગરદન ભાંગી જાત.' દરદીએ ગંભીરતાથી ઉત્તર વાળ્યો.

'કેમ, ગરદન ભાંગી જાત એટલે?'

'કેમ કે મકાનના ઉપલા માળે મારું ઘર છે. ત્યાંની બારીમાંથી તમે લખી આપેલા નુસખાવાળો કાગળ પવનમાં બહાર ઊડી ગયો હતો.'

¤



કલાકણિકા

ઈ.સ.પૂ. પાંચમી સદીનું એક સુવર્ણ કંકણ, જેના બે છેડે ગ્રિફિન રાક્ષસ એટલે કે સિંહના શરીર પર ગરુડનું માથું અને પાંખો કલ્પવામાં આવી છે તેનું સુશોભન કરવામાં આવ્યું છે.